વર્ષ : 8 ◆ અંક : 1
જાન્યુઆરી-ફેબ્રુઆરી 2018
સળંગ અંક : 43

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે



સ્વ. નિરંજન ભગત



સ્વ. અનિલભાઈ પટેલ





'શ્રી માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ' એનાયત સમારોહ પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો.



મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ
ઉદ્‌બોધન કરી રહ્યા છે.



મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ
મહાનુભાવોનો પરિચય કરાવી રહ્યા છે.



શ્રી વિષ્ણુભાઈ પી. પટેલ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી રહ્યા છે.



પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી રહ્યા છે.



ડાયરેકટરશ્રી પ્રો. ડી. ટી. કાપડિયા સ્વાગત પ્રવચન કરી રહ્યા છે.



કુલસચિવ શ્રી એસ. કે. મંત્રાલા આભારવિધિ કરી રહ્યા છે.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૮, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૮; સળંગ અંક : ૪૩

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : સ્વ. નિરંજન ભગત  
  મણિભાઈ પ્રજાપતિ ૧
- શ્રદ્ધાંજલિ : સ્વ. અનિલભાઈ પટેલ ૫
- પ્રાસંગિક
  - શ્રી માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ એનાયત સમારોહ ૧૦
  - ડૉ. સોમાભાઈ પટેલ 'સારસ્વત અવૉર્ડ'થી વિભૂષિત ૧૨
  - પ્રિ. ડૉ. ગાર્ગી રાજપરા, કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં Director/I/C તરીકે નિયુક્ત ૧૩

૧. તાવ સે અકખર ઘોલિઅઈ, જાવ ણિરકખર હોઈ : એક અનુબંધમીમાંસા   સિતાંશુ યશશ્ચંદ્ર ૧૪

૨. ભારતનો અંધકારયુગ   વિઠ્ઠલભાઈ અં. પટેલ ૨૬

૩. ગ્રંથસૌરભ
- 'રચનાને રસ્તે : ૧૦૧ કાવ્ય-આસ્વાદો'/ રાધેશ્યામ શર્મા ૩૪
- આપણી મોંઘેરી ધરોહર : શ્રી પ્ર. ચુ. વૈદ્યનું જીવનચરિત્ર / અરુણ એમ. વૈદ્ય ૩૫

૪. સંસ્થા સમાચાર
- યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૩૯
- શાળા વિભાગ ૪૩


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### સ્વ. નિરંજન ભગત

ગુજરાતમાં અંગ્રેજી ભાષા-સાહિત્યના મૂઠી ઊંચેરા પ્રતિભાસંપન્ન અધ્યાપકો સર્વશ્રી પ્રો. ફિરોજ દાવર અને પ્રિ. એસ. આર. ભટ્ટ (સંતપ્રસાદ ભટ્ટ)ની દેદીપ્યમાન પરંપરાના પ્રો. નિરંજન ભગતસાહેબનું તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ પ્રાયઃ ૯૨ વર્ષની જૈફવયે અવસાન થતાં સાહિત્યજગતે અને સવિશેષત : ગુજરાતી ભાષા-સાહિત્યે એક પ્રતિભાપુરુષ ગુમાવ્યો. તેઓશ્રી અંગ્રેજીના વિદ્વાન પ્રોફેસર હોવા ઉપરાંત ગુજરાતીના બહુશ્રુત અને વિદગ્ધ કવિ અને વિવેચક તેમજ પ્રભાવક વક્તા તરીકે પણ તેટલા જ ખ્યાતિપ્રાપ્ત હતા. તેમને સાંભળવા એ જિંદગીનો એક લહાવો બની રહેતો. તેઓશ્રી ફ્રેન્ચ, અમેરિકન અને બંગાળી ભાષા-સાહિત્યના પણ ઊંડા અભ્યાસી અને જ્ઞાતા હતા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ તથા સર્વ વિદ્યાલયના બૃહદ પરિવારની સદ્‌ગતના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પે તેવી આર્ત સ્વરે પ્રાર્થના અને ભાવભરી શ્રદ્ધાંજલિ.

*

ભગતસાહેબની સર્જનપ્રક્રિયા રજૂ કરતા તેમના કેટલાક લેખો ઉદા. તરીકે 'પંખી ના જાણે', 'મારી સર્જન પ્રક્રિયા : ત્રણ અધ્યાય' અને 'સ્વાધ્યાયલોક'માં સંગૃહીત ઘણા-બધા લેખોના માધ્યમથી તેમના જીવન અને વ્યકિતત્વ વિશે ઘણી માહિતી સુલભ થાય છે. તદ્દનુસાર તેમનો જન્મ વૈષ્ણવ પરિવારમાં મોસાળ ખાડિયામાં લાખા પટેલની પોળ, અમદાવાદમાં તા. ૧૮ મે, ૧૯૨૬ના રોજ થયો હતો. પિતાનું નામ નરહરિલાલ

અને માતાનું નામ મેનાબહેન. બાપદાદાનું ઘર અમદાવાદ - કાળુપુરમાં દોશીવાડાની પોળમાં સાચોરાના ખાંચામાં. પોતાની અટક 'ભગત' વિશે નોંધે છે કે 'પિતામહ હરિલાલ મધ્યમવર્ગના તજ-લવિંગના વેપારી, એથી કુટુંબની અસલ અટક ગાંધી હતી. પણ હરિલાલ ઉત્તરજીવનમાં મગન ભગતની ભજનમંડળીમાં સક્રિય એથી સૌએ એમને 'ભગત'નું લાડકું નામ આપ્યું હતું. ત્યારથી એમની અટક ભગત અને પછીથી વંશજોને એ અટકનો વારસો. [ભગત અટક છતાં] ઘરમાં પૂજાપાઠ કરતો નથી. મંદિરમાં જતો નથી. ભગવાન સાથેનો સંબંધ ખાનગીમાં વિચારરૂપે કે જાહેરમાં વાણી અને વર્તનરૂપે વ્યક્ત કરતો નથી. એકાંતમાં મારી જાત પાસે કે બહાર કોઈની પાસે હું કદી અકારણ ઈશ્વરનું નામ ઉચ્ચારતો નથી.' તેમણે ધોરણ ૪ સુધી કાળુપુર મ્યુનિસિપલ શાળા નં-૧ અને ત્યારબાદ માધ્યમિક શિક્ષણનાં બે વરસ પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ અને તે પછી મૅટ્રિક સુધી નવચેતન હાઈસ્કૂલમાં શિક્ષણ લીધું હતું. કૉલેજનાં પ્રથમ બે વર્ષ એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં અને બાકીનાં બે વર્ષ એલ્ફિન્સ્ટન કૉલેજ, મુંબઈમાં અભ્યાસ કરી ૧૯૪૮ માં બી.એ. થયા. એમ.એ.નો અભ્યાસ એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં કર્યો. અહીં તેમને પ્રો. સંતપ્રસાદ ભટ્ટ ગુરુ તરીકે મળતાં તેમની સાથે શિષ્ય અને પિતાતુલ્ય સંબંધ આજીવન જળવાઈ રહ્યો હતો. તેમણે નોંધ્યું છે કે 'મારા જીવનમાં અન્ય કોઈ વ્યક્તિનું ન હતું એવું એમનું અનોખું, અનેરું સ્થાન હતું... મારી સાહિત્ય વિશે જે કંઈ સજ્જતા હતી તે વધુ સજીવ થાય, મારી જે કંઈ સર્જકતા હતી તે વધુ સતેજ થાય એવી એમની પ્રેરણા હતી'. વધુમાં, આ સંદર્ભે એક ખાસ નોંધપાત્ર બાબત એ કે ગુજરાતી ભાષાનું મહામૂલું ઘરેણું એવું એસ. આર. ભટ્ટસાહેબ કૃત 'શેકસ્પિયર' નું ગણેશકાર્ય ભગતસાહેબે કર્યું હતું. તેમણે અધ્યાપકીય કારકિર્દીની શરૂઆત ૧૯૫૦ માં એલ. ડી. આર્ટ્સ કૉલેજમાંથી કરી અને છેલ્લે અમદાવાદની સેંટ ઝેવિયર્સ કૉલેજમાંથી અંગ્રેજીના પ્રોફેસર અને અધ્યક્ષપદેથી વયમર્યાદાના કારણે૧૯૮૬માં સેવાનિવૃત્ત થયા હતા. નિવૃત્તિ બાદ અગ્રણી સાહિત્યકારોની વિનંતીને માન આપીને તેમણે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પ્રમુખ તરીકેની ધુરા ૧૯૯૭-૯૯ દરમિયાન સંભાળી હતી.

ભગતસાહેબની બહુશ્રુત પ્રતિભાની પ્રતીતિ કરાવતા તેમના ગ્રંથો પૈકી કવિતા : 'છંદોલય' (૧૯૪૯), 'કિન્નરી' (૧૯૫૦), 'અલ્પવિરામ' (૧૯૫૪), 'છંદોલય' (સંકલિત, ૧૯૫૭) '૩૩ કાવ્યો' (૧૯૫૯), 'છંદોલય' (સમગ્ર, ૧૯૭૪), 'પુનશ્ચ' (૨૦૦૭) અને '૮૬મે' (૨૦૧૨); વિવેચન : 'યંત્રવિજ્ઞાન અને મંત્રકવિતા' (૧૯૭૫) અને 'સ્વાધ્યાયલોક' - ૮ ખંડો (૧૯૯૭); અનુવાદ : અંગ્રેજી : 'સ્વપ્નવાસવદત્તા' (૧૯૬૨), ગુજરાતી : 'ચિત્રાંગદા' (૧૯૬૫), 'યોબ' (૧૯૮૧) અને 'અષ્ટપદી' (૧૯૯૪) તથા અન્યો સાથે 'એકોત્તરશતી' (૧૯૬૩) અને 'ઓડનનાં કાવ્યો' (૧૯૭૬); સંપાદન : અન્યોના સહયોગમાં 'બ. ક. ઠાકોર અધ્યયન ગ્રંથ' (૧૯૬૯), 'મડિયાનું મનોરાજ્ય' (૧૯૭૦), 'રાજેન્દ્ર શાહ અધ્યયન ગ્રંથ' (૧૯૮૩), 'શ્રેષ્ઠ ઉમાશંકર' (૨૦૦૫) 'શ્રેષ્ઠ ન્હાનાલાલ' (૨૦૦૯) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. અહીં ઉલ્લેખ કરવો રહ્યો કે સ્વતંત્ર પુસ્તક / પરિચય પુસ્તિકા સ્વરૂપે પ્રગટ થયેલા ૯ વિવેચન ગ્રંથો 'આધુનિક કવિતા', 'કવિતા કાનથી વાંચો', 'વિક્ટર હ્યુગો', 'ટી. એસ. એલિયટ' વગેરે 'સ્વાધ્યાયલોક'માં સમાવિષ્ટ છે. આ ઉપરાંત તેમણે 'ગ્રંથ' અને 'સાહિત્ય' સામયિકોનું થોડાક સમય માટે સંપાદન પણ કર્યું હતું. તેમનાં કાવ્યોનો અંગ્રેજી અનુવાદ શૈલેષ પારેખ દ્વારા 'Niranjan Bhagat in English : Sixty Six Poems' (2004) શીર્ષક હેઠળ કરવામાં આવેલ છે, જે ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત છે. સાહિત્યક્ષેત્રે પ્રદાન માટે તેઓશ્રી 'કુમારચંદ્રક' (૧૯૪૯), 'નર્મદચંદ્રક' (૧૯૫૭), 'રણજિતરામ સુવર્ણચંદ્રક' (૧૯૬૯), 'મૂર્ધન્ય સાહિત્યકાર' (૧૯૯૪), સાહિત્ય અકાદમી પુરસ્કાર (નવી દિલ્હી), 'નરસિંહ મહેતા અવૉર્ડ' (૨૦૦૦) 'કાવ્યમુદ્રા અવૉર્ડ' (૨૦૧૪) વગેરેથી અલંકૃત છે.

સર્જનયાત્રાનો પ્રારંભ ૧૫ વર્ષની વયે તેમણે ૧૯૪૧માં રવીન્દ્રનાથ ટાગોરના અવસાન બાદ અંગ્રેજી 'ગીતાંજલિ'નું વાચન કરીને એકાદ વર્ષમાં અંગ્રેજીમાં ૧૦૦ ગદ્ય કાવ્યો તથા આ દરમિયાન આત્મસ્ફુરણાથી બંગાળી શીખીને ટાગોરનાં કાવ્યોનું પઠન કર્યું તથા બંગાળીમાં એકાદ - બે કાવ્યોની રચનાથી દ્વારા કર્યો હતો. પરંતુ, 'પરભાષામાં કદાચ બીજું બધું રચી શકાય પણ કાવ્યો તો ન જ રચી શકાય' એ આત્મસૂઝથી તેમ જ તેવું વાંચવામાં આવતાં માતૃભાષા ગુજરાતીમાં કવિતા રચવા પ્રેરાયા હતા. તેમનું પ્રથમ પ્રસિદ્ધ કાવ્ય 'જાગૃતિ' સૉનેટ કે જે ૧૯૪૫ના 'કુમાર'માં પ્રસિદ્ધ થયું હતું. આ

સાથે તેમણે 'સોણલું' ગીત પણ રચ્યું હતું. જોકે આ પૂર્વે ૧૯૪૩ના ડિસેમ્બરમાં 'મારી પાંપણના પલકારે' ગીતની રચના કરી હતી, જે પાછળથી ૧૯૪૭ના 'સંસ્કૃતિ'માં પ્રસિદ્ધ થયું હતું. આ સાથે નોંધવું રહ્યું કે ૧૯૪૩ પૂર્વે રચેલ ગુજરાતી કાવ્યો પૈકી પાંચ કાવ્યોના અંગ્રેજી અનુવાદ પૈકીનો એક બેંગ્લોરથી પ્રગટ થતા અંગ્રેજી ત્રૈમાસિક 'Triveni'ના ૧૯૪૪ ના માર્ચ માસના અંકમાં પ્રગટ થયો હતો.

પ્રથમ કાવ્યસંગ્રહ 'છંદોલય' (૧૯૪૯) પ્રગટ થતાંની સાથે જ તેમણે પોતાની આગવી કવિપ્રતિભાની ઓળખ પ્રસ્થાપિત કરી હતી. તેમની કવિતામાં વિવિધ છંદોનો કુશળતાપૂર્વક પ્રયોગ અને લયનું પ્રાધાન્ય સ્વતઃ ઊપસી આવે છે. 'છંદોલય'ની કાવ્યસમૃદ્ધિથી પ્રભાવિત થતાં સુરેશ દલાલ તેને 'ગુજરાતી કવિતાના બાઈબલ' તરીકે નવાજે છે. તેમની કવિતાનું ઉત્તુંગ શિખર એટલે 'પ્રવાલદ્વીપ' કાવ્ય-ગુચ્છ કે જેમાં તેમણે મહાનગર મુંબઈના માધ્યમથી આધુનિક ઔદ્યોગિક નગરસંસ્કૃતિથી નિષ્પન્ન થતી વ્યથાને કટાક્ષ અને વક્રોકિત પ્રયોજીને અને સ્થળ, સમય અને વિવિધ પાત્રો ઉદા. તરીકે ભિખારી, વેશ્યા, આંધળો, ફેરિયો, પતિઓ વગેરેના માધ્યમથી સુપેરે વાચા આપી છે. ઉદા. તરીકે : 'આ હાથ જે સામે ધર્યો / એ હાથને ઘડનારનો પણ હાથ / એના જેટલો લાચાર ને પામર ઠર્યો', 'દેહ છે દેખાવડો ? એ તો ઉપરની છે સુગંધો / લાગણી ? લટકાં કહો, ને ચાલશે કહેશો અગર / જો માત્ર ધંધો', વગેરે. સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો તેમણે અંદાજિત ૩૦૦ કાવ્યોની રચના કરી છે, પરંતુ આ કાવ્યો કાવ્યતત્વ અને વિચાર સમૃદ્ધિથી છલોછલ છે અને તેથી જ ગુજરાતી અનુગાંધીયુગીન કવિતાના એક પ્રમુખ સ્વર તરીકે ઊભરી આવ્યા, પરિણામે આ યુગ 'રાજેન્દ્ર-નિરંજન યુગ' તરીકે ઓળખાયો. મરાઠી કવિ મિત્ર મંગેશ પાડગાંવકરના એક સાહજિક પ્રશ્નના ઉત્તરમાં ભગતસાહેબે પોતાની કવિતાનું મૂલ્યાંકન કરતાં 'કોઈ ધીરોદાત્ત નાયકના ગર્વિષ્ઠ હાસ્ય સાથે કહ્યું હતું કે, કોઈ યાદ કરે કે ન કરે એ તો ઠીક, પણ મેં જ્યારે કાવ્યો કર્યાં છે ત્યારે એવાં કાવ્યો કર્યાં છે કે હજુ એને વાંચનારા પણ જન્મ્યા નથી, એ તો હજુ સોએક વર્ષ પછી જન્મશે' તેમનાં ગીતો / કાવ્યો પૈકી 'કાળની કેડીએ ઘડીક સંગ', 'હું તો બસ ફરવા આવ્યો છું', 'હરિવર મુજને હરી ગયો', 'રે આજ અષાઢ આયો', 'ગાયત્રી' 'પારેવાં', 'મોર', 'કરોળિયો' વગેરે વિશેષ પ્રસિદ્ધિ પામ્યાં છે.

'સ્વાધ્યાયલોક'માં સમાવિષ્ટ ૧૯૮ લેખો મુખ્યતઃ કવિતા, ગુજરાતી સાહિત્ય : મધ્યકાળથી સામ્પ્રતયુગ, અંગ્રેજી, યુરોપીય અને અમેરિકન સાહિત્ય સંબંધી છે. આ પૈકી ૫૯ લેખો પાશ્ચાત્ય સાહિત્યના સર્જકો અને તેમની કૃતિઓ કે સમગ્ર સાહિત્યનું આકલન રજૂ કરતા ઉદા. તરીકે અમેરિકન સાહિત્ય, અંગ્રેજી સાહિત્ય, આજની અંગ્રેજી કવિતા, ફ્રેંચ કવિતા, સ્પેનિશ કવિતા વગેરે અને મોટા ભાગના લેખો સર્જકો અને તેમની કૃતિઓ વિશે છે, ઉદા. તરીકે અંગ્રેજી કવિઓ / સર્જકો મિલ્ટન, વર્ડ્ઝવર્થ, ટેનિસન, યેટ્સ, ઑડન, ટી.એસ. એલિયેટ, સી.પી. સ્નો, શેક્સ્પિયર, ગ્રીક કવયિત્રી સાફો અને કવિ વર્જિલ, ફ્રેન્ચ સર્જક વિક્ટર હ્યુગો, ઇટાલિયન કવિ સાલ્વાતોરે કવાસીમોદો અને યુજેનિઓ મોન્તાલે, સ્પેનિશ કવિ વાન રામોં થીમેનેઝની, અમેરિકન સર્જકો વ્હીટમેન, રોબર્ટ ફ્રોસ્ટ વગેરે તથા ભારતીય અંગ્રેજી સર્જકો તરુદત્ત, સરોજિની નાયડુ વગેરે. અહીં આ બધા સર્જકોનાં અંગત - જાહેરજીવન અને સર્જકપ્રતિભાનો તેમની રચનાઓના કેટલાક અંશોના પાઠ અને તેના ગુજરાતી અનુવાદ તેમજ કવિના યુગનો અને સમસામયિક સ્થિતિનો સ-રસ અને વિદગ્ધ પરિચય કરાવ્યો છે, જે તેના વાચકને સંતર્પક સંતૃપ્તિનો એહસાસ કરાવે છે. વધુમાં, પ્રસંગોપાત્તની પોતાની યુરોપયાત્રા દરમિયાન સર્જકો સાથે મિલન કે તેમનાં નિવાસસ્થાનો / સ્મારકોની મુલાકાતો, જે તે નગર વિશેષ, યાત્રા દરમિયાનના પોતાના અનુભવો વગેરેનાં વર્ણનોને સાંકળી લીધાં હોવાથી વાચક પણ તેમનો સહયાત્રી બની જાય છે, પરિણામે આ બધાં વિવેચનો જીવંત બની ઊઠ્યાં છે. એક ખાસ નોંધપાત્ર બાબત એ કે ભગતસાહેબ અંગ્રેજીના અધ્યાપક હોવા છતાં આ બધા પાશ્ચાત્ય સાહિત્ય અને સર્જકો વિશે ગુજરાતી ભાષામાં લેખન કરીને ગુજરાતી ભાષાને ન્યાલ કરી દીધી છે. આ સાથે તેમના અધ્યાપકીય અભિગમનાં અર્થાત્ યુરોપનાં વ્યક્તિઓ કે સ્થળ વિશેષનાં નામોના મૂળ ભાષામાં ઉચ્ચારોને ગુજરાતીમાં લિપિયન્તર કરીને નોંધવા ઉદા. તરીકે નાપોલેઓં, લા ફ્લાનરી, તાબ્બો પેરિસિઆ, બ્લ્વા (Blois) વગેરે, તેમજ અમેરિકન ગુજરાતીઓને / ભારતીયોને રોબર્ટ ફ્રોસ્ટ કૃત રાષ્ટ્રભક્તિનાં કાવ્યો 'The Gift of Outright' અને 'Immigrants' ના માધ્યમથી સાચા અમેરિકન બની રહેવાની શીખ આપતા

જોવા મળે છે. પાશ્ચાત્ય સાહિત્ય ઉપરાંત 'સ્વાધ્યાયલોક'માં ગ્રંથસ્થ બાકીના બધા જ લેખો, કવિતા, ગુજરાતી સાહિત્ય, તેનાં વિવિધ સ્વરૂપો, સર્જકો અને તેમની કૃતિઓ વિષયક છે, જેમાં પ્રમુખ મધ્યકાલીન કવિઓ ઉપરાંત આધુનિકયુગીન સર્જકો પૈકી મેઘાણી, રા. વિ. પાઠક, રાજેન્દ્ર શાહ, શિવ પંડ્યા, બલવન્તરાય, ન્હાનાલાલ, સુંદરમ્, ઉમાશંકર વગેરેના સર્જકત્વ વિશે ઠોસ અધ્યયન પ્રસ્તુત કરવામાં આવ્યું છે. આ સાથે અહીં ગ્રંથસ્થ કેટલાંક વ્યક્તિચરિત્રો કે શ્રદ્ધાંજલિઓ ઉદા. તરીકે દામુભાઈ, બચુભાઈ, કિશનસિંહ, વાડીભાઈ વગેરે લેખોમાં વિવિધ પ્રતિભાઓનો સંતર્પક પરિચય કરાવ્યો છે.

વાચન અને પુસ્તકસંગ્રહનો શોખ બાળપણથી આજીવન રહ્યો હતો. તેમણે 'ધર્મ, વિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇતિહાસ, ફિલસૂફી' આદિનું યથાશક્તિમતિ વાચન-મનન- ચિંતન કર્યું છે. આ સંબંધી તેમણે નોંધ્યું છે કે 'પિતાજી વારંવાર મુંબઈ, આબુ વગેરે સ્થળે જાય. જ્યારે જ્યારે જાય ત્યારે જે કંઈ પાઈ-પૈસો - રૂપિયો - બે રૂપિયા આપે એમાંથી તરત જ શાળાની સામેથી પુસ્તકોની દુકાનમાંથી પુસ્તક ખરીદ્યું જ હોય. આમ ખાસ્સો બસો-ત્રણસો પુસ્તકોનો સંગ્રહ કર્યો હતો [પરિણામે આયખાનાં અંતિમ વર્ષો સુધીમાં અંદાજિત ૮૦૦૦થી ૧૦,૦૦૦ જેટલાં પુસ્તકોનો સંગ્રહ થયો હતો, જે તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદને કેટલાંક વર્ષો પૂર્વે જ ભેટમાં આપી દીધો હતો.] એવો પણ સમય હતો જ્યારે માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલયમાંથી રોજ એક પુસ્તકનું વાચન કર્યું હતું.' શાળાજીવન દરમિયાન કાન્ત, બાલાશંકર, સુંદરમ્, ઉમાશંકર, ટાગોરની અંગ્રેજી 'ગીતાંજલિ' વગેરે કવિઓના કાવ્યગ્રંથોનું પઠન કરી લીધું હતું. અરે, જ્યારે મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ૧૯૪૬-૪૮માં અભ્યાસ કરતા હતા ત્યારે કૉલેજના રસ્તે ઈરાની રેસ્ટોરાં પાસે ચોપડીઓની નાનકડી દુકાને રોકાવાનું ખાસ પસંદ કરતા. એકાદ મુલાકાત ટાણે યુદ્ધોત્તર સમયના લોકપ્રિય લેખક સારોયાનની નવલકથા 'હ્યુમન કોમેડી' હાથ લાગી ગઈ, પરંતુ ખરીદવા પૈસા ન હોવાથી થોડાંક થોડાંક પાન ઊભા ઊભા જ વાંચી લેવાનું રાખ્યું હતું. ચોથા દિવસે દુકાનના માલિક અહમદભાઈએ કહ્યું 'છોકરા ! ચોપડી પાછી ન મૂકતો ! બાકીનાં પાનાં ઘેર જઈને વાંચજે ! આ ચોપડી તને ભેટ !' અહમદભાઈની આ મહામૂલી ભેટનું તેઓશ્રી કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરતા રહ્યા હતા. ૧૯૮૨માં પેરિસની મુલાકાત સમયે ચોપડીઓની વિશ્વવિખ્યાત દુકાન 'શેક્સ્પિયર ઍન્ડ કંપની'ની લીધેલ મુલાકાતનું વર્ણન ગ્રંથસંસ્કૃતિ સાથે નાતો ધરાવનારા સૌ કોઈને સ્પર્શી જાય તેવું છે. આ ઉપરાંત 'ગ્રંથસંસ્કૃતિ' વિશેનો તેમનો નિબંધ પણ સુચિંતનીય છે.

ભગતસાહેબ 'ગુજરાત સાહિત્ય અકાદમી'ની સ્થાપનાકાળથી સ્વાયત્તતાના પક્ષધર હતા - છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી જ નહીં - જેની પ્રતીતિ ૧૯૯૪માં તેમને અકાદમી દ્વારા મૂર્ધન્ય સાહિત્યકાર તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા ત્યારે આ સન્માન મેળવતાં તા. ૨૫ માર્ચ, ૧૯૯૪ના રોજ આપેલ 'પ્રતિભાવ'થી થાય છે : 'સાહિત્ય અકાદમી જેવી સંસ્થા રાજ્યના માહિતીખાતાનો એક વિભાગ હોય એવી પરાધીન નહિ પણ સ્વાધીન, સ્વાયત્ત હોવી જોઈએ એવો આ અકાદમીના આરંભથી જ આ બોલનારનો આગ્રહ હતો. અકાદમીના સભ્યો એનાથી અજાણ નહિ હોય એથી પૂર્વોક્ત પત્રમાં આ અકાદમી હવે સ્વાયત્ત છે એવો અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો હતો. એમાં પ્રમુખશ્રીએ લખ્યું હતું, 'ઐતિહાસિક દૃષ્ટિએ ગુજરાત સાહિત્ય અકાદમી સ્વાયત્ત થયા પછી આ પહેલું સન્માન છે તે તમે સ્વીકારશો એવી અંગત વિનંતી.' એટલે સંપૂર્ણ વિગતો માટે અકાદમીનું બંધારણ વાંચ્યું અને અકાદમીની સ્વાયત્તતાની પ્રતીતિ થયા પછી આ સન્માનનો સ્વીકાર કરવો જોઈએ એવો નિર્ણય કર્યો. અને અકાદમીને સ્વીકારપત્રમાં જાણે કે વાક્યોની નીચે લાલ લીટી સાથે લખ્યું, 'ગુજરાત સાહિત્ય અકાદમી જેવી એક સ્વાયત્ત સંસ્થાએ આ નિર્ણય કર્યો છે એનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કરું છું. આ સંસ્થાના પ્રમુખ - ગુજરાતના એક મોટા ગજાના સર્જક-ને વરદ્ હસ્તે આ સન્માન અર્પણ થશે એનું નમ્રતાપૂર્વક ગૌરવ કરું છું. ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા સધ્ધર થાય અને એના સદ્વિચાર અને આચાર દ્વારા ગુજરાતની સાહિત્ય પ્રત્યેની સંવેદના સમૃદ્ધ થાય અને અંતે આ સન્માન સાર્થક થાય એવી આ સ્વીકારની ક્ષણે હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું.' આ ઉપરાંત તેઓશ્રીનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું હતું કે 'રાજકારણ કે સાહિત્યિક રાજકારણમાં મારે કોઈ વાદ નથી, વાડો નથી'. આ છે ભગતસાહેબનું ખમીર અને વ્યક્તિત્વ. અને તેથી જ આવા ગરવા વ્યક્તિત્વના કારણે ભગતસાહેબ આપણા સૌના પરમ શ્રદ્ધેય સારસ્વત બની રહ્યા હતા.

**મણિભાઈ પ્રજાપતિ**

# શ્રદ્ધાંજલિ

## ગણપત વિદ્યાનગરના આર્ષદ્રષ્ટા વિશ્વકર્મા સ્વ. અનિલભાઈ પટેલ

સ્વ. અનિલભાઈ પટેલ વ્યવસાયે એક સાહસિક અને સફળ ઉદ્યોગપતિ, પરંતુ હાડે આકંઠ શિક્ષણ અને સમાજસેવાને વરેલો જીવ તથા દૃઢ સંકલ્પશકિત અને વિશુદ્ધ આચરણનું મૂર્તિમંત સ્વરૂપ. મિતભાષી વ્યક્તિત્વ એ તેમનો આગવો ગુણ. અને ખાસ તો In fact, he was action oriented multifaceted an eminent personality. વાત ઓછી અને અર્થસભર કામ ઝાઝાં કરનાર નિઃસ્વાર્થ સેવાપરાયણ પ્રતિભાપુરુષ હતા. તેમના આ બહુઆયામી અને અદકેરા વ્યક્તિત્વની પ્રતીતિ તેમણે હાથ ધરેલાં અને માઈલ સ્ટોન સમ સંપન્ન કરેલાં બહુવિધ અને બહુઆયામી કાર્યો થકી થાય છે. તેમણે પોતાના અંગત ઉદ્યોગ-વ્યવસાય હોય, જાહેર સમાજજીવનની કે ધર્મકારણની સંસ્થાઓ હોય કે રાજકારણ હોય ત્યાં સર્વત્ર તેના સંચાલનમાં - પોતાની પ્રાપ્ત ફરજોના પાલનમાં ગાંધીજીના ટ્રસ્ટીશિપના આદર્શને આત્મસાત કરીને 'Managing Trustee' કે 'Chairman' કે 'Minister'ની જવાબદારીના ઉત્તરદાયિત્વનો સુયોગ્ય નિર્વાહ કરીને આ પદોને સાર્થક કર્યાં અને રળિયાત પણ કર્યાં છે. તેઓશ્રી ખરા અર્થમાં શ્રીમદ્‌ભગવદગીતા કથિત નેતૃત્વના આદર્શ :

**યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ ।**
**સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥ (૩/૨૧)**

અર્થાત્ 'શ્રેષ્ઠ પુરુષ જે જે આચરે છે, અન્ય માણસો પણ તેને જ આચરે છે, તે જે કંઈ પ્રમાણ કરી આપે છે, સકળ માનવ-સમૂહ તે પ્રમાણે વર્તવા લાગે છે' -નું યથાર્થ પાલન કરતા રહ્યા હતા. પરિણામસ્વરૂપે આ બધી સંસ્થાઓમાં તેમની તપઃપૂત સેવાઓની મઘમઘતી સુવાસ પ્રસરી રહેવાની સાથે જ પ્રજાજીવનના સઘળા વર્ગોમાં મૂઠી ઊંચેરા શ્રદ્ધેય સંસ્કારપુરુષ તરીકેના સન્માનના અધિકારી બની રહ્યા હતા.

આજથી ૫૦ વર્ષ પૂર્વે અમેરિકામાં અભ્યાસ કરતા અન્ય દેશોના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે અમેરિકામાં સ્થાયી થવાનું સરળ હતું. અનિલભાઈ પણ અમેરિકાની Kansas State Universityમાંથી ઇન્ડસ્ટ્રિઅલ એન્જિનિયરિંગમાં એમ.એસ.ની ડિગ્રી મેળવ્યા બાદ ત્યાં સ્થાઈ થઈને ધનકુબેર થઈ શકયા હોત તેમજ પોતાના સમગ્ર પરિવારને અમેરિકામાં સ્થાઈ કરી શકત પરંતુ તેમનાં Vision- દૃષ્ટિ ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ મેળવવું અને Mission – ધ્યેય હતું પ્રાપ્ત જ્ઞાનને પોતાના પ્રદેશ/ રાષ્ટ્રને કાજે ક્રિયાન્વિત કરી તેને સમર્પિત બની રહેવાનાં હતાં. આવી પોતીકી ઉદાત્ત ભાવના પાછળ ચારેક પરિબળોની ભૂમિકા પ્રભાવક પરિબળ બની રહેલી જણાય છે : સૌ પ્રથમ તો પોતાના પિતાશ્રી શહીદ વીર ત્રિભોવનદાસ પટેલે હાથ ધરેલાં સમાજોદ્ધારક ઉમદા સેવા કાર્યો - શિક્ષણ થકી સમાજસુધારણાનાં કાર્યોની જ્યોત ચાલુ રાખવી. તેમના પિતાશ્રીનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું હતું કે 'મારો તો ધ્યેય છે દરેકે દરેક ખેડૂત સુખી થાય. ઢોરચોરીના ત્રાસમાંથી મુક્ત થાય. અંધશ્રદ્ધામાંથી મુક્ત થાય. ખોટા રીતરિવાજોમાંથી મુકત થાય. શિક્ષણનું મહત્ત્વ સમજે અને સમાજનાં દૂષણોમાંથી છુટકારો મેળવે. આ માટે બલિદાન આપવું પડે તોયે શું ?' ઉલ્લેખનીય છે કે તેમના પિતાશ્રીએ મૅટ્રિક (૧૯૩૬) સુધીનો અભ્યાસ સર્વ વિદ્યાલય, કડીમાંથી કર્યો હતો અને એલ. ડી. આટ્‌ર્સ કૉલેજમાંથી બી.એ. કર્યું હતું. ઢોરચોરી પ્રવૃત્તિ અટકાવવાના કારણે જ અસામાજિક તત્ત્વો દ્વારા તા. ૨૨ જૂન, ૧૯૫૫ ના રોજ તેમની હત્યા કરવામાં આવી હતી. દ્વિતીય પરિબળ એ કે તેમણે ધોરણ-૭ થી મૅટ્રિક સુધી (૧૯૫૫ / ૫૬ થી ૧૯૫૯/૬૦) નો અભ્યાસ સર્વ વિદ્યાલય, કડીમાંથી કર્યો હતો, જ્યાં તેમનું આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈ અને મોહનલાલ પટેલ જેવા ઋષિ પરંપરાના શિક્ષકો દ્વારા ઘડતર થયું અને પૂ. છગનભાએ શિક્ષણ થકી સમાજસેવાનાં કાર્યોની જે આહ્‌લેક જગાડી

હતી તેવાં કાર્યો કરવાનું અનુરણન સતત તેમના કાનમાં ગુંજ્યા કરતું હતું. તૃતીય પરિબળ એ કે વલ્લભવિદ્યાનગરમાં એન્જિનિયરિંગના અભ્યાસ દરમિયાન ગ્રામોદ્ધાર માટે વલ્લભવિદ્યાપીઠની સ્થાપના અને તેના વિકાસ માટે સરદાર વલ્લભભાઈની શીખને આત્મસાત કરીને પૂ.ભાઈલાલભાઈ અને પૂ. ભીખાભાઈ પોતાના મોભાદાર હોદ્દાઓનો ત્યાગ કરીને જે કઠોર પરિશ્રમ કરી રહ્યા તે નજરે નિહાળતાં પોતે પણ એન્જિનિયર થઈ આવા કાર્યોમાં પ્રવૃત્ત થશે તેવાં સ્વપ્નો સેવવાં, અને છેલ્લું તથા ચોથું પરિબળ એ કે પોતાના પિતાશ્રીના આકસ્મિક અવસાન બાદ સમાજે તેમને ભણાવવા માટે જે આર્થિક સહયોગ આપ્યો હતો તેનું સમાજને ઋણ ચૂકવવાની ઉદાત્ત ભાવના તેમના મનમાં સતત જાગ્રત રહી હતી. આમ, આ ચારેય પરિબળો અને સમાજસેવા કરવાનું આત્મસંકલ્પ બળના પ્રભાવથી સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના સાથે વતન પરત થયા હતા અને પોતાના મનોરથોને ધ્યેયનિષ્ઠ પુરુષાર્થ થકી સાકાર કરવા આજીવન પ્રવૃત્ત બની રહી તેને પરિપૂર્ણ કર્યા.

અમેરિકાથી વતન પરત થયાના સમયગાળામાં અમેરિકા દ્વારા ઈ.સ. ૧૯૬૯ માં ચંદ્રની ધરતી ઉપર માનવ સહિત અવકાશયાન 'એપોલો-૧૧' સફળતાપૂર્વક ઉતારવામાં આવ્યું હતું. આ નામ ઉપરથી અનિલભાઈએ પાતાના પરિવારના સહયોગથી પોતાના વતનના જિલ્લાના મુખ્ય સ્થળ મહેસાણામાં 'એપોલો ઇન્ડસ્ટ્રિઝ' કંપની સ્થાપના કરીને હાઈ-વેના બાંધકામ માટે આવશ્યક મશીનરીનું ઉત્પાદન શરૂ કર્યું. આ કંપનીએ અનિલભાઈના નેતૃત્વ (chairmanship) હેઠળ ખૂબ જ ટૂંકાગાળામાં પોતાનાં ઉચ્ચ ગુણવત્તાશીલ ઉત્પાદનનોના કારણે દેશ-વિદેશમાં ભારે પ્રતિષ્ઠા પામતાં અનિલભાઈ યુવા ઉદ્યમશીલ ઉદ્યોગપતિ તરીકે ખ્યાતિ પામ્યા. આ સાથે પોતાની કંપનીના માધ્યમથી સેંકડો વ્યક્તિઓને રોજગારી પૂરી પાડીને આર્થિક રીતે પગભર કરવામાં સહાયક નીવડ્યા તેમજ પોતે અને કંપનીના સહયોગીઓ પણ આર્થિક રીતે સમૃદ્ધ થયા.

અનિલભાઈનું લક્ષ્ય પોતાના ઉદ્યોગના સુસ્થિર વિકાસની સાથે સાથે શિક્ષણ અને સમાજસેવા ક્ષેત્રે પણ કંઈક કરી છૂટવાનું રહ્યું હતું. આ ઉદાત્ત ભાવનાના બીજને અંકુરિત કરી પલ્લવિત - પુષ્પિત કરવાની તક મહેસાણા જિલ્લાના અગ્રણી કાર્યકર બલરામ ક્ષત્રિય દ્વારા પૂરી પાડવામાં આવી હતી. બલરામભાઈ ક્ષત્રિયએ 'સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ'ની રચના કરીને મહેસાણામાં 'મ્યુનિસિપલ આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજ'ની સ્થાપના ૧૯૬૪માં કરી હતી. પોતે આ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પણ હતા. આ કૉલેજ પાસે પોતાનું આગવું મકાન હોય અને ટ્રસ્ટ દ્વારા બહુવિદ્યાશાખાકીય શિક્ષણની કૉલેજો શરૂ કરવામાં આવે તેવું તેમનું સ્વપ્ન હતું, પરંતુ એક યા બીજાં કારણોસર આ કૉલેજનો ઝાઝો વિકાસ ન કરી શકયા કે ભાડાના મકાનમાંથી બહાર પણ લાવી શકયા ન હતા. આ પરસ્થિતિમાં તેમણે અમેરિકામાં ઉચ્ચશિક્ષણ મેળવેલ, કુશાગ્ર બુદ્ધિસંપન્ન, ઉત્સાહી, સમૃદ્ધ પાટીદાર સમાજના બહુમાન્ય યુવા ઉદ્યોગપતિ તરીકે ખ્યાતિપ્રાપ્ત અનિલભાઈમાં રહેલી શકિતોઓને પિછાણીને તેમજ તેમને 'અનંતની યાત્રાએ જવાનો અણસાર આવી ગયો હોય કે કેમ, પોતાની હયાતીમાં જ આ ટ્રસ્ટની જવાબદારીનું ભગીરથ કાર્ય, અનિલભાઈને સોપ્યું હતું. આ સંદર્ભે અનિલભાઈનો પ્રતિભાવ જોઈએ : 'સ્વ. મુ.શ્રી બલરામભાઈ ક્ષત્રિય પોતાના અવસાનના થોડા દિવસો અગાઉ સરદાર વિદ્યાભવન ટ્રસ્ટની સાધારણ સભામાં મેનેજિંગ ટ્રસ્ટી તરીકે પોતાનું રાજીનામું મંજૂર કરાવીને એ જવાબદારીનાં સૂત્રો સંભાળવાનું કાર્ય મને ભળાવતા ગયા ત્યારે એમના સમર્થ વ્યકિતત્વે વિકસાવેલી આ કૉલેજના સંચાલનની એક નવી જવાબદારી મારે શિરે આવી. એમણે સ્થાપેલી અને વિકસાવેલી આ કૉલેજની વિકાસની યાત્રા અવિરત ચાલુ રાખવાનું કાર્ય ઘણું મુશ્કેલ છતાં આ જિલ્લાના અનેક નવયુવાનોની ભાવિ કારકિર્દી ઘડવામાં પ્રત્યક્ષ નહિ તો પરોક્ષપણે એક મોટો ફાળો આપવા સમું ધન્ય પણ મને લાગ્યું એટલે એક પડકાર જેવું હોવા છતાં એ કાર્ય ઉપાડી લેવાનો ધર્મ બજાવવો જ રહ્યો એમ માની સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તરીકેની જવાબદારી સ્વીકારી લીધી.

નવયુવાનોની ભાવિ કારકિર્દી ઘડવામાં કૉલેજની નિર્ણાયક ભૂમિકાને ધ્યાને લઈ સ્વધર્મ તરીકે કૉલેજના સંચાલનની જવાબદારી ૧૯૮૦ આસપાસનાં વર્ષોમાં સ્વીકારતાંની સાથે જ અનિલભાઈ અહર્નિશ તેના ઉત્તરોત્તર વિકાસ માટે ચિંતનશીલ અને પ્રયત્નશીલ બની

રહ્યા હતા. આ સાથે જ મહેસાણામાં વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા ભાડાના મકાનમાં ચલાવવામાં આવતી એજ્યુકેશન અને લો કૉલેજોને પણ તેમણે ૧૯૮૦માં 'સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ' હેઠળ લઈ લીધી. આ બધી કૉલેજો માટે પોતાની માલિકીનાં ભવનોની પ્રાથમિક આવશ્યકતાને ધ્યાને લઈને નાગલપુર ગ્રામ પંચાયતની સરકારી પડતર ૫ એકર જમીન સંપાદન કરીને ૧૯૮૨માં જ ભવન નિર્માણ કરાવ્યું. શિક્ષણ સંસ્થાના પ્રાણસમાન ગ્રંથાલય માટે પણ સ્વતંત્ર વિશાળ ભવન બંધાવ્યું. આ સાથે જ ૧૯૮૫માં નવીન સાયન્સ કૉલેજ અને ત્યારબાદ કમ્પ્યૂટર સેન્ટર પણ શરૂ કરવામાં આવ્યાં. આશ્ચર્ય તો એ બની રહ્યું કે અનિલભાઈએ આ વહીવટ સંભાળતાંની સાથે જ તેમનાં પ્રામાણિક પુરુષાર્થ અને ધ્યેયનિષ્ઠાને ધ્યાને લઈને દાનવીરો દ્વારા દાનનો અવિરત પ્રવાહ શરૂ થતાં આ બધી કૉલેજોને જે તે દાતાશ્રીના નામથી અભિધાનિત કરવામાં આવી. આ ઉપરાંત સમગ્ર વિદ્યાસંકુલના નામાભિધાન માટે પણ ઘણું મોટું દાન મેળવ્યું. આમ, પ્રત્યેક કૉલેજને અદ્યતન માળખાગત સુવિધાઓ પૂરી પાડવાની સાથે સાથે વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવાના આગ્રહી પણ બની રહ્યા હતા, જેના પરિણામે આ બધી કૉલેજો શિક્ષણ અને શિક્ષણેતર પ્રવૃત્તિઓમાં હેમચંદ્રચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કૉલેજોમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી શકી છે.

આ બધી પરંપરાગત કૉલેજોના વિકાસ અને સંચાલનની સાથે સાથે ઉદ્યોગજગત અને અન્ય કાર્યક્ષેત્રોને વિશિષ્ટ આવડત / કાર્યકુશળતા ધરાવતા સ્નાતકોની જરૂરિયાતો તથા અદ્યતન વ્યવસાયિક અભ્યાસક્રમવાળી કૉલેજો શરૂ કરવાની સમયની માંગને ધ્યાને લઈ અનિલભાઈએ વિવિધ ક્ષેત્રોના ઉત્તર ગુજરાતના અગ્રણીઓ સાથે વિચાર-વિમર્શ શરૂ કર્યો, જેના પરિણામે 'મહેસાણા ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન ફાઉન્ડેશન' ની ૧૯૯૬માં સ્થાપના કરવામાં આવતાં તેના મેનેજિંગ ટ્રસ્ટી તરીકેની જવાબદારી પણ અનિલભાઈને સોંપવામાં આવી હતી. આ નવી મોટી જવાબદારી સ્વીકારતાંની સાથે તેમણે 'સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ' ના 'મેનેજિંગ ટ્રસ્ટી' તરીકેની જવાબદારી શ્રી કે. કે. પટેલને સોંપી અને પોતે ટ્રસ્ટના ચેરમેન તરીકે ચાલુ રહ્યા. શ્રી કે. કે. પટેલની નિશ્રા હેઠળ કૉલેજોના સુચારુ સંચાલન અને વિકાસથી પ્રસંગોપાત્ત પ્રસન્નતા અનુભવતા રહ્યા હતા. આ ફાઉન્ડેશનના ઉપક્રમે મહેસાણા નજીક ખેરવામાં ૩૦૦ વીઘા જેટલી જમીન સંપાદન કરવામાં આવી અને અહીં અનિલભાઈના સીધા માર્ગદર્શન હેઠળ એન્જિનિયરિંગ - મરિન એન્જિનિયરરિંગ જેવી બહુવિધ વિદ્યાશાખાઓ સહિત, પોલિટેક્નિક, મેનેજમેન્ટ, ફાર્મસી, કમ્પ્યૂટર સાયન્સ, આર્કિટેકચર, ડિઝાઈન એન્ડ પ્લાનિંગ, સેન્ટર ઑફ ઇન્ટરનેશનલ એલાયન્સિસ, ઈન્સ્ટિટયૂટ ઑફ સાયન્સિસ, શિક્ષણશાત્ર વગેરે ૨૦ જેટલી ઉચ્ચ ગુણવત્તાશીલ ઇન્સ્ટિટયૂટ્સ સમયાન્તરે શરૂ કરવામાં આવી. આ ઉપરાંત ખાસ ઉલ્લેખનીય બાબત એ કે ગુજરાતમાં સૌ પ્રથમ અને સંભવત સમગ્ર દેશમાં સૌ પ્રથમ અહીં Sainik School for Girlsની પણ સ્થાપના કરવામાં આવી છે. આ બધી જ સંસ્થાઓ માટે પોતાના પ્રદેશના દાનવીરો પાસેથી માતબર દાન મેળવવામાં અનિલભાઈ યશભાગી નીવડ્યા હતા. આ બધી સ્વવિત્ત યોજના હેઠળની કૉલેજોની સ્થાપના ઉપરાંત પોતાની આગવી યુનિવર્સિટી - 'ગણપત યુનિવર્સિટી' સ્થાપનાનો મનોરથ પણ વર્ષ ૨૦૦૫માં પૂર્ણ કરવામાં અનિલભાઈ સફળ રહ્યા. આ યુનિવર્સિટીનો ધ્યેયમંત્ર 'વિદ્યયા સમાજોત્કર્ષઃ'ને પોતાનો ધ્યેયમંત્ર તરીકે સ્વીકારીને આ યુનિવર્સિટી અને આ બધી સંસ્થાઓના ઉચ્ચ ગુણવત્તાશીલ વિકાસ માટે સતત કાર્યરત રહ્યા. આધુનિક સુખ-સગવડો અને જરૂરિયાતોને ધ્યાને લઈ બાંધવામાં આવેલા સૌંદર્યાન્વેષી દૃષ્ટિ સાથેનાં વિશાળ ભવનો અને રમણીય પ્રાકૃતિક પર્યાવરણના સર્જનમાં અનિલભાઈનો ફાળો શ્લાઘનીય બની રહે છે. આમ, અનિલભાઈના ક્રિયાશીલ અને દૃષ્ટિવંત નેતૃત્વ હેઠળ આ બંને ટ્રસ્ટોની કૉલેજો ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે ઘણી મોટી સિદ્ધિનાં શિખરો સર કરવામાં સફળ રહી છે.

અત્રે ખાસ ઉલ્લેખનીય બાબત એ કે આ યુનિવર્સિટીની સ્થાપના અને વિવિધ શાળા / કૉલેજો માટે ભુણાવ (તા. વિસનગર) ના વતની અને અમેરિકામાં સ્થાયી થયેલા ઉદ્યોગપતિ, કેળવણીપ્રેમી અને વતન માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરવાની ઉદાત્ત ભાવના ધરાવતા શ્રી

ગણપતભાઈ પટેલ દ્વારા આશરે ૩૫ કરોડ રૂપિયા જેટલું માતબર દાન આપવામાં આવ્યું છે, જે સંભવતઃ ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે કોઈ એક વ્યકિત તરફથી મળેલાં દાનોમાં સૌથી મોટી રકમનું દાન છે. આટલી ગંજાવર રકમનું દાન આપવા પાછળ દાતાશ્રી ગણપતભાઈએ અનિલભાઈમાં રાખેલ અતૂટ વિશ્વાસ – શ્રદ્ધાભાવની કલ્પના જ કરવી રહી ! આ બાબત બંને મહાનુભાવોના વ્યક્તિત્વની અસાધારણ ઘટના બની રહે છે. અને તેથી જ આવાં વિભૂતિમત વ્યક્તિત્વો આપણાં વંદનનાં અધિકારી બની રહી. લોકહૈયામાં સદાકાળ રહેતાં હોય છે. આ યુનિવર્સિટીના પેટ્રન ઈન ચીફ તરીકે શ્રી ગણપતભાઈ સેવાઓ આપે છે, જ્યારે અનિલભાઈ તેના સ્થાપનાકાળથી પ્રેસિડેન્ટ તરીકે સેવાઓ આપતા હતા. ખાસ ધ્યાનાર્હ બાબત એ કે ઉત્તર ગુજરાતનાં પ્રમુખ શિક્ષણધામો પાટણ, વિસનગર, પાલનપુર અને મોડાસાની તુલનાએ મહેસાણામાં વૈવિધ્યપૂર્ણ ઉચ્ચ શિક્ષણની શરૂઆત મોડેથી શરૂ થઈ હોવા છતાં મહેસાણાને ઉત્તર ગુજરાતના બહુઆયામી શિક્ષણના હબ તરીકે - એક ઉત્તમ વિદ્યાકેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવાનું શ્રેય અનિલભાઈના શીરે રહે છે.

અનિલભાઈની વહીવટીય કોઠાસૂઝની કેટલીક આગવી વિશેષતાઓ, જેમ કે અણિશુદ્ધ પ્રામાણિક અને પારદર્શી વહીવટ, પ્રવર્તમાનકાલીન શિક્ષણના પ્રવાહોથી અવગત અને સારા વાચક, મેરિટના ધોરણે અધ્યાપકોની ભરતી કરવા માટે આચાર્યશ્રીઓને સ્વાયત્તતા, પસંદગી સમિતિના ચેરમેન તરીકે ઉપસ્થિત રહે પણ પસંદગીમાં કોઈ હસ્તક્ષેપ ન કરે જેનો આ લખનાર પણ એકાદ સમિતિમાં તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહેતા તેના સાક્ષી રહ્યો છે, ટ્રસ્ટી મંડળની પ્રતિ શનિવારે સભા મળે તેમાં ચર્ચાને મુક્ત અવકાશ અને સૌ સાથે સમરસતાપૂર્ણ - સૌજન્યશીલ વ્યવહાર, કોઈ દાતાશ્રી દાનની રકમ નોંધાવ્યા બાદ દાન ન આપી શકે તો પણ તેના પ્રતિ તેટલો જ સદ્ભાવ જાળવી રાખવો અને સંસ્થા પ્રતિ સદ્ભાવ રાખવા માટે આભારી થવું વગેરે ધ્યાનાર્હ બની રહે છે. તેઓશ્રી સંસ્થાને પૂર્ણતઃ સમર્પિત બની રહેવા ઉપરાંત આ સંસ્થા તથા અન્ય સંસ્થાઓને પોતાના પરિવાર તરફથી આર્થિક સહયોગ પણ આપતા રહ્યા હતા. અને તેથી જ આવા મૂઠી ઊંચેરા મહાજન આપણા સૌના આદરપાત્ર બની રહ્યા હતા.

મહેસાણાની આ સંસ્થાઓ ઉપરાંત તેમણે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ (હવે હેમચંદ્રાચાર્ય...) ના સ્થાપનાકાળથી સતત ત્રણ ટર્મ સુધી કારોબારી સમિતિના સભ્ય તરીકે ઉદાહરણસ્વરૂપ સેવાઓ આપી હતી. યુનિવર્સિટીના રાજકારણથી પર રહીને યુનિવર્સિટીનો વિકાસ એ એક માત્ર તેમનું લક્ષ્ય રહ્યું હતું, જેનો આ લખનાર પણ સાક્ષી રહ્યો છે. તેમનો સૌજન્યશીલ વ્યવહાર સંબંધિતોને સ્પર્શી જાય તેવો રહ્યો હતો. ઉચ્ચશિક્ષણની સંસ્થાઓના સંચાલનના તેમના બહોળા અનુભવને ધ્યાને લઈને તેમની નિમણૂક ભારત સરકાર દ્વારા નેશનલ ફી રેગ્યુલેટરી કમિટિ ફોર ટેક્નિકલ એજ્યુકેશન ઈન ઇંડિયા અને ગુજરાત સરકાર દ્વારા સ્ટેટ ફી રેગ્યુલેટરી કમિટિ ફોર પ્રોફેસનલ કોર્સિસ, ગવર્નમેન્ટ ઑફ ગુજરાત તથા નોલેજ કોન્સોર્સિયમ ઑફ ગુજરાતના ગવર્નિંગ બોર્ડના સભ્ય પદે કરવામાં આવતાં તેમણે પોતાની સેવાઓનો લાભ આપ્યો હતો. તેઓશ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી પ્રતિ અનન્ય આસ્થા ધરાવતા રહ્યા હોવાથી તેમનો નાતો આ મંડળ સાથે અતૂટ રહ્યો હતો. તેમના પરિવાર તરફથી આ મંડળને ઉમદા દાન પણ મળ્યું છે. તેમની સેવાઓનો લાભ કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરને તેની કારોબારી સમિતિના સભ્ય તરીકે પણ મળ્યો છે.

શિક્ષણ ઉપરાંત સમાજજીવનની અનેકવિધ સંસ્થાઓને સમયાન્તરે પોતાની સેવાઓનો લાભ આપીને આ બધી સંસ્થાઓને ગૌરવાન્વિત કરવામાં તેમનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. આ પૈકી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના પ્રમુખ (૨૦૧૧-૧૪), મહેસાણાની લાયન્સ હૉસ્પિટલના ટ્રસ્ટી, ધરતી વિકાસ મંડળના ટ્રસ્ટી, મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બેંકના સ્થાપક ડાયરેક્ટર અને ચેરમેન, ઉત્તર ગુજરાત કો-ઓપરેટિવ બેંક ફેડરેશનના ચેરમેન (૨૦૧૨-૧૭), વી. એન. પટેલ ગ્રામ વિકાસ ટ્રસ્ટ, લણવાના મંત્રી, ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિ. ના ડાયરેક્ટર (૧૯૭૫-૮૩) વગેરે વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

ગુજરાત વિધાનસભાના મહેસાણા મતદાર ક્ષેત્રમાં

સતત બે વખત ભારે બહુમતિથી (૨૦૦૨-૦૭, ૨૦૦૭-૧૨) ચુંટાઈ આવીને લોકહિતનાં કાર્યો કરવામાં અગ્રેસર રહ્યા હતા. આ બે ટર્મ પૈકી પ્રથમ ટર્મમાં રાજ્યના ઉદ્યોગમંત્રી તરીકે પણ દષ્ટિવંત સેવાઓ આપી હતી અને તે પણ રાજકારણીઓની રીતિ-નીતિઓથી અલિપ્ત રહીને. તેમના પરિવારના સભ્યો ગુજરાત વિધાનસભાના એક યા બીજા મતદાર ક્ષેત્રમાંથી સાત વખત ચુંટાઈ આવ્યા છે, જે સમાજના સઘળા વર્ગોની તેમના પરિવાર પ્રતિ આસ્થા અને સન્માનની ભાવનાનું તાદશ ઉદાહરણ બની રહે છે.

આવા ગૌરવપુરુષ અનિલભાઈ રાષ્ટ્રના વિખ્યાત એન્જિનિયર વિશ્વેસરૈયાની સ્મૃતિમાં ઉજવાતા 'એન્જિનિયર્સ ડે' પ્રસંગે પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ૨૦૧૪માં **'સફળ ઉદ્યોગ સાહસિક'** તરીકે, વર્ષ ૨૦૧૬માં ઈન્ડો-યુએસ ફાઉન્ડેશન દ્વારા 'Eminent Educationist Award' વગેરે અવૉર્ડો / પારિતોષિકોથી વિભૂષિત કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે અનિલભાઈ પટેલનું વતન લણવા (તા. ચાણસ્મા, જિ. પાટણ) છે, જ્યાં તેમનો જન્મ તા. ૮ માર્ચ, ૧૯૪૪ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ ત્રિભોવનદાસ પટેલ અને માતાનું નામ શ્રીમતી શાન્તાબહેન પટેલ. તેમણે ધોરણ-૬ સુધીનું પ્રાથમિક શિક્ષણ પોતાના ગામની પ્રાથમિક શાળામાંથી લીધું હતું. ત્યારબાદ મેટ્રીક સુધીનું શિક્ષણ સર્વ વિદ્યાલય, કડીમાંથી અને ઉચ્ચશિક્ષણ વલ્લભવિદ્યાનગર અને અમેરિકામાંથી મેળવ્યું હતું. ગુજરાતના આવા ગૌરવપુરુષ અનિલભાઈ પટેલનું કેન્સરની બીમારીથી તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ અમદાવાદમાં અવસાન થતાં સર્વ વિદ્યાલય પરિવાર પોતાનો શ્રદ્ધેય સ્વજન ગુમાવતાં ઊંડા દુ:ખની લાગણી અનુભવે છે. સદ્‌ગતના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પે તેવી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય, પરિવારની આર્ત સ્વરે પ્રાર્થના સાથે ભાવભરી શ્રદ્ધાંજલિ.

આ શ્રદ્ધાંજલિ-લેખ તૈયાર કરવા જરૂરી માહિતી પૂરી પાડવા માટે શ્રી ભીખેશ ભટ્ટ, શ્રી અમૃતભાઈ પટેલ અને ગ્રંથપાલ મિત્રો શ્રી હરેશ પટેલ અને શ્રી રાકેશ પ્રજાપતિનો આભારી છું.

**મણિભાઈ પ્રજાપતિ**

## પવિત્ર આહુતિ

સ્વતંત્રતાની વેદી ઉપર પવિત્રમાં પવિત્ર બલિદાન અપાઈ ગયું છે. શ્રી મહાદેવભાઈએ પોતાનું જીવન કૃતાર્થ કર્યું છે. શરીર અને એની છાયા અથવા આત્મા અને શરીર એમની જેવી નિકટતા હોય છે, તેવી નિકટતાથી મહાદેવભાઈ ગાંધીજી સાથે રહ્યા. એમનાં કપડાં અને કમોડ ધોવાથી માંડીને વાઇસરૉય પાસે એમના સંદેશા પહોંચાડવા સુધીની બધી જ સેવા એમણે અખંડપણે અને અનન્ય નિષ્ઠાથી કરી. શારીરિક શક્તિ, સહનશક્તિ, બુદ્ધિશક્તિ, હૃદયશક્તિ અને આત્મશક્તિ – બધી જ એમણે પૂર્ણ નિષ્ઠાથી ગાંધીજીને ચરણે અર્પણ કરી. એમણે જો ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો તો એ ગાંધીજીમાં જ કર્યો.

મહાદેવભાઈ ગાંધીજીના આ ૨૫ વરસની અદ્‌ભુત તપસ્યાના અનન્ય સાક્ષી હતા. મહાદેવભાઈ એટલે ગાંધીજીના પુરુષાર્થની જીવનકથા એમ જ બધાંને લાગતું.

મહાદેવભાઈના ત્યાગની વાત અનેક રીતે કહી શકાય, પણ પ્રેમાળ પતિ અને પ્રેમાળ પિતા તરીકે આદર્શ સ્થિતિ ભોગવતાં છતાં એમણે ગાંધીજીની સેવામાં ઊણપ ન આવે એવી જ રીતે કૌટુંબિક જીવન ભોગવ્યું. તે એમની નિષ્ઠાની મોટામાં મોટી કસોટી હું ગણું છું.

વીરના મરણ વખતે અશ્રુની શ્રદ્ધાંજલિ અપાતી નથી. બલિદાનના લોહીની અંજલિથી જ વીરપુરુષનું તર્પણ થઈ શકે છે, અને ઈશ્વરે એ સંધિ આપણને બધાને માટે આપેલી જ છે.

**– કાકાસાહેબ કાલેલકર, સેવાગ્રામ, ૧૬-૮-૧૯૪૨**
**(મહાદેવભાઈ, લે. વજુભાઈ શાહ, પૃ. ૧૭૭-૧૭૯ ટૂંકાવીને)**

# પ્રાસંગિક

## શ્રી માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ એનાયત સમારોહ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર દ્વારા સદ્‌ગત ચેરમેન શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ (૧૯૨૯-૨૦૧૨)ની સ્મૃતિમાં પ્રસ્થાપિત 'શ્રી માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ' એનાયત કરવાનો સમારોહ તેમની ૬ઠ્ઠી પુણ્યતિથિ તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ એલ.ડી.આર.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજી ઍન્ડ રિસર્ચ, ગાંધીનગરમાં સ્થિત સભાખંડમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલના અધ્યક્ષપદે યોજવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે મંડળ દ્વારા વર્ષ ૨૦૧૩થી અર્થાત્ માણેકલાલ સાહેબની પ્રથમ પુણ્યતિથિથી પ્રતિવર્ષ મંડળ સંચાલિત પ્રાથમિકથી ઉચ્ચશિક્ષણ સુધીની શાળા / કૉલેજોના પ્રત્યેક કક્ષાનાં પ્રથમ ત્રણ વિદ્યાર્થિનીઓ અને પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને મેરિટ સ્કૉલરશિપ એનાયત કરવામાં આવે છે. આ અન્વયે ચાલુ વર્ષનાં કુલ ૪૭૨ વિદ્યાર્થિની-વિદ્યાર્થીઓને રા. ૬૧,૪૮,૮૬૫/- મેરિટ સ્કૉલરશિપ પેટે એનાયત કરવામાં આવ્યા. આ ઉપરાંત આર્થિક રીતે જરૂરતમંદ ૭૩૨ વિદ્યાર્થીઓને સંપૂર્ણ કે અંશતઃ ફી માફી પેટે રૂ.૬૯,૭૨,૪૨૦/- આપવામાં આવતાં કુલ ૧૨૦૪ વિદ્યાર્થીઓને રૂ.૧,૩૧,૨૧,૨૮૫/- મેરિટ સ્કોલરશિપ / ફી માફી પેટે આપવામાં આવ્યા.

કાર્યક્રમના પ્રારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયાએ મંચસ્થ મહાનુભાવો, સર્વ વિદ્યાલય પરિવાર, આમંત્રિત વાલીઓ વગેરે સૌનું ઉમળકાભેર સ્વાગત કરતાં જણાવ્યું કે સંસ્થાના વિકાસમાં પૂજ્ય છગનભા અને તેમના કર્મઠ ઉત્તરાધિકારીઓ, ઋષિપરંપરાના આચાર્યશ્રીઓ, શિક્ષકો વગેરેનું મહિમાસંપન્ન પ્રદાન રહ્યું છે. વધુમાં, તેમણે હિંદુ ધર્મના આર્ષગ્રંથ 'શ્રીમદ્‌ભગવત્‌ગીતા'ના કેટલાક શ્લોકો ઉદ્‌ધૃત કરીને જણાવ્યું કે વિદ્યાર્થીઓએ જાતે જ પોતાના આત્માનો ઉદ્ધાર પોતાની આવતી કાલ ઉજ્જ્વળ કરવા માટે કઠોર અને ધ્યેયનિષ્ઠ પુરુષાર્થથી કરવો જોઈએ, અને કર્મમાં જ તમારો અધિકાર છે તથા કર્મની સાથે ફળ જોડાયેલું જ છે. તમારે સૌએ ધ્યાને લેવું રહ્યું કે સર્વ વિદ્યાલય એટલે ત્યાગ અને પરિશ્રમનો સુમેળ.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ અને સમારોહના અધ્યક્ષ ડૉ. કનુભાઈ પટેલે મંચસ્થ મહાનુભાવો અને દાતાશ્રીઓનો હૃદયંગમ શૈલીમાં પરિચય કરાવ્યો હતો. તેમણે પ્રત્યેક સન્માનિત દાતાશ્રીનાં સત્કાર્યો, દાનશીલ પ્રકૃતિ અને સવિશેષતઃ સર્વ વિદ્યાલયને તેમના તરફથી મળેલ દાનની વિગતો ઋણસ્વીકારની ભાવના સાથે છલકતા હૈયે ગૌરવ સાથે જણાવી હતી. વધુમાં, તેમણે આ મંડળ જૂન, ૨૦૧૮થી ૯૯ વર્ષ પૂરાં કરી શતાબ્દીના વર્ષમાં પ્રવેશી રહ્યું છે ત્યારે મંડળ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ રૂ. ૧૦૦ કરોડ દાન સ્વરૂપે મેળવવાના લક્ષ્યાંકની ઝોળી ભરી દેવા અપીલ કરી હતી, તેમજ આ ઉપક્રમે પ્રાપ્ત થયેલ દાનની સરવાણીની વિગતો પણ જાહેર કરી હતી. આ પ્રસંગે એલ.ડી.આર.પી.ના દાતાશ્રી દશરથભાઈ પટેલ, વીપીએમપીના દાતાશ્રી વિષ્ણુભાઈ પટેલ, કરજીસણ નિવાસી શ્રી ઘનશ્યામભાઈ પટેલ, કેએસવી ભવન, કડીના મલ્ટીપર્પઝ હૉલ તથા એમએસડબલ્યૂ ભવનના દાતાશ્રી અને શેરથાના વતની પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ, મિકેનિકલ હૉલના દાતાશ્રી અને ઊંટવાના વતની શ્રી શંકરભાઈ પટેલ, સેંટ લુઈસથી પધારેલા દાતાશ્રી જયંતીભાઈ પટેલ ઉર્ફે જોસેફ, સી.એમ. પટેલ નર્સિંગ કૉલેજ, ફિઝિઓથેરાપી કૉલેજ અને છાત્રાલય તથા ઓડિટોરિયમના દાતાશ્રી મફતભાઈ પટેલના ભાઈશ્રી

તુલસીભાઈ પટેલ, કરજીસણના વતની શ્રી ત્રિકમભાઈ પટેલ, સેંટ લુઈસથી પધારેલ શ્રી વિનુભાઈ પટેલ, વી. એમ. પટેલ બાલમંદિરના દાતા શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, ગુજરાત સરકારના પૂર્વ મંત્રીશ્રી અને દાતાશ્રી અરવિંદભાઈ પટેલ, કડીની પ્રભાવતી સ્કૂલનાં દાતાશ્રી પ્રભાવતીબહેન અને શ્રી ભરતભાઈ પટેલ, એચવીએચપીના દાતાશ્રી રમણભાઈ પટેલ (ડિંગુચા), શ્રી શંકરભાઈ પટેલ (ડિંગુચા), છાત્રાલયના દાતાશ્રી હિમાંશુભાઈ ખમાર (કડ), શ્રી દિનેશભાઈ પટેલ (નારદીપુર), શ્રી દશરથભાઈ પટેલ, શ્રી વિષ્ણુભાઈ એમ. પટેલ, શ્રી વિનોદકુમાર પટેલ, શ્રી પ્રવીણભાઈ પટેલ (ઊંટવા) વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વીપીએમપી પોલિટેક્નિકના દાતાશ્રી વિષ્ણુભાઈ પટેલે મંડળના પૂર્વ ચેરમેન સદ્‌ગત માણેકલાલ પટેલસાહેબની સ્મૃતિ અપાવીને જણાવ્યું કે તેઓશ્રી આપણી વચ્ચે આજે નથી, પરંતુ તેમનાં દષ્ટિવંત કાર્યો થકી તેમની હાજરી સતત અનુભવતા રહીએ છીએ. તેઓશ્રી વ્યવસાયે ઉદ્યોગપતિ હતા, પરંતુ તેમના વિચારો વ્યાપારીના ન હતા. તેઓશ્રી એક કેળવણીકાર તરીકે ખ્યાતિપ્રાપ્ત હતા. સમગ્ર ઉત્તર ગુજરાત માટે તેઓશ્રી કેળવણી અને સમાજસેવા ક્ષેત્રના એક ઋષિપુરુષ હતા. વધુમાં, શ્રી વિષ્ણુભાઈએ દાતાશ્રીઓને આ જ્ઞાનયજ્ઞમાં ઉદારચિત્તે દાન આપી મંડળે નિર્ધારિત કરેલ શતાબ્દી ફંડ નિમિત્તે રૂ. ૧૦૦ કરોડ એકઠા કરવાના લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં સહકાર આપવા વિનંતી કરી હતી.

પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલે પોતાના સુચિંતનીય અને પ્રેરક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે આપણી ભારતીય પ્રથામાં ગુરુને બહુમાન આપવાની સાથે સાથે વિદ્વત્તાને મહત્ત્વ આપવાની આ શરૂઆત જોઈને મને આનંદ થાય છે. આવું મોટું ઇનામ મેળવવા માટે વિદ્યાર્થીઓને અભિનંદન અને આ સાથે તેમનાં મા-બાપને પણ આપણા વિદ્યાર્થીઓને પ્રેરણા આપવા અને તેમની કાળજી રાખવા માટે સલામ. આ તમે બધાંયે મહેનતથી મેળવ્યું છે. છેલ્લાં ૭૦ વર્ષના ઇતિહાસમાં Computer, Internet, Mobile વગેરે નવાં શોધાયાં છે. આ શોધોમાં આપણો ભારતીયોનો શો ફાળો ? આવો મોટો ફાળો આપવા તમારે બધાયે મહેનત કરવી પડશે. આવું મુશ્કેલ કામ કઈ રીતે થાય ? આના માટે લગન લાગેલી હોય તો જ બને, મનન અને લગનથી આ બધું શક્ય બની શકે. કડીની સંસ્થા એકલા ભણતર માટે જાણીતી નથી. સમાજની ક્રાન્તિ માટે પણ જાણીતી છે. તમારે પ્રેરણા લેવી જોઈએ. આજે દેશના ગમે તે ગામડામાં જાઓ. જુઓ, તો શું દેખાય છે ? ચારે બાજુ પ્લાસ્ટિક અને કચરો. આજે કોઈને સમયની કિંમત જ નથી કોઈ સમયસર આવતું નથી. સમયસર કામ થવું ખૂબ જ જરૂરી છે. દુઃખ સાથે કહેવું પડે છે કે આપણા વડાપ્રધાન પણ જાહેર કાર્યક્રમોમાં કેટલાક કલાક મોડા આવે છે. આજનો સમય દરેકને સમયસર કામ કરતો કરવાનો છે. આજે સામાજિક રીત-રિવાજ ઉદા. તરીકે લગ્ન વગેરેમાં ઉછીના રૂપિયા લાવીને ધૂમ ખર્ચ કરવામાં આવે છે, જે ઉચિત નથી. આ સ્કૉલરશિપ મેળવનાર વિદ્યાર્થીઓને મારી વિનંતી છે કે જ્યારે તેઓ લગ્નનો ભાર ઉપાડી શકે ત્યારે પોતાની કમાણીથી આ પ્રસંગ ઊજવવાનું રાખે અને સમાજ સમક્ષ એક ઉમદા ઉદાહરણ પૂરું પાડે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે આજના ગૌરવશીલ પ્રસંગે ઉપસ્થિત સર્વ દાતાશ્રીઓ, મહાનુભાવો, વાલીઓ વગેરેનો અંતઃકરણપૂર્વક આભાર માનીને વિદ્યાર્થીઓ સર્વ વિદ્યાલયની ઉમદા પ્રવૃત્તિઓથી - ઉદા. તરીકે મેરિટ સ્કૉલરશિપ, જરૂરતમંદ વિદ્યાર્થીઓને ફી માફી, પોતાના કુટુંબના નિર્વાહ માટે અભ્યાસ છોડી જતા વિદ્યાર્થીઓને ફી માફી ઉપરાંત પાર્ટ-ટાઇમ જોબ આપવી વગેરે- સુપરિચિત બની તે થકી પ્રેરણા મેળવે તેવા ઉમદાભાવ સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સ્થાપના સમયની સામાજિક, આર્થિક અને શિક્ષણની સ્થિતિની યથાતથ વિગતો જણાવીને મંડળનાં શિક્ષણ થકી સમાજસેવાનાં કાર્યોની તથા પૂ. છગનભા અને અન્ય ઉત્તરાધિકારી કર્ણધારોની ધ્યેયનિષ્ઠાની ઝાંખી ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં કરાવતાં વિદ્યાર્થીઓને હૃદયસ્થભાવે જણાવ્યું હતું કે આપ સૌ આપનાં વિદ્યાકીય તપ અને કાર્યો થકી સર્વ વિદ્યાલયનું નામ ઉજ્જ્વળ કરો તેવી અમારી અભિલાષા છે. સર્વ વિદ્યાલયનો વિદ્યાર્થી ઘણાં વિદ્યાર્થીઓના સમૂહ

વચ્ચે પણ અલગ તરી આવવો જોઈએ તેવી અમે અપેક્ષા રાખીએ છીએ. અમે સૌ ઇચ્છીએ છીએ કે તમારી આવકની બચતમાંથી તમારા કુટુંબ, પરિવાર, ગામ કે આસપાસના પ્રદેશની સેવા કરશો. આમ કરતાં કંઈ બચે તો જ સર્વ વિદ્યાલયને આપશો, કે જેના થકી અમે વિદ્યાર્થીઓને આવશ્યક જરૂરિયાતો પૂરી પાડીશું. વિદ્યાર્થીઓને પ્રેરક ઉદાહરણ પૂરું પાડતાં તેમણે કહ્યું કે અમેરિકાની યુનિવર્સિટીમાં અધ્યાપનકાર્યમાંથી વયમર્યાદાના કારણે સેવાનિવૃત્ત થઈ પોતાના વતન શેરથામાં સ્થાયી થઈને સેવાકાર્યો કરનાર પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈનાં કાર્યોની સરાહના કરતાં તેમણે જણાવ્યું હતું કે તેઓશ્રીએ પોતાના ગામને સ્વચ્છ રાખવા દરરોજ ગામની સફાઈ જાતે કરવાનું શરૂ કરતાં તેમના ગામના કેટલાક યુવાનો આ કાર્યથી પ્રેરાઈ તેમના કાર્યમાં જોતરાયા હતા. આ રીતે તેમણે પોતાના ગામને જાગ્રત કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. વિદ્યાર્થી મિત્રો તમારે સૌએ ધ્યાન એ રાખવાનું છે કે તમને મળેલ મેરિટ સ્કૉલરશિપ આ બધા દાતાશ્રીઓના પરસેવાની કમાણી છે. દાતાશ્રીઓનું આ ઋણ તમારા શિરે રહે છે, જે તમારે સમાજને અદા કરવાની તમારી નૈતિક જવાબદારી બની રહે છે. વધુમાં, તેમણે આ સંસ્થાના વિકાસમાં ઋષિકુળ પરંપરાનાં ઉજ્જ્વળ નક્ષત્રો સમાન આચાર્યશ્રીઓ, શિક્ષકો વગેરેએ કડીને એક શ્રેષ્ઠ શિક્ષણધામમાં પરિવર્તિત કરવાના પ્રદાનની નોંધ લેતાં ઉદાહરણ સ્વરૂપે જણાવ્યું હતું કે તત્કાલીન સમયે પરણિત વિદ્યાર્થીઓ શાળામાં ચડ્ડી પહેરવામાં ક્ષોભ અનુભવતા હોવાથી આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈસાહેબ અને શિક્ષકોએ પણ શાળામાં ચડ્ડી પહેરીને આવવાનું ઉદાહરણ પૂરું પાડીને વિદ્યાર્થીઓનો ક્ષોભ દૂર કર્યો હતો. મારે ઉલ્લેખ કરવો જોઈએ કે આ મંડળમાં વિશ્વાસ રાખીને ગુજરાત સરકારે ગાંધીનગરની માધ્યમિક / ઉચ્ચમાધ્યમિક શાળાઓના સંચાલનની જવાબદારી આપણને સોંપી છે. અમે સૌએ આ કાર્યને સમાજ પ્રત્યેની ફરજ અને એક પડકાર તરીકે સ્વીકારી લઈ કાર્ય કરતાં ઇતિહાસ એ સર્જ્યો કે આ શાળાઓના ઇતિહાસમાં સૌપ્રથમ વખત ત્રણ વિદ્યાર્થીઓ મેડિકલમાં પ્રવેશ મેળવી શક્યા. છેલ્લે આ જ્ઞાનયજ્ઞ જેમના સહયોગથી શકય બની રહ્યો છે તેવા દાતાશ્રીઓની તેમણે મુક્તકંઠે પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે અહીં ઉપસ્થિત દાતાશ્રીઓ અહીં બેઠે બેઠે એક-એક કરોડનાં દાન આપી શકે તેવા સક્ષમ છે, પરંતુ સમય આવે આ રકમથી અને આપણી અપેક્ષાથી પણ વધુ દાન આપશે તેવી મને શ્રદ્ધા છે.

કાર્યક્રમના અંતમાં કુલસચિવ શ્રી સૂર્યકૃષ્ણન મંત્રાલાએ આભારવિધિ કરી હતી. તેમણે સૌનો આભાર માનતાં ભાવવિભોર હૈયે ઋણસ્વીકારની ભાવના સાથે જણાવ્યું હતું કે પોતાના ઘડતરમાં પૂજ્ય માણેકલાલસાહેબનો ઘણો મોટો ફાળો રહ્યો છે. તેમની સાથેના લાંબા સંપર્કથી હું તેમની પાસેથી ઘણું શીખ્યો છું. તેમનું ઋણ મારા શિરે છે, જે સદૈવ અવિસ્મરણીય બની રહેશે.

## ડૉ. સોમાભાઈ પટેલ 'સારસ્વત અવૉર્ડ'થી વિભૂષિત

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સંચાલિત ગાંધીનગરના સેક્ટર-૨૩માં સ્થિત શૈક્ષણિક સંકુલના કેમ્પસ ડાયરેક્ટર (૧૯૯૮થી કાર્યરત) અને આ કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ (ગાંધીનગર)ના સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ (૧૯૯૧-૧૯૯૮) ડૉ. સોમાભાઈ સી. પટેલને તેમના શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રોના પ્રદાનને ધ્યાને લઈને ગુજરાતમાં પ્રાથમિકથી ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર સેવાઓ આપી રહેલ 'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા 'સારસ્વત અવૉર્ડ' એનાયત કરી વિભૂષિત કરવામાં આવ્યા. પ્રસ્તુત અવૉર્ડ ગુજરાત રાજ્યના સેવા-નિવૃત્ત મુખ્ય સચિવ, ગાંધી સાહિત્યના પ્રખર અભ્યાસી, કુશળ વક્તા, ચિંતક અને સમાજ-સેવા ક્ષેત્રે અગ્રણી શ્રી પ્રવીણ લહેરીના અધ્યક્ષપદે આયોજિત સમારોહમાં તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ એનાયત કરવામાં આવ્યો. ડૉ. સોમાભાઈ પટેલ ગુજરાતી ભાષા સાહિત્યના પીઢ અભ્યાસી હોવા ઉપરાંત અદના સમાજ-સેવક પણ છે. તેઓશ્રી છેલ્લાં કેટલાંક વર્ષોથી ગાંધીનગરના સેક્ટર-૨૮માં સ્થિત ઝૂંપડપટ્ટીનાં બાળકો માટે પ્રતિદિન સાંજના ૫.૩૦થી ૭.૦૦ કલાક સુધી અક્ષરજ્ઞાન પ્રદાન કરાવવાનો જ્ઞાનયજ્ઞ એક શિક્ષક

તરીકેની જવાબદારીની સભાનતા સાથે નિજાનંદથી ચલાવી રહ્યા છે. તેમનું આ કાર્ય એક જાગરૂક શિક્ષકના ઉત્તરદાયિત્વનું દ્યોતક બની રહ્યું છે. તેમણે કારકિર્દીની શરૂઆત વડનગરની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કરી હતી, જ્યાં તેમને ભારતના ભાવિ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે મળતાં તેની કારકિર્દીના ઘડતરમાં યત્કિંચિત ફાળો આપવાનું શ્રેય મળ્યું. આ ઉપરાંત તેમણે વિસનગરની હાઈસ્કૂલમાં થોડોક સમય અને પાટણની પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે ૨૭ વર્ષ સુધી અધ્યાપકીય સજ્જતા સાથે સેવાઓ આપી હતી. તેમણે 'મધ્યકાલીન ગુજરાતી કવિતામાં પ્રેમલક્ષણા ભકિત' વિષયમાં અધ્યયન - સંશોધન કરીને પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. ભાષાવિજ્ઞાન એ એમના રસ-અધ્યયન-અધ્યાપનનો વિષય રહ્યો છે. તેમના દ્વારા સંપાદિત જયશંકર સુંદરીની આત્મકથા 'થોડાંક આંસુ થોડાં ફૂલ' કાકાસાહેબ કાલેલકર પારિતોષિકથી પુરસ્કૃત કરવામાં આવી છે. તેમના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે અંજના બારોટ સંપાદિત 'સૌમ્ય પ્રતિભા' (૨૦૧૩) શીર્ષક હેઠળનો અભિવાદન-ગ્રંથ તેમને અર્પણ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે 'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ'ના સ્થાપક-મેનેજિંગ ટ્રસ્ટી અને ચેરમેન ડૉ. મફતલાલ પટેલ છેલ્લાં ઘણાં વર્ષોથી સ્વાન્તઃસુખાયની ઉદાત્ત ભાવનાથી પ્રેરાઈને આ શિક્ષણયજ્ઞ ચલાવી રહ્યા છે. તેઓશ્રી અગ્રણી કેળવણીવિદ્ હોવા ઉપરાંત મનોવિજ્ઞાન અને હિંદીના વિદ્વાન તરીકે પણ ખ્યાતિપ્રાપ્ત છે. ગુજરાતમાં શિક્ષણના પ્રચાર-પ્રસાર અર્થે તેઓશ્રી છેલ્લાં ઘણાં વર્ષોથી પરિસંવાદોનું નિયમિત આયોજન કરવા ઉપરાંત 'અચલા' સામયિકનું સંપાદન - પ્રકાશન કરી રહ્યા છે. આ પરિસંવાદોમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીની અચૂક ઉપસ્થિતિની સાથે સાથે અગ્રણી શિક્ષણશાત્રીઓની ઉપસ્થિતિ આગવી વિશેષતા છે. ડૉ. મફતભાઈ કૃત વિવિધ વિષયક ૨૫થી અધિક ગ્રંથો પ્રકાશિત છે. પ્રસ્તુત સમારોહમાં ગુજરાતમાં શિક્ષણ અને સમાજસેવા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર વિદ્યાપુરુષોનું 'સારસ્વત અવૉર્ડ'થી અને પ્રાથમિક - માધ્યમિક શાળાઓના શિક્ષકોને પ્રશસ્તિ-પત્રની સાથે રૂ. ૧૦,૦૦૦/- એનાયત કરીને સન્માનિત કરવામાં આવે છે. ચાલુ વર્ષે તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ નીચે દર્શાવ્યા મુજબ સારસ્વતો, શિક્ષકો વગેરેને સન્માનિત કરવામાં આવ્યા : 'સારસ્વત' અવૉર્ડ : ૧ ડૉ. સોમાભાઈ સી. પટેલ (ગાંધીનગર), ૨ ડૉ. સંતોષ દેવકર (મોડાસા), ૩ શ્રી છોટુભાઈ કચરાભાઈ પટેલ (પોર, તા. ગાંધીનગર), ૪ ડૉ. પ્રો. રામુભાઈ પટેલ (પીંઢારપુરા, તા. ચાણસ્મા; અમદાવાદ) ૫ પ્રિ. અમીચંદભાઈ શા. પટેલ (હિંમતનગર), ૬ ડૉ. હસમુખ બોરાણિયા (બાલાપુર, જિ. અમરેલી) ૭ શ્રી બકોરભાઈ ટી. પટેલ (ઉનાવા, ગાંધીનગર) અને ૮ શ્રી મણિભાઈ પટેલ (રૂપપુર, તા. ચાણસ્મા). 'શ્રેષ્ઠ શિક્ષક' અવૉર્ડ : ૧ શ્રી બળવંત તેજાણી (કરદેજ, જિ. ભાવનગર), ૨ શ્રી પ્રવીણભાઈ મકવાણા (આંગણકા, તા. મહુવા), ૩ જાનીબહેન ભાદરકા (પ્રિન્સિપાલ, જી.સી.હાઈસ્કૂલ, અમદાવાદ), ૪ રિન્કુબેન રાઠોડ (વાઘજીપુર, જિ. પંચમહાલ) અને ૫ શ્રી સુરેશકુમાર ઠક્કર (ગોચનાદ, તા. સમી). વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન : ૧ શ્રી ભાઈલાલભાઈ પટેલ (સામાજિક કાર્યકર, યુએસએ), ૨ શ્રી મુકેશકુમાર મંગળભાઈ પટેલ (નાયબ કલેક્ટર, બોડેલી), ૩ શ્રીમતી ડૉ. સંગીતાબેન દાણી (વૈદિક વાસ્તુશાત્રી), ૪ ડૉ. ગોરધનભાઈ પટેલ (મણુંદ, તા. ચાણસ્મા; વૈજ્ઞાનિક-યુ.એસ.એ.), ૫ શ્રી કાશીરામભાઈ પટેલ (પલાસર, તા.ચાણસ્મા; યુ.એસ.એ.) અને ૬ પ્રિ. કેશુભાઈ પટેલ (નિવૃત્ત પ્રિન્સિપાલ, માણસા).

## પ્રિ. ડૉ. ગાર્ગી રાજપરા, કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં Director/ I/C તરીકે નિયુક્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના ડાયરેક્ટર પદેથી પ્રો. ડી. ટી. કાપડિયા સેવાનિવૃત્ત થતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એલ.ડી.આર.પી. એન્ડ આઈ.ટી.આર.નાં પ્રિન્સિપાલ ડૉ. ગાર્ગી રાજપરાને ડાયરેક્ટર I/C તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં. ડૉ. ગાર્ગીબેને તેમણે વધારાનો આ કાર્યભાર તા. ૧૩ જાન્યુઆરી, ૨૦૧૮થી સંભાળી લીધો છે. હાર્દિક સ્વાગત છે.

# તાવ સે અક્ખર ઘોલિઅઈ, જાવ ણિરક્ખર હોઈ : એક અનુબંધમીમાંસા

સિતાંશુ યશશ્ચંદ્ર

## क

**૧.**

ત્યાં લગ અક્ષર ઘોળ, જ્યાં લગ તું નિરક્ષર થાય.

નિરક્ષરતાની સાધનાની વાતથી આજ આપ સહુ વિદ્વદ્‌જનો સાથેની ગોષ્ઠિની શરૂઆત કરું છું, ને તે પણ પરિષદપ્રમુખની જવાબદારી સ્વીકારતી વેળાએ - એ કશી સરતચૂકથી તો નથી ને, એવો સવાલ કોઈને થાય ! સવાલો થવા જોઈએ, કેમ કે જ્યાં પરસ્પર પ્રશ્નો પૂછી શકાય, ત્યાં પરિષદ પાંગરે છે. કૂંડાળે બેસી નાત જમાડવાની જગ્યા તે જુદી. તો કહેવાનું એ કે નિરક્ષરતાની સાધનાની એ વાત કોઈ ભૂલથી અને અનવધાનથી નથી થઈ; ન તો આજે કે ન તો અહીં મથાળે જેની પંક્તિ ટાંકી છે, એ કવિ સરહપાદના સમયમાં.

ઈસવીસન અથવા સામાન્ય સંવત્સરના આઠમા શતકમાં થઈ ગયેલા કવિ-સિદ્ધપુરુષ સરહપાદના આ શબ્દો આજે યાદ કરવાનાં ત્રણ કારણો છે.

પહેલું એ કે કવિનું એ સૂચન ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યની આત્મપરીક્ષણ, સમકાલાન્વેક્ષણ અને બંનેમાંથી નીપજતી નિર્ભય પ્રયોગશીલતા તરફ આંગળી ચીંધે છે. બીજું કારણ એ કે સરહપાદના એ શબ્દો ભારતીય સાહિત્યવિચારમાં અને સંસ્કૃતિમીમાંસામાં જે એક ખુલ્લાપણું છે (જેને જૈન દર્શન અનેકાંતવાદ કહે છે અને એક જ નહીં, છ દર્શનોનો, તેમ જ બૌદ્ધ, જૈન, ચાર્વાક દર્શનોના પણ દર્શનરૂપે સ્વીકાર કરનારી વૈદિક પરંપરા જેને ચરિતાર્થ કરે છે, એવો જે ભારતીય મુક્તાવકાશ છે), એ તરફ પણ સંકેત કરે છે. ત્રીજું, કદાચ સહુથી વધારે તાકીદનું કારણ એ કે સરહપાદને અને એમના માધ્યમે મળતા બીજા કેટલાક ભારતીય સર્જકોની કૃતિઓને માર્ગે ચાલતા ભારતીય સાહિત્યના અધુનાતમ સંકેતવિજ્ઞાન તરફ થોડાં પગલાં ભરી શકાય.

આ ત્રણે મુદ્દાઓને સહેજ વિસ્તારથી સમજીએ :

**(૧) ભારતીય સાહિત્યની નિર્ભય પ્રયોગશીલતા :** સરહપાદ જેને નવપ્રાપ્ત નિરક્ષરતા કહે એને સમજવા માટે આજે આધુનિક કમ્પ્યૂટર ટૅક્નોલૉજી જેને 'ઈરેઝર કોડિંગ' કહે છે, એ સંજ્ઞા કામ લાગે. Eraser Codingની એક વ્યાખ્યા આવી છે : A method of data protection in which data is broken into fragments, expanded and encoded with redundant data pieces and stored across a set of different locations or storage media. કમ્પ્યૂટરમાં જે વધારાની કે હાલ અપ્રસ્તુત બનેલી જ્ઞાનસામગ્રી સંચિત થઈ ગઈ હોય, એને છૂટી પાડી કોઈ અલગ લોકેશને કે સ્થાનકે રાખી મૂકવી, એનું નામ ઈરેઝર કોડિંગ.

'ખટપટને ખટપટવા દે' એમ કહેતો આપણો બળકટ અખો કે અખાના સમર્થ પુરોગામી, 'નિરક્ષરતા'ની વાત કરતા સરહપા, બંનેની વાત સમજવામાં આ 'ઈરેઝર'ની વિભાવના ઉપયોગી બને. કમ્પ્યૂટર ટૅક્નોલૉજીમાં જ નહીં, નાત્ઝી યાતનાશિબિરોમાંથી મળેલી પીડિતોની હસ્તપ્રતોના વાચન પછી ચર્ચાયેલા 'પોએટિક્સ ઑફ ઈરેઝર'માં પણ ભૂંસીને વાંચવું એની વિભાવના અને રચનારીતિ જોવા મળે છે.

તો સરહપાનું આ 'તાવ સે અકખર ઘોલિઅઈ ?' એ શું છે ? કોઈ એક સમાજ પરિશ્રમપૂર્વક જ્ઞાનસંચય કરે, પણ એ પરંપરા પછીના કોઈક સમયે એક નવીનકોર નિરક્ષરતાની આવશ્યકતા અનુભવે, એ ઘટનાનો જ્ઞાનમીમાંસાગત, સમાજમીમાંસાગત, ઈતિહાસમીમાંસાગત અર્થ શો તારવી શકાય ? જ્ઞાનપ્રાપ્તિ પહેલાંની નિરક્ષરતાથી આવી જ્ઞાનપ્રાપ્તિ પછીની નિરક્ષરતા કઈ રીતે જુદી પડે ? એની સાધના પદ્ધતિ કઈ ? – અને આવા સવાલો આપણી સામે

સરહપાદ મૂકે છે. આવું શરસંધાન આ સરહો આપણી સામે નથી કરતો. બલ્કે એક નવા નિશાનને તાકવા સારુ આપણી પાસે કરાવે છે.

**(૨) ભારતીય સાહિત્યના મુક્તાવકાશો :** ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિના વિશાળ પ્રદેશોમાં આનંદપર્યટન કરવાના અલગ-અલગ માર્ગો છે. કોઈ પ્રવાસી પસંદ કરે કે એણે દર્શનદીપ્ત ઉપનિષદોના ચીંધ્યા માર્ગે ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિ નીરખવાં છે. કોઈને પ્રેમલક્ષણા ભક્તિકવિતાના રમણીય ઇંગિતોએ ચીંધ્યા માર્ગોએ થઈને ઘૂમી વળવાનું મન થાય. એ બંને અલબત્ત, આનંદભર્યા પ્રવાસો બને. પણ ક્યારેક, કોઈ પ્રવાસીએ સાહિત્ય અને એ સંસ્કૃતિની એનાથી અલગ પ્રકારની ટોપોગ્રાફી જોવી હોય, જુદા તલરૂપો કે સ્થળાલેખનો જોવાં હોય. એવું પરિભ્રમણ-સાહસ કરવા માટે સામાન્ય સંવત્સરના પહેલા સહસ્રાબ્દના અંતના અને બીજાના આરંભના પાંચ-છ શતકોનું ભારતીય સાહિત્ય, એના સંસ્કૃતિસંદર્ભ સાથે તપાસવા જેવું છે. ભારતીય સાહિત્યનાં તલરૂપો, અપાર વિવિધતાવાળાં છે. એ સૂર્ય-ચંદ્ર-વિદ્યુત ત્રણે પ્રકારના પ્રકાશથી આલોકિત છે. એમાં ઘુમાય તેટલું ઘૂમી વળવા જેવું છે, ક્યારેક ઝળહળતી બપોરે, ક્યારેક સૌમ્ય પૂનમે, તો ક્યારેક કોક મેઘલી રાતે પણ. આજે તો એ વીજઝબકતી એક યુગસંધિના વિકટ માર્ગે ચાલી, એ સૌંદર્યલોકની એક છોટી સી ઝાંખી કરાવતી સાહસસફર આપની સાથે કરી લેવી છે.

**(૩) ભારતીય સાહિત્યનું સંકેતવિજ્ઞાન એટલે શું** એ ટૂંકમાં જોઈએ. કોઈ એક સમાજમાં એણે સ્વીકારેલા સંકેતો પરસ્પર જોડાઈને એ સમાજ માટે અર્થયુક્તતા કઈ રીતે નિપજાવે છે, એ સમજવાનું વિજ્ઞાન એટલે સંકેતવિજ્ઞાન. દરેક સંકેતકને પોતાનો અર્થ ત્યારે જ સાંપડે જ્યારે એ સંકેતક, એ સમાજે સ્વીકારેલી સંકેતન-વ્યવસ્થાનો, સેમિઓટિક નેટવર્કનો, એક ભાગ બને. સ્વસ્તિકનું ચિત્ર જ્યારે ગુજરાતના કોઈ ઘરની ભીંત ઉપર આલેખાય ત્યારે એ પરિવેશમાં એનો એક અર્થ નીપજી આવે. પણ ધ્રુવ પ્રદેશમાં એસ્કીમોના ઇગ્લુની ભીંતે એ જ ચિત્ર કોતરો તો ત્યાં એ સમાજમાં કદાચ કોઈ અર્થ ન સૂચવાય. અને નાત્ઝી જર્મનીના ઝંડાઓ ઉપર, ત્યારના જર્મનસમાજ માટે સ્વસ્તિકનો જુદો અર્થ થાય. ભારતીય સાહિત્યને સમગ્રપણે જો ભારતીય સમાજ માટેના એક અર્થકારી સંકેતક તરીકે જોઈએ તો એ સંકેતકે એ સમાજના બીજા બધા સંકેતકો સાથે જોડાઈ, ભારતીય સંકેતન-વ્યવસ્થાના એક અંશ રૂપે પોતાનું સ્થાન લેવું જોઈએ.

બીજા શબ્દોમાં કહીએ તો ભારતીય સાહિત્ય અનેક અનુબંધો વડે ભારતીય સંસ્કૃતિના બીજા અનેક ઘટકો સાથે જોડાય. તો જ એની અર્થવત્તા પ્રગટ થાય. સાહિત્યનો અર્થ આ બધા સંકેતકો કહેતાં સમાજ, રાજ્ય, અર્થતંત્ર વગેરે 'સાંસ્કૃતિક સંસ્થાઓ' સાથેના અનુબંધોમાંથી પ્રગટ થાય છે. સામી બાજુ, એ બધા સંકેતકોની અર્થવત્તા પણ એમના સાહિત્ય સાથેના અનુબંધોમાંથી પ્રગટ થાય છે. સાહિત્ય અને રાજ્ય-ધર્મ-અર્થકારણ વગેરે વચ્ચે એકમેકને સાર્થક બનાવવાનો સંબંધ હોય છે, આશ્રિત-આશ્રયનો, ઉચ્ચાવચતાનો સંબંધ નથી હોતો. એટલે સમજી શકાય કે કેવળ સાહિત્યે સમાજાભિમુખ કે જીવનાભિમુખ કે વાસ્તવવાદી બનવું જોઈએ, એવા મત સાથે સાહિત્યના સંકેતવિજ્ઞાનનો કોઈ મેળ પડતો નથી. સમાજ, રાજ્ય, ધર્મ, અર્થસત્તા એ દરેકે પણ સાહિત્યાભિમુખ, કલાભિમુખ એટલા માટે થવું ઘટે કે એ વિના એ દરેકનો અર્થ પણ અધૂરો રહી જાય છે.

આપણા 'આધુનિકોમાં આદ્ય' એવા વિલક્ષણ કવિ-જનનાયક નર્મદ, એમના પુસ્તક, રાજ્યરંગમાં, આ વાતને આબાદ પકડી શક્યા છે. 'રાજ્ય' શબ્દના મૂળમાં જઈ નર્મદ 'રાજ્' ધાતુને ચીંધે છે : 'રાજ્' એટલે 'રાજવું' કે 'શોભવું'. એ લખે છે : 'રાજ્ ધાતુનો અર્થ શોભવું છે ને રાજ્ય એટલે સત્તાને માનનારું - શોભતું. જનમંડળ અથવા જનમંડળ ઉપર શોભતી સત્તા. સર્વ સૌંદર્યમાં સત્તાસૌંદર્ય શ્રેષ્ઠ છે.' (નર્મદ, રાજ્યરંગ, સં. રમેશ શુક્લ, ૧૯૯૭, પૃ. ૨૨) ગોવર્ધનરામ અને ગાંધી પણ વાંચે તો રાજી થાય અને કશુંક પામે એવા આ શબ્દો ગુજરાતી ભાષામાં લખાયા, એ ગુજરાતીનું ગૌરવ છે - જો હાલના ગુજરાતીઓ (શિક્ષણસંચાલકો, શાસકવર્ગ, સચિવગણ અને શ્રેષ્ઠીઓ) આ પુસ્તક વાંચે અને સમજે તો એમનું યે !

જો સહુ સમજે તો એક પ્રજાસત્તાક રાષ્ટ્રની શોભીતી રાજ્યસત્તા, મહાજનપરંપરાની કુશળ અર્થસત્તા, સમુદાર ધર્મસત્તા, સ્વશાસિત સમાજની ગરિમા અને ત્રણેની સંયુક્ત પ્રાણશક્તિને રમણીય રૂપોમાં પ્રગટ કરતું સાહિત્ય – એ ચારેય પરિબળો વ્યસ્તપણે નહીં, સમુદિતપણે પરસ્પર સંકળાઈ શકે. અને આપણા આ ગુજરાતી સાહિત્યનો અધિક સરસરંગ સત્વરે થાય. આ ત્રણ કારણે આજની વિદ્‌સભામાં નિરક્ષરતાની સાધનાની

વાત ઉપાડી છે અને આપ સહુની સાથે રહીને એક નાનકડી તોયે સાહસભરી સફર કરવા ધાર્યું છે.

૨.

આ પ્રવાસની ભૂમિકા અંગે થોડી સ્પષ્ટતા કરીએ :

સરહપાદ વિશ્વખ્યાત નાલંદા વિદ્યાપીઠના એક આચાર્ય અને વજ્રયાન બૌદ્ધ પરંપરાના મહાસિદ્ધ હતા. એમના સમયમાં એટલે કે આઠમી સદીમાં, તત્કાલીન ભારતીય સંસ્કૃતિ ચારસો વરસ ચાલનારી એક ભારે કસોટીની શરૂઆતનો અનુભવ કરતી હતી. એ ચાર સદીઓ દરમિયાન એ સંસ્કૃતિએ, ટકી રહેવા માટે આત્મપરીક્ષણના કઠોર માર્ગે ચાલવાનું હતું. એ માર્ગનાં અનેક નામોમાં 'વજ્રયાન' એ એક નામ ઠીક જ અપાયું છે. એ યાન કહેતાં માર્ગ કઠોર હતો. ભારતના સંસ્કૃતિદેહની જાણે કે કીમોથેરપી ચાલતી હતી. નાથ અને સિદ્ધ સંપ્રદાયના નિર્મમ કવિ-ચિન્તકો, ગોરક્ષનાથ અને સરહપા સહિતના અગ્રણીઓ એ દાહ-ચિકિત્સા કરી જાણતા. એ શતાબ્દીઓમાં ભારતીય સંસ્કૃતિએ પોતાના ભૂતકાળમાં જે છોડવાજોગ હતું તે છોડી દેવાની, બદલવાપાત્ર હતું તે બદલવાની, જેનું નવેસરથી નિર્માણ કરવાનું હતું તે જાતે સરજી લેવાની પોતાની મૂળગત ક્ષમતાનો ભરપૂર ઉપયોગ કર્યો. જૂની સાક્ષરતાને પરીક્ષણના દાહક પ્રવાહીમાં ઓગાળી નાખી નવેસરથી નિરક્ષર થવાનો ઉદ્યમ કરવાનો એ સમય હતો.

એક સહસ્રાબ્દ પછી, અઢારમી સદીના ભારત સામે ફરી ચારસો વરસ ચાલે એવી કસોટી આવી પહોંચી. અઢારમી સદી નાદિરશાહ (કર્નાલ, ૧૭૩૯, રોબર્ટ ક્લાઈવ (પ્લાસી, ૧૭૫૭) અને પાણીપત (૧૭૬૧)નો આતંક લઈને ભારતમાં આવી. મધ્યકાલીન ભારતનો અસ્ત અને અર્વાચીનનો ઉદય અઢારમી અને ઓગણીસમી સદી દરમિયાન થયો. પણ પહેલા સહસ્રાબ્દને અંતે, સા. સં. આઠસોથી બારસો વચ્ચેના ચાર શતકમાં સમયની જે ગતિ હતી, એની તુલનામાં આપણી નજીકના આ બીજા સહસ્રાબ્દને અંતે, ઈ. સ. અઢારમીથી એકવીસમી સદી વચ્ચેની યુગસંધિના સમયની ઝડપ, અશ્વની દોડથી અવકાશયાનની ગતિ જેટલી જુદી હોય એટલે અલગ જણાય છે.

આજે હવે એકવીસમી સદીમાં ભારતીય સંસ્કૃતિ કયે માર્ગે, કયાં સાધનોથી, કયે વળાંકે પોતાની યાત્રા આગળ ચલાવી શકે, એ જાણવાનો ઉદ્યમ ચાલે છે.

નર્મદે ચીંધેલું 'સ્વાભિમાન' સાચવીને ભારતની પોતાની આવતી કાલ સુધી જાતે ચાલીને જવું હોય તો કેટલાક પ્રશ્નો આજે અહીં ઉઠાવવા પડે. એ સવાલો સાહિત્યના જીવન, વાસ્તવ અને સમાજ સાથેના અનુબંધો અંગેના છે. ભારતીય સવાલો સાહિત્યમીમાંસાના છે. છતાં, બલ્કે તેથી જ સંસ્કૃતિમીમાંસાના પણ છે. સાહિત્ય એટલે શું, સાહિત્યકૃતિને કઈ રીતે રચવી, ઓળખવી, પ્રચલિત કરવી અને માણવી એની પૂરી મીમાંસા કરવી હોય તો એ મીમાંસા રાજ્ય, ધર્મ, અર્થકારણ અને ભાષા વગેરે સાથેના સાહિત્યના અંદરથી ઊગેલા અને ઉપરથી લાદેલા, ઉપકારક અને વિઘાતક એવા સર્વ સંબંધોની નિર્મમ છણાવટ કર્યા વિના શક્ય નથી. રાજ્યકારણ, ધર્મકારણ અને અર્થકારણનાં પરિબળો સર્જનશીલ અને શોભીતાં હોય, એવી અપેક્ષા, નર્મદે રાજ્યરંગમાં રાખી હતી એમ જરૂર રાખી શકાય, ગાફેલ બની ખાતરી ન રાખી શકાય.

## ख

૧.

સાહિત્ય જીવન સાથે, વાસ્તવ સાથે, સમાજ સાથે સેમિઓટિકલી, સંકેતનપૂર્વક કઈ રીતે સંકળાય છે ? એના સંકેતનશીલ અનુબંધોનું સ્વરૂપ શું ? એ અનુબંધો જ્યાં રચાય એ લોકેશન્સ કહેતા સ્થાનકો કયાં ? આ અને આવા સવાલો હવે આપણી સામે આવે છે.

એમાં સહાય કરે એવી એક સંજ્ઞા મહાભારતના 'આરણ્યક પર્વ'માં મળે છે. મહાભારત-કારે અસ્તિત્વની એક ભારે કટોકટીના પ્રસંગે યોજેલો એ શબ્દ છે **निरधिष्ठान.** એ શબ્દ અધિષ્ઠાન-ના દ્વંદ્વ-વિરોધે બન્યો છે. 'સ્થા' ધાતુ સ્થિર થઈ ઊભા રહેવાનો અર્થ સૂચવે છે. 'સ્થાન' શબ્દમાં 'અધિ' પૂર્વગ ઉમેરાતા 'અધિષ્ઠાન' શબ્દ બને. રથ ઉપર યોદ્ધાએ ઊભા રહેવાનું જે સ્થાન રથ-નિર્માતાએ બનાવ્યું હોય, એ રથમાં રથીનું અધિષ્ઠાન ગણાય. ત્યાં સારથિ ન બેસે. ન તો સારથિના અધિષ્ઠાને યોદ્ધો સ્વાધિષ્ઠાને રહીને ઉત્તમ રીતે યુદ્ધ કરી શકે. આમ 'અધિષ્ઠાન' સંજ્ઞા સર્વ અનુબંધોની મૂલગામી મીમાંસા કરવામાં ઉપયોગી બને.

મહાકવિ વ્યાસે જે અનેક આદિરૂપો અને પુરાકલ્પનો મહાભારતમાં રચી આપ્યાં છે, એમાંનું એક 'આરણ્યક પર્વ'માં આવે છે. અર્જુન જ્યારે ઇન્દ્ર, શિવ આદિ દેવો પાસેથી દિવ્ય અસ્ત્રો લઈને પોતાના ભાઈઓ પાસે હિમાલયનાં અરણ્યોમાં પાછો આવે છે ત્યારે દેશવટે

કઢાયેલા એ ભાઈઓ અર્જુનના એ નવાં અસ્ત્રો શત્રુનાશ માટે કેવાં અસરકારક છે, એ જોવા અધીરા થયા છે. અર્જુન એ દિવ્યાસ્ત્રોનો પ્રયોગ કરી બતાવવાનું શરૂ કરે છે. ખરા શત્રુઓ તો સામે છે નહીં, યુદ્ધ પણ નથી. તે છતાં અર્જુન નવાં મેળવેલાં ભયાનક અસ્ત્રોનો પ્રયોગ શરૂ કરે છે. નિકટવર્તી નિર્દોષ પશુ-પક્ષી-વનસ્પતિ-માનવ અગણિત જીવો મૃત્યુ અને એથી વધારે ભયંકર કષ્ટ પામે છે. નિર્દોષોનો એ મહાવિનાશ જોઈ દોડી આવેલા યક્ષ, રાક્ષસ, ગંધર્વ, પક્ષીગણ, દેવગણ, તાપસો, લોકપાલો, બ્રહ્મા અને સ્વયં ભગવાન મહાદેવ, શક્તિનું આ વરવું પ્રદર્શન જોતાં જ રહી જાય છે. ત્યારે એ સર્વ વતી અર્જુન પાસે દોડી ગયેલા મુનિ નારદની ઉક્તિ મહાભારત-કારે જે રીતે રચી છે, એ એમના શબ્દોમાં સાંભળવા જેવી છે.

**तस्मिन् तु तुमुले काले नारदः सुरचोदितः**
**आगम्याह् वचः पार्थम् श्रवणीयम् इदम् नृप ॥**
**('આરણ્યક પર્વ'. ૧૭૧-૧૭)**

'હે રાજન, એ તુમુલ સમયે દેવો વડે મોકલાવેલા નારદે ત્યાં આવીને અર્જુનને આ કાને ધરવા જેવાં વચનો કહ્યાં.' શ્લોક તો અગાઉથી યોજાતા આવતા અનુષ્ટુપમાં જ છે પણ આ અનુષ્ટુપ કેવો ઉતાવળો ચાલે છે! 'આગમ્યાહ વચઃ' - આવ્યા કે તરત બોલ્યા : શું બોલ્યા એ હમણાં જોઈએ.

કવિ એ સમયને 'તુમુલ કાલ' કહે છે. તુમુલ એટલે કોલાહલભર્યું, ધમાચકડીવાળું. લોકપાલો હતા, બ્રહ્મા હતા, મહાદેવ સ્વયં હતા, તે છતાં એ સમય 'તુમુલ' હતો. કેમ કે 'અસ્ત્રૌ દહ્યમાનાઃ' અને 'પીડિતાનનાઃ સર્વે' - 'અસ્ત્રોથી દાઝેલા, પોતાના મુખ ઢાંકીને આવેલા સર્વ પ્રાણીઓ' - નું બોલવું બીજા કોઈને સંભળાતું-સમજાતું નહોતું. જીવ બચાવવાની ને જીવ લેવાની ધમાચકડી ચાલતી હતી, ત્યારે દેવોના મોકલેલા નારદની ઉક્તિના પહેલા બે શબ્દો જે રીતે મહાભારત-કારે લખ્યા છે, એમાં એમનું મહાકવિપણું વરતાય છે! અર્જુન પોતાની નવી શીખેલી યુદ્ધવિદ્યાનો, દિવ્યાસ્ત્રજ્ઞાનનો મહાવિનાશક પ્રયોગ પોતાના ભાઈઓના કુતૂહલ સંતોષવા ખાતર કરતો હતો. ત્યાં 'આગમ્યાહ' આવતાંવેંત નારદ બોલ્યા :

**अर्जुनार्जुन मा युद्धस्व दिव्यान्यस्त्राणि भारत ।**
**नैतानि निरधिष्ठाने प्रयुज्यन्ते कदाचन ॥**
**('આરણ્યક પર્વ', ૧૭૨-૧૮.)**

પહેલો જ શબ્દ સાંભળો : 'અર્જુનાર્જુન'. કેવી ઉતાવળ, કેવી તાકીદ, કેવી વ્યથા ! દેવર્ષિ છે, અનેક લોકના અનેક અનુભવો પામેલા જ્ઞાની છે. પણ આ પળે વિચલિત થઈ ગયા છે. 'અર્જુન-અર્જુન, ન ચલાવ' આવતાંવેંત એક જ વાત. પછી દિવ્યાસ્ત્રની અને નિરધિષ્ઠાન એટલે કે અયોગ્ય સ્થાનની વાત.

મહાભારત-કારે આલેખેલી આ કટોકટી શેની છે ? કવિને એ અંગેનો શબ્દ છે : નિરધિષ્ઠાન, અયોગ્ય સ્થાન. કટોકટી અસ્ત્રોએ નથી ઊભી કરી, નિરધિષ્ઠાને કરી છે. દિવ્યાસ્ત્રો જ નહીં દિવ્ય જ્ઞાન પણ જો સ્વસ્થાને ન હોય, ખોટા અધિષ્ઠાને હોય, તો જીવનવિઘાતક બને છે, તુમુલ કાલનું નિર્માણ કરનારાં બને છે.

આપણા સમયની વિવિધ સત્તાઓ પણ સ્વાધિષ્ઠાને છે કે નહીં, એ પ્રાણપ્રશ્ન આજે જગતભરમાં ખડો થયો છે. નિરધિષ્ઠાને પ્રવેશેલી રાજ્યસત્તા, ધર્મસત્તા અને ધનસત્તા તુમુલ કાળનું નિર્માણ કરે છે. સાહિત્યનું એક કામ એ છે કે ત્યાં સત્વર ઉપસ્થિત થાય અને એને કહે કે 'રાજા-રાજા, ત્યાં ન જાઓ', 'બજાર-બજાર, થોભ, મારું આ મન એ તારું અધિષ્ઠાન નથી.' 'ધર્મસત્તાઓ, હદ ન ઓળંગો'. કવિનું એ કામ છે, એમ વિશાલબુદ્ધિ મહાકવિ વ્યાસ કહે છે. એ તો ગયા. એ સમય પણ ગયો. આપણે છીએ. આપણો સમય છે. ઇતિહાસનો આજનો તબક્કો આપણા જીવનને ઘડે છે કે ? મરડે છે ? કે ભાંગે છે ? કે વિકસાવે છે ? શું કરે છે એ કોઈના કહ્યે નહીં, આપણે જાતે સમજીએ. આજે આપણે વિચારવું રહ્યું કે આપણો સમય કેવો છે ? પ્રત્યેક શક્તિ સ્વાધિષ્ઠાને તો છે ને ? આપણો સમય કોઈ તુમુલતાને ઉંબરે આવીને તો નથી ઊભો ? આજે આપણાં દિવ્યાસ્ત્રો નિરધિષ્ઠાને તો નથી પ્રયોજાતાં ? આપણા સમયની વિવિધ શક્તિઓ, સત્તાઓ પોતપોતાના અધિષ્ઠાને છે કે ભૂલભરેલી રીતે ખોટી જગ્યાએ અધિકાર જમાવવાનો પ્રયોગ કરે છે ?

સંસ્થાનવાદ જૂનો વેશ છોડી નવા વેશે જૂનું કામ કર્યા કરે છે કે એક સમુચિત ભૂમંડલીકરણમાંથી નીપજતું નવું વિશ્વ અસ્તિત્વમાં આવી રહ્યું છે? બહારી સંસ્થાનવાદની જગ્યાએ આંતરિક સંસ્થાનવાદ તો નથી આવતો, જેમાં એક જ દેશના કેટલાક પ્રદેશો અથવા સમાજો બીજા પ્રદેશો અથવા સમાજો માટે આક્રમણકારી બન્યા હોય ?

આ બધા પ્રશ્નો સાહિત્યના નથી, રાજકારણ, ધર્મકારણ કે અર્થશાસ્ત્રના છે, એમ કોઈ કહે, એમને ભલામણ કરીએ કે રામાયણ, મહાભારત, ભાગવત અને ભાસ-કાલિદાસનાં નાટક ફરી એક વાર વાંચે.

૨.

વિદૂષી ઇરાવતી કર્વેએ મહાભારતને પ્રાચીન ભારતના એક યુગાન્ત-ને નિરૂપતી કૃતિ રૂપે ઓળખાવ્યું છે. ગમે તેવા અંત પછી ફરી આરંભ કરી દેવાની શક્તિ ભારતીય સંસ્કૃતિ પાસે છે અને એ વાત ભારતીય સાહિત્ય જાણે છે. વ્યાસ પછીના એક ઉત્કર્ષબિન્દુએ કાલિદાસના મહાકાવ્ય કુમારસંભવ અને રઘુવંશ રચાયાં. ભારવિ, માઘ અને શ્રીહર્ષને માર્ગે, કિરાતાર્જુનીય, શિશુપાલવધ અને નૈષધીય દ્વારા સંસ્કૃત મહાકાવ્ય અનુક્રમે છઠ્ઠી, સાતમી અને બારમી સદી સુધી આવી ગયું. નૈષધ ચરિતમાં તો શ્રીહર્ષે નળકથા નિમિત્તે અસ્તંગત પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું જાણે એક હંસગીત લખ્યું, અને એનો આકરગ્રંથ રચ્યો. પણ ભારતીય સાહિત્ય, ભારતીય કવિતા એથી ઠીકઠીક પૂર્વે ભારતીય સંસ્કૃતિનો ભવિષ્ય ભણીનો એક નવો કેડો કંડારવા માંડી હતી. એના નવા નકશા દોરાયા તે સંસ્કૃતમાં નહીં, 'સંધ્યાભાષા'-માં એક 'ડાકિની'એ એક ઉફરા ચાલતા અધ્યાપકને શીખવેલી લોકભાષામાં.

મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન, ૧૯૫૭માં પ્રકાશિત એમના આકરગ્રંથ, દોહા-કોશમાં પ્રાચીન ભારતના મધ્યાહ્ન રૂપે વર્ધન વંશના ચક્રવર્તી સમ્રાટ હર્ષવર્ધનના રાજ્યકાલને જુએ છે. ઈ. સ. ૬૦૬થી ૬૪૮ સુધીનો એ સમયગાળો હતો. એ દરમિયાન જ ઈ. સ. ૬૩૬માં અરબ સેનાએ ભારતવર્ષની પડોશમાં મહાબન્દના યુદ્ધક્ષેત્રમાં ઈરાનના પ્રતાપી સાસાની રાજવંશનો ઉચ્છેદ કર્યો હતો. ઈ. સ. ૬૪૮ પછી કાન્યકુબ્જ સામ્રાજ્ય છિન્નભિન્ન થયું, પણ ક્યારેક મધ્યાહ્ને પછી રાત પડતા ઘણા પ્રહરો વીતે છે.

આવતા અંધકારમાં આગળ જવાનો માર્ગ ગોતવાનું કામ આઠમી સદીના જગવિખ્યાત નાલંદા વિદ્યાપીઠના બ્રાહ્મણકુલોત્પન્ન વિદ્વાને કરવાનું થયું. નાલંદામાં અભ્યાસકાળમાં એઓ બોદ્ધ મતાનુયાયી બન્યા અને રાહુલભદ્ર નામે ઓળખાયા. મહાયાન માર્ગે, વિનય પરંપરાનું પાલન કરતા. એમાં નારીસંગ તેમ જ મદ્યપાન આદિ વર્જિત હતાં. પણ જે અઘરું કામ, આવી રહેલી કાળરાત્રીમાં સમગ્ર ભારતીય સંસ્કૃતિ માટે માર્ગ ગોતવાનું કવિનું કામ, એમણે કરવાનું હતું, એ કરવા માટે એમણે નાલંદા છોડ્યું, મહાયાની વિનય પરંપરા છોડી, ફરી અનેક રીતે નવા વિદ્યાર્થી બનવાનું પસંદ કર્યું. તિબેટ તરફ પરિવ્રાજક રૂપે ચાલી નીકળ્યા. એમને બે ગુરુ મળ્યા, બંને સ્ત્રીઓ તેમાંની એક તો 'ડાકિની' કહેવાતી. એ સ્ત્રી બજારમાં જઈ શર કહેતાં બાણ કે તીર વેચવાનો ધંધો કરતી હતી. ચૌટાબજારમાં બંને ભેગાં થયાં ત્યારે એક ડાકિની ગુરુએ પરિવ્રાજક રાહુલભદ્રને સંસ્કૃતમાં નહીં પણ 'સંધ્યાભાષા' કે 'સંઝાભાસા'માં જ્ઞાન આપ્યું. નાલંદાના પૂર્વ આચાર્યને એક ડાકિનીએ આપેલું નવું જ્ઞાન એ હતું કે બુદ્ધને પુસ્તકો દ્વારા નહીં પણ સંકેતો અને ક્રિયાઓ વડે જાણી શકાય. કહે છે કે બાણ વેચતી એ ડાકિનીની એ વાત સાંભળી, તત્કાળ મહામુદ્રામાં ગતિ કરી ગયેલા રાહુલભદ્ર, અવધૂત સરહપાદ રૂપે દીર્ઘ કાળ વિચરતા રહ્યા. પોતે બાણ કે શર બનાવી વેચતા, એટલે લોકો એમને સરહો કે 'બાણવાળો' એ નામે ઓળખતા હશે. પાછળથી માનસૂચક 'પૂજ્યપાદ'વાળો ઉપસર્ગ લાગતા 'સરહપાદ' બન્યા. એ તો હવે પેલી શરકાર-કન્યા સાથે રહેતા, મદ્યપાન કરતા અને જોકે સંસ્કૃત અને પાલિના પરમ જ્ઞાતા હતા પણ કવિતા અપભ્રંશમાં લખતા, તેય દોહા રૂપે. પાલિ ભાષા અને મહાયાની વિનય પરંપરાના વિચારો, આચારો અને જ્ઞાનવ્યવસ્થા એમને પોતાના સમયની કટોકટીના સંદર્ભે નકામાં જણાયાં, બંધનો વિના વિચરતા રહેતા આ કવિએ રચેલા દોહાકાવ્યો અને ગીતો 'ચર્યાપદ' નામે ઓળખાયાં. (જુઓ; : दोहा-कोश, राहुल सांकृत्यायन. १९५७, पृ. ६-२६)

કબીર, રૈદાસ અને આપણા અખાના વડદાદા એવા આ કવિએ એક દોહામાં લખ્યું છે :

**બધ્ધો ધાવૈ દસ દિસહિ, મ્મુક્કો ણિચ્ચલ ઢ્ઢાઅ,**
**એમઇ કરહા પેક્ખ સહિ, વિવરિઅ મહુ પડિઆહ.**

એટલે કે,

**બાંધ્યો દોડે દસ દિશે, છોડ્યો નિશ્ચલ થાય,**
**એમ થતું દેખી, સખી વિકસી મુજ પ્રતિભા ય.**

એક સમયે જે દોરડું કેડે બાંધી, કટિબદ્ધ થઈને કાર્ય પાર પાડવામાં મદદ કરતું એ જ દોરડું યુગ બદલાતાં, પ્રજાનો ઐતિહાસિક જીવનસંદર્ભ બદલાતાં, અકારા

બંધનનું સાધન બની જાય. વીતેલા સમયના વિધિનિષેધોમાં બંધાયેલો કર્મકાંડી સરહપાની ચકોર નજરે કેવો લાગે ? બધ્ધો ધાવૈ દસ દિસહિ ! પણ જેણે પોતાને એ હવે અપ્રસ્તુત બનેલાં બંધનોમાંથી મુક્ત કરી લીધો છે એ સરહપા, આપબળે, આપસૂઝે, સ્વાયત્ત બની નિશ્ચલ અને સ્થિર થઈ શકે છે. કવિ કહે છે કે જો આ યુગાન્તરી સંધ્યાકાળે પોતાની પ્રતિભાનો વિકાસ કરવો હોય તો 'એમઇ કરહા પેક્ખ, સહિ !'/એમ થતું દેખી, સખી ! - જોકે સખીએ જ મૂળે આ વાત રાહુલભદ્રને કહી હતી.

પ્રાચીનોત્તર યુગનું નવું ભારતીય સાહિત્ય પોતાના નવા સમયમાં કામ લાગે એવું ઘણું નવું સર્જવાને શક્તિમાન બન્યું. આઠમી સદીના સરહપા પછી અગિયારમી સદીના ગોરખનાથ આવ્યા, પંદરમી સદીના કબીર, સોળમીના રૈદાસ અને આપણો અખો સત્તરમી સદીનો. ઓગણીસમી સદીનો દક્ષિણ આફ્રિકાનો ગાંધીભાઈ અને વીસમીના મહાત્મા ગાંધી પણ આ હરોળના. સરહપા જાણે એ બધા વતી જાણે આગોતરા કહી ગયા :

**અક્ખર બાઢા સઅલ જગુ નાહિ ણિરક્ખર કોઈ;**
**તાવ સે અક્ખર ઘોલિઅઈ, જાવ ણિરક્ખર હોઈ.**

**અક્ષર-વાધ્યું સકળ જગ, નથી નિરક્ષર કોય.**
**ત્યાં લગ અક્ષર ઘોળ જ્યાં લગ તું નિરક્ષર થાય.**

* * *

ભારતીય સાહિત્યની વિશેષતા છે એકથી વધારે પ્રારંભો કરી શકવાનું એનું કૌવત. કહે છે કે વેદો સમયાન્તરે જલનિમગ્ન થઈ જાય છે અને દરેક વેળા એ ડૂબી ગયેલા વેદોને કોઈક પ્રતિભાવન્ત શક્તિ પ્રલયપાણીમાંથી બહાર કાઢી ફરી પ્રજા વચ્ચે પ્રચલનમાં મૂકી આપે છે, એ મિથમાં ભારતીય સંસ્કૃતિના આ કૌવતનો સંકેત રહ્યો છે. મને લાગે છે કે પ્રલય જલમાં સ્નાન કરીને વેદો થાક ઉતારતા હશે ને નવે કામે લાગવા તાજા થતા હશે ! - જાતે જ ડૂબતા હશે, નહીં તો વેદોને કયો પ્રલય ડુબાડી શકે ? વિયોજન વિના સાતત્ય જીવંત ન બને, એ વાત અહીં સૂચવાઈ છે. એવી સમજ ધરાવતી સંસ્કૃતિના પ્રત્યેક નવા પ્રસ્થાન વેળાએ કોઈ ને કોઈ કાલજયી સાહિત્યકૃતિ રચાય છે. એમાં આલેખાયેલાં આદિરૂપો અને પુરા-કલ્પનો, ઇતિહાસના તે પછીના તબક્કાઓમાંથી થતી ભારે ભૂલો અને પરિણામે આવતી મોટી કટોકટીઓના આગોતરા સંકેતો આપે છે અને નિવારણનાં પ્રતિરૂપો પણ પ્રત્યક્ષ કરાવે છે – જોતાં આવડે તો.

એ જોવાની તાલીમ જ્યાં મળે ત્યાં સાહિત્ય પરિષદ.

### ગ

**૧.**

રાજ્ય અને ધનની સત્તા સાથેનો સાહિત્યનો અનુબંધ બાંધવો યે સહેલો નથી અને તોડવો યે સહેલો નથી, એ વાતને એ બંને જાતના પ્રયત્નો કરનાર સાહિત્યકારો આજેયે બરાબર સમજે છે. અગાઉ પણ સમજતા હતા. એ બંનેની એક વાત જોઈએ.

આજે જે ભાષાપ્રદેશનું આતિથ્ય આપણે માણીએ છીએ, એ તેલુગુ ભાષાના સાહિત્યની ઈસવી પંદરમી-સોળમી સદીની એક કૃતિના આજે ગુજરાતીભાષી દેશ-વિદેશી પ્રદેશોમાં પ્રસ્તુત બને એવા એક અંશને જોઈએ. વિજયનગર મહારાજ્યના વિખ્યાત સમ્રાટ કૃષ્ણદેવરાયની રાજસભાના 'અષ્ટદિગ્ગજલુ' કહેતાં આઠ દિગ્ગજ કવિઓનાં આસન પડતાં. એમાંના એક કવિ તે અળ્ળસાની પેદ્દના. 'સ્વારોચિશ મનુસમ્ભવમુ' નામના, સ્વારોચિ મનુના જન્મ વિશેના 'માર્કંડેય પુરાણ' આધારિત પ્રબન્ધના એ રચયિતાને 'આંધ્ર કવિતા પિતામહ' એવા બિરુદથી આજેયે સન્માનવામાં આવે છે. એમના એ પ્રબન્ધગ્રંથના સ્વાગત માટે જે શોભાયાત્રા યોજાઈ હતી એમાં એ ગ્રંથને રાજગજ પરની અંબાડીમાં મૂકવામાં આવ્યો હતો. એ ઘટના સોળમી સદીની. એ પૂર્વે, અગિયારમી સદીમાં ગુર્જરરાષ્ટ્રના કાલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના અનુશાસન-ત્રયી-ગ્રંથની એવી જ શોભાયાત્રા પાટણમાં નીકળી હતી, એનું સ્મરણ થાય. દિગ્ગજ કવિ પેદ્દનાને સુંદર પાલખીમાં બેસાડવામાં આવ્યા હતા અને કહે છે કે સમ્રાટ કૃષ્ણદેવરાય સ્વયમ્ થોડી વાર એ પાલખી પોતાને ખભે લઈને ચાલ્યા હતા.

કવિવર પેદ્દનાએ નાની નાની કૃતિઓ, જેને ચાટુકાવ્યો કહે છે એ પણ રચ્યાં છે. એક ચાટુકાવ્યમાં એમણે કવિઓને રાજ્ય તરફથી કેવાં માનસન્માન મળવાં જોઈએ, એ વિશે લખ્યું છે. પેદ્દના આગ્રહ રાખતા કે કવિ કવિતા લખી શકે એટલા માટે એને કેટલીક સુવિધાઓ આપવી જોઈએ : 'સ્વાદિષ્ટ ભોજન, કવિપ્રિયાએ સખી દ્વારા મોકલેલું સુગંધી તામ્બુલ, ભોજનાન્તે સુખનિદ્રા માટે ઝૂલતી ખાટ', પેદ્દના લખે છે : 'એવા થયેલા ભર્યા પેટ

વિના કવિતા ક્યાંથી ?' એમનું આ ચાટુકાવ્ય, સાહિત્યના રાજ્યસત્તા અને વાણિજ્યશક્તિ સાથેના સંબંધનું એક દુષ્પરિણામ હોઈ શકે. જોકે વિજયનગરના પ્રશસ્ત રાજવીએ પોતાના આ રાજકવિ પેદ્દનાને એમની કોઈ કાવ્યકૃતિ પણ પ્રસન્ન થઈને પગે પહેરવાનો સોનાનો એક ઘુઘરિયાળો તોડી આપ્યો હતો. એટલે એ દિગ્ગજ કવિએ ભોજનાદિ વિશે ઝાઝી ફરિયાદ કરવાનું વાસ્તવિક કારણ નહીં હોય. પણ કવિતા કોને કહે છે ? તેમાંય ચાટુ કાવ્ય ?!

વિજયનગરની રાજસભામાં બીજોયે એક કવિ હતો, નામે તેનાલી રામલિન્ગડુ. એ દિગ્ગજ કવિ નહોતો પણ જો ક્યારેક કશું અશોભનીય એવું રાજસભામાં કે સમાજમાં જણાય તો એ અંગે વિનોદવૃત્તિથી પોતાના પ્રકારની ચાટુ કવિતામાં એ વાત કરતો. અકબરનો બિરબલ અને અમદાવાદનો અખો જાણે એક થયા હોય, કૈંક એવો આ આંધ્રનો તેનાલી હતો.

સોનાનો ઘુઘરિયાળો તોડો ઝણકાવતા રહેતા રાજકવિ પેદ્દના જે સાંભળીને પ્રસન્ન થાય એવી પ્રશંસા તેનાલી કરતા નહોતા. મહાકવિને લાગી આવ્યું હશે, તે એક દિવસ તેમની સામે ઝાંઝર સમેત ચાલતા જઈને રાજકવિએ શીઘ્રકાવ્ય વડે પૂછ્યું :

**વડલક થ્રોયુન્ આન્ધ્રકવિ**
**વામપાદામ્બુજ હેમનૂપુરામ્બ**
**ઉદિતમયૂરકંઠનિનાદોક્તુલમ**
**એનામિ પલ્કુ પલ્કુરા.**

અર્થાત્ 'આન્ધ્રકવિના ડાબા પગે બાંધેલું સોનાનું ઝાંઝર (આન્ધ્રકવિ વામપાદામ્બુજ હેમનૂપુરામ્બ), જે ઝણકાર કરતાં અટકતું નથી અને ઊંચે બેઠેલા મોરના ગળાની ગહેક જેવું જેનું સંગીત છે (ઉદિતમયૂરકંઠનિનાદોક્તુલમ), એ શું કહે છે ? બોલ બોલ, પલ્કુ પલ્કુરા, એ શું કહે છે ?'

તેનાલી રામલિન્ગડુ જરા વાર અળ્ળસામિ પેદ્દના સામે જોઈ રહ્યા. સમ્રાટની એક ઉપવસ્ત્ર સમી માનીતી એક સુંદરી હતી, નામે ગુદિયલા સાનિ. તેનાલીને એનો વિચાર આવ્યો. ગુદિયલા સાનિના સહવાસમાં રાત્રીનો સમય ગાળ્યા પછી રાજી થયેલા સમ્રાટ એ સુંદરીને અનેક વસ્ત્રાભૂષણો અને ધનાદિની ભેટ આપતા – કોઈ પણ કવિને આપે એનાથી ઘણી ઘણી વધારે કીમતી. થોડું સોચ્યા પછી તેનાલી રામલિન્ગડુએ પોતાના શીઘ્રકાવ્ય વડે રાજકવિ આન્ધ્રકવિ પેદ્દનાને ઉત્તર આપ્યો :

**ગુદિયલા સાનિ નુન્નાનિ**
**ત્રિકોણમુન અન્દલિ ભાગ્યરેખાનિ**
**નુડુટનુ લેડુ લેડ અનુચુ નૂરુ**
**વિધમ્બુલ નોક્કિ પલ્કુરા.**

અર્થાત્ એ (આપનું હેમનૂપુર) ફરી ફરીને શત શત રીતે કહે છે કે જે ભાગ્યરેખા પણ્યાંગના ગુદિયલા સાનિના આછા આછા સિસકારાની આરપાર ખેંચાય છે, તે રેખા આપના ભાલપ્રદેશ પર દેખાતી નથી, દેખાતી નથી.

('Multiple Literary Cultures in Telugu', V. Narayana Rao, in Literary Cultures in History : Reconstructions from South Asia, ed. Sheldon Pollcok, 2003, p. 471).

કવિતા, બલ્કે સાહિત્ય તેમ જ બધી કલાઓના રાજ્યસત્તા, બલ્કે દરેક પ્રકારની સત્તા સાથેના સંબંધની મીમાંસા કરતા રહેવું, એ કામ ગુજરાતી સાહિત્યે હેમચંદ્ર, નરસિંહ, અખો, નર્મદ અને ગાંધી સુધીના અને ઉમાશંકર આદિ અન્ય સર્જકોના ઉદાહરણે જરૂરી માન્યું છે. એ સંદર્ભે તેનાલી રામલિન્ગડુની આ ચાટુ કવિતા, બલ્કે ચાટ્વોત્તર કહેવાય એવી કવિતા માર્ગ ચીંધે એવી છે. દરેક સમયના અને સંસ્કૃતિના કવિએ, બલ્કે કલાકારમાત્રે વખતોવખત પોતાનો ડાબો પગ તપાસી લેવા જેવું છે, કે ત્યાં પેલું હેમનૂપુર, ઉદિતમયૂરકંઠનિનાદ કર્યા કરતું હોય એવું, રખેને કોઈ બાંધી ગયું હોય. નૂપુરદાતા સત્તા એક કે બીજી રાજ્યસત્તા હોય કે કોઈ પણ ધર્મસત્તા કે વિવિધ પ્રકારના અર્થતંત્રોની (અન્ય સત્તાઓ પરની સર્વોપરી) સત્તા હોય કે પછી પોતાને માનવજાતિની કે અમુક સમાજની સર્વ સમસ્યાઓનો ઉકેલ જડી ગયો છે, એવું માની બેઠેલી કોઈ વિચારસરણી હોય – કોઈનાંયે હેમનૂપુર પોતાને પગે બંધાવા ઇચ્છનાર કે બાંધવા દેનાર માણસ બીજું કશું પણ બની શકે, કવિ નહીં, અને એવો કોઈ ગુદિયલા સાનિ સામે ટકી ન શકે.

અલબત્ત, વાસ્તવની, જીવનની અને સમાજની વિવિધ સંરચનાઓ સાથે કવિતાનો તો લોહીનો સંબંધ હંમેશાં હોય છે. એ અનુબંધો સાહિત્ય માટે તેમ જ રાજ્ય, ધર્મ અને અર્થકારણની શક્તિઓ માટે પોષક પણ નીવડ્યા છે. પણ એ સંબંધની નિરંતર અને પ્રામાણિક

મીમાંસા કરતા રહેવાનું કામ અંદરથી થંભે કે બહારથી થંભાવી દેવાય, તો એ સ્થગિતતા માત્ર સાહિત્ય માટે નહીં, સમાજ માટે અને સર્વ સત્તાતંત્રો માટે પણ વિઘાતક છે, એ વાત ગુજરાતીમાં જ્યાં જ્યાં કહી શકાય ત્યાં ત્યાં ગુજરાતી સાહિત્ય પરિષદ.

૨.

ભારતીય સાહિત્યમાં જોવા મળતા બીજા બે નૂપુર-કલ્પનો તપાસીએ.

પહેલું, મેવાડની રાજપૂતાણી મીરાંએ પોતાના કૃષ્ણ સામે નૃત્ય કરવા પોતાને પગે જાતે બાંધેલા ઘૂંઘરું અને બીજું તમિળ મહાકાવ્ય 'ચિલપધિકારમમ્'-માં અનવધાની રાજરાજેન્દ્રના મુખ ઉપર ભારતીય સાહિત્યની અદ્વિતીય જણાતી નારી કણ્ણગીએ ભરસભામાં ફેંકેલું નૂપુર.

પહેલું મીરાંના ઘૂંઘરું. જીવનચરિત્રમાં ન જતાં કવિતામાં પ્રવેશ કરીએ. પહેલી જ પંક્તિમાં મીરાં કહે છે : 'પગ ઘૂંઘરું બાંધ મીરાં નાચી રે.' પહેલા જ ત્રણ શબ્દો છે : 'પગ ઘૂંઘરું બાંધ.' તેમાંયે સ્વરભાર 'ઘૂંઘરું' ઉપર છે. મીરાં જાણે પોતાના પગ તરફ પોતાનો હાથ કરીને આપણને આજેયે કહે છે, જુઓ, પગે 'ઘૂઘરું' મેં આજે બાંધ્યા છે, નર્તકી જેમ હું નાચું છું. એમ ને એમ નથી નાચતી, જુઓ હું આ પગે ઘૂંઘરું બાંધીને નાચું છું.

પેદ્દના પોતાના ડાબા પગે સમ્રાટે બંધાવેલા નૂપુર સહુને બતાવે અને મીરાં પોતાને પગે જાતે બાંધેલાં ઘૂંઘરું સહુને ચીંધી બતાવે, એ બે વચ્ચે જે ભેદ છે. એ જોવા રાજકવિઓ તૈયાર ન હોય અને એને નજરઅંદાજ કરવા સાચા કવિઓ તૈયાર ન હોય.

રાજરાણી, તેયે અણનમ ચિતોડની રાજપૂતાણી, જેની સામે આંખ ઉઠાવીને કોઈ જોઈ ન શકે એવી જે, તે નાચે છે ને એની વાત એક અવિસ્મરણીય પદમાં એ પોતે કહે છે. એ કંઈ અચાનક કૃષ્ણની મૂર્તિને જોઈ કોઈ તત્કાળ ભાવાવેશમાં આવીને નાચી નથી ઊઠી. આ કોઈ અંગત, ક્ષણિક આવેશમાં થઈ ગયેલી ખાનગી ભૂલ નથી. આ તો પૂરી સભાનતાથી જાહેરમાં કરેલો અપરાધ છે. પહેલાં 'પગ ઘૂંઘરું બાંધ' તે પછી કરેલું આ નૃત્ય છે. મીરાં કોઈ મંદિરમાં મોહનની મૂર્તિ સમક્ષ આવ્યાં, એ સ્થાપત્યના સહુ માટે ખુલ્લા એવા મંડપમાં આવ્યાં, એ પહેલાં એમણે બાજુની કોઈ એકાંત પરસાળમાં બેસીને પોતાને પગે જાતે ઘૂંઘરું બાંધ્યાં હતાં. આ વાત મીરાં આ પદના પહેલા ત્રણ શબ્દોમાં સહુને જણાવી દે છે. એ સભાન નિશ્ચયની ભૂમિકાએ મીરાં નાચી હતી. સમાજ અને રાજ્ય, જે મીરાંના આ અપરાધને ક્ષમાયોગ્ય ન ગણે એમને અને સહુને મીરાં કહે છે : 'પગ ઘૂંઘરું બાંધ મીરાં નાચી રે', સ્વરભાર 'ઘૂંઘરું' પર છે.

હવે મીરાંને છાજે એવી એમની બીજી કાવ્યપંક્તિ આવી શકે છે. એ પંક્તિના ત્રણ પદચાપ છે : ''મૈં તો'એ પહેલો પદચાપ, 'મેરે નારાયણ' એ બીજો. ધીમી, મક્કમ ગતિએ નૃત્યનાં બે પગલાં ભરી, હવે ત્રીજા ગતિભર્યા, નર્યા આનંદભર્યા ઝડપી પદચાપથી મૂર્તિ સામેના આખા મંડપમાં ફરી વળતી મીરાં કહે છે : 'આપ હી હો ગઈ દાસી રે.'

વામનાવતારનાં ત્રણ પગલાંની તોલે આવે એવા મીરાંના આ પદના ત્રણ પદચાપ છે. પહેલે પગલે એ 'મૈં તો' એમ બોલી સર્વ સત્તાઓ સામે પોતાની સ્વાયત્તતા પ્રસ્થાપિત કરે છે. બીજે પગલે 'મેરે નારાયણ' કહી કૃષ્ણ ઉપરનો પોતાનો અધિકાર જાહેર કરે છે. પછી, ત્રીજી પરમ ગતિમય ચાલથી સહુને પોકારીને કહે છે : 'આપ હી હો ગઈ દાસી રે.'

રાજરાણીમાંથી વિદ્રોહિણી થવાનો, શાસક-કુળમાંથી નીકળીને (ડાબો મેલ્યો મેવાડ) ભક્ત-કુળમાં, બલ્કે પ્રણય-કુળમાં જતા રહેવાનો નિર્ણય 'આપ હી' કરી શકાય. મીરાં લલકારીને કહે છે કે એણે એ નિર્ણય પોતે, જાતે, સ્વ-સત્તાએ કર્યો છે. 'મૈં તો મેરે નારાયણ કી આપ હી હો ગઈ દાસી રે.' મીરાંને પગે કોઈ બીજાએ ઝાંઝર બાંધ્યાં કે બંધાવ્યાં નથી. એણે પોતે, જોઈ વિચારીને, એક આંતરિક અનિવાર્યતાથી પોતાને પગે ઘૂંઘરું બાંધ્યાં છે.

ચિતોડના રાજકુળની નારી પગે ઘૂંઘરું બાંધી પ્રગટપણે નાચે, એનો અર્થ રાજ્ય, સમાજ અને પરિવારની સત્તા માટે શો થશે, એ અંગે મીરાં અજાણ નથી. સામી તરફ એમને પણ એની પૂરી જાણકારી છે. 'લોગ કહે મીરાં ભઈ બાવરી' પાગલ થઈ ગઈ છે આ. એ તો લઘુતમ આરોપ. 'સાંસ કહે કુલનાસી રે.' માત્ર 'બાવરી' નથી, 'કુલનાસી' છે. આખા કુળનો નાશ કરનારી, હત્યારી છે. એટલે તો 'વિષ કા પ્યાલા રાણા ભેજ્યા.' ભલે મીરાંને પોતાને પગે ઘૂંઘરું બાંધતી વખતે, નૃત્ય કર્યું એ પહેલાંની જાણ હતી કે આ થવાનું એટલે 'પીવત મીરાં હાંસી રે.' આ પંક્તિની સરલતા, તરલતા અને એનો અંડરટોન જો

ન પકડાયો તો આ પદની 'કવિતા' ન પકડાય, ન માણી શકાય.

પણ હવે, છેલ્લી કડીમાં મીરાં કોઈને બોલવા દેતાં નથી : 'લોગ કહે' એ વાત પૂરી થઈ. 'સાંસ કહે' એ પણ સમાપ્ત. રાણાએ પણ કરવાનું હતું તે કર્યું. ત્રણે સત્તાઓ પોતાનું કામ કરી ચૂકી : સમાજ, ક્ષાત્રધર્મયુક્ત પરિવાર, રાજ્ય. કોઈની સામે મીરાંને કોઈ ફરિયાદ નથી. મીરાંનું પદ માત્ર ત્રણેએ શું શું કહ્યું-કર્યું એનો અહેવાલ આપે છે અને નાચ્યા કરે છે, 'અવિનાશી' સામે.

હવે છેલ્લી કડી આવે છે, હવે જ છેલ્લી કડી આવી શકે છે. આ પદ પણ, પ્રેમાનંદના કોઈ આખ્યાન જેમ, કડવાબદ્ધ કૃતિ છે. દરેક કડી અનિવાર્ય છે અને કવિતાને જીવન, વાસ્તવ, સત્તાઓ સાથે કવિતાની શરતે સાંકળે છે.

એ રીતે હવે આવે છે : 'મીરાં કહે'. વિષ પીધા પછી કવિ મીરાં શું કહે ? એ કહે તો કોને કહે ? ન લોગને, ન સાંસને, ન રાણાને, ન મુરલીધર કૃષ્ણને. 'મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર.' ઇતિહાસની આવી પળે કૃષ્ણે 'ગિરિધર' બનવું પડે, મીરાંના કહ્યે અને મીરાં કહે છે : 'વેગી મિલો અવિનાસી રે' હવે વાર ન કરો, ઢીલ ન કરો. તમે 'વેગી મીલો.' ઉતાવળા આવો. નરસિંહ યાદ આવી જાય – હારસમેના નરસિંહ. એને યે સત્તાઓએ (સમાજ અને રાજ્યની સત્તાઓએ સાથે મળીને) શિરચ્છેદની સજા ફરમાવી દીધી હતી. જો મૂર્તિના ગળાનો હાર નરસિંહના કંઠમાં સ્વયમેવ ન આવી જાય, પરોઢ પડતા સુધી તો. રાતના છેલ્લા પહોરે એ કવિએ પોતાના પરમેશ્વર સાથે જે વાતો કરી છે, કૃષ્ણને નરસિંહ જે વઢ્યા છે, એનો જગત સાહિત્યમાં જોટો નથી. પણ મીરાંની આ પ્રેમાભરી પુકારને, આરતભર્યા એના અવાજનેયે કોણ આંબી શકે : 'વેગી મીલો અવિનાસી રે.' અવિનાશી હશો તમે, પણ હું નથી. હું સમયબદ્ધ, ઇતિહાસબદ્ધ છું. મારા ઇતિહાસની આ પળ તમારી શાશ્વતિથી અલગ છે. આજે જેની મીમાંસા 'હિસ્ટોરિસિટી' (ઇતિહાસનપરકતા) અને 'ઑન્ટોલૉજિકલ સ્ટેટસ' (અસ્તિત્વમીમાંસાગત સ્થિતિ) જેવી વિભાવનાઓના સંદર્ભે આપણે કરીએ, એની વાત મીરાં પોતાની ઉત્કટ અને વીર કાવ્યબાનીમાં કરે છે, ત્યારે નર્યાં અજવાળાં આપણા આખા અસ્તિત્વમાં આજે પણ વ્યાપી વળે છે.

મીરાંનાં ઘૂંઘરુંમાં જે અપરોક્ષપણે સાંભળી શકાય છે, એ અનુબંધ સાહિત્ય, સમાજ અને સત્તાના ત્રિબિન્દુ સંબંધને એ અજવાળાંમાં આપણી નજરે જોઈ શકાય એવો કરી આપે છે. એક તરફ રાજ્યાશ્રયી સાહિત્યિક સંસ્કૃતિ (લિટરરી કલ્ચર) અને બીજી તરફ રાજ્યાદિ અનુબંધોને સ્વાયત્તતાની ભૂમિકાએ રચી આપતી સ્વાશ્રયી સાહિત્યિક સંસ્કૃતિ, એ બે વચ્ચેનો મહત્ત્વનો ભેદ રાજકવિના હેમનૂપુર અને સ્વાયત્ત કવિના ઘૂંઘરુંની આ મીમાંસા દ્વારા સૂચવાય છે.

૩.

કોઈનેયે પોકાર્યા વગર, કૃષ્ણને કે શિવને, કોઈને સહાયે બોલાવ્યા વિના અન્યાયી રાજસત્તાને અને કપટી ધનસત્તાને પોતાની તાકાત પર પડકારતી કોઈ નારી ભારતીય સાહિત્યમાં હોય તો તે કણ્ણગી. તમિળ સાહિત્યની પ્રશિષ્ટ કૃતિ 'ચિલપધિકારમમ્'-ની અન્યથા સૌમ્ય અને અંગત અન્યાય વેઠી લેતી નાયિકા કણ્ણગી. એનાં રાતાં માણિક્યથી ખચિત નૂપુરનો ધ્વનિ આગળ ચર્ચેલાં બંને ઝાંઝરોથી સાવ જુદો છે. પોતાની જોડીથી જુદું પડી ગયેલું એનું એક નૂપુર જ્યારે મદુરૈ નગરનાં પાંડ્ય રાજવીની રાજ્યસભામાં ક્રોધિત કણ્ણગીના હાથે રાજા સામું ફેંકાય છે ત્યારે એ પ્રાચીન તમિળ સંસ્કૃતિની સંઘર્ષશીલ નારીશક્તિના નિનાદથી ગાજે છે અને અર્વાચીન ભારતમાં મહાશ્વેતાદેવીની કોઈ આદિવાસી કે શ્રમજીવી નારીના પ્રતિકાર-પડકાર સાથે એનો સૂર મળે છે. સત્તાથી સાવ ઉફરી ચાલી જતી મીરાં અને સત્તાને સામે પડકાર ફેંકતી કણ્ણગી, બંનેનાં ઝાંઝરના અવાજ એકમેકને મળતા આવે છે, છતાં જુદાયે છે.

તમિળ સાહિત્ય અને સંસ્કૃતિની વિખ્યાત કણ્ણગી-કથા જેમાં આલેખાઈ છે એવી, જૈન પરંપરાની, કવિ ઇલાન્ગો અડિગલ રચિત પદ્ય-ગદ્ય-મિશ્ર પ્રશિષ્ટ દીર્ઘ કથાકૃતિ 'ચિલપધિકારમ્'નો રચનાકાળ ઈસવી સનના આરંભના શતકનો ગણાય છે પણ આજેયે ચેન્નાઈના સાગરકાંઠે કણ્ણગીનું શિલ્પ મુકાય એવો એનો મહિમા છે. આ કથા સંક્ષેપે આવી છે : પાંડ્ય રાજવીઓના રાજ્યમાં, કવિરિપ્પટ્ટિનમ્ નગરમાં એક સંપન્ન વ્યાપારી શ્રેષ્ઠીનો પુત્ર, નામે કોવલન, તેનાં લગ્ન ત્યાંના જ અન્ય શ્રેષ્ઠીની સુંદર પુત્રી કણ્ણગી સાથે થયાં. સુખેથી રહેતા એ દંપતીના જીવનમાં ભંગાણ ત્યારે પડ્યું જ્યારે રાજસભામાં એક નૃત્યસમારંભ ગોઠવાયો હતો અને એમાં

નિમંત્રિત કોવલન ત્યાં જેનું નૃત્ય પ્રસ્તુત થયું હતું એ સ્વરૂપવર્તી નર્તકી માધવીને મળ્યો અને એના પ્રેમમાં પડી ગયો. કણ્ણગીને છોડીને કોવલન માધવીના નિવાસસ્થાને રહેવા લાગ્યો. નર્તકીની માતાએ માધવીથી છાનું, કોવલનની હાથની વીંટીનો ઉપયોગ કરીને એનું લગભગ બધું જ ધન પતિપરાયણ કણ્ણગી પાસેથી મેળવી લીધું. એક દિવસ આની જાણ થતા કોવલન નતર્કીનું એ ઘર છોડીને પાછો પોતાના નિવાસે કણ્ણગી પાસે ગયો. દંપતી હવે સાવ નિર્ધન થઈ ગયું હતું. પિતા કે શ્વશુર પાસે પૈસા માગવાનું ન કરતાં કોવલને કવિરિપ્પિટ્ટિનમ્ નગર છોડી, પાંડ્ય રાજવીના પાટનગર મદુરૈમાં જઈ, નવેસરથી વેપાર શરૂ કરવાનું વિચાર્યું. કણ્ણગી પાસે હવે આભૂષણોમાં કેવળ એક જોડી ઝાંઝર બચ્યાં હતાં. માણિક્ય જડેલાં સુવર્ણનાં નૂપુર. બંને મદુરૈને પાદરે એક ઝૂંપડીમાં રહ્યાં ને કણ્ણગીએ પોતાની નૂપુર-જોડીમાંથી એક પોતાના પતિને આપ્યું, જે મદુરૈની બજારમાં વેચી, પૈસા મેળવી, કોવલન કશો વેપાર શરૂ કરે. કોવલન મદુરૈની ઝવેરીબજારમાં જે વેપારી પાસે કણ્ણગીનું પેલું એક ઝાંઝર વેચવા ગયો, એ ઝવેરીએ પોતે પાંડ્ય રાજવી નેડુન્જેલિયનની રાણીનું સોનાનું ઝાંઝર ચોરી લીધું હતું. રાજસૈનિકો બધે ચોરની તપાસમાં હતા. ચોરી કરનાર વેપારીએ કોવલન પાસેનું કણ્ણગીએ આપેલું સોનાનું ઝાંઝર રાજસૈનિકોને બતાવીને કોવલન જ રાણીનાં ઝાંઝરનો ચોર છે, એવું આળ ચઢાવ્યું. મુદ્દામાલ સાથે ચોર પકડાયો, એમ ગણી બીજી ઝાઝી તપાસ વિના, રાજસૈનિકોએ રાજાજ્ઞાથી કોવલનનો શિરચ્છેદ કરી દીધો.

કોવલનના મરણના સમાચાર સાંભળી કણ્ણગી નગરમાં આવી, ત્યાંની સ્ત્રીઓને, ત્યાંના પુરુષોને ઉદ્દેશીને ક્રોધ અને વિલાપભર્યો ઠપકો આપ્યો, રાજમહેલ પાસે ગઈ, દ્વારપાલોને ઠપકો આપ્યો અને પાંડ્ય રાજા સામે ઊભી રહી પોતાની પાસેનું પેલી જોડમાંનું બીજું નૂપુર રાજા સામે છુટ્ટું ફેંક્યું. હવે રાજાએ નૂપુરો સરખાવી જોયાં, બંને સુવર્ણનાં બનેલાં હતાં પણ રાણીનું ઝાંઝર મોતી મઢેલું હતું, કણ્ણગીનું માણેક-મઢ્યું, રાજા નેડુન્જેલિયનને પોતાની અક્ષમ્ય ભૂલ સમજાઈ, એ અપરાધના ભાને એ રાજાએ પોતાનો પ્રાણ ત્યજ્યો, રાણી પણ તત્ક્ષણ મૃત્યુ પામી, ક્રોધ અને શોકથી ત્રસ્ત કણ્ણગીના ક્રોધાનલથી આખું રાજભવન અને મદુરૈનગર ભડકે બળવા લાગ્યું. નગરની રક્ષક દેવીએ પ્રગટ થઈ કણ્ણગીની ક્ષમા યાચી, ત્યારે આગ ઠરી. છાતી કૂટતી, પોતાને ઘાવ દેતી કણ્ણગી નગર બહાર, થોડા દિવસમાં મૃત્યુ પામી.

કોવલનના અપમૃત્યુ પછીની કણ્ણગી ભારતીય સાહિત્યમાં બીજે શોધી ભાગ્યે જડે એવી નારી છે. અન્યાયનો પ્રગટ અને પ્રબળ પ્રતિકાર કરવાની એની રીત અનોખી છે. એ મદુરૈનાં સ્ત્રી-પુરુષોને પહેલાં પડકારે છે, રાજમહાલયના દ્વારપાળોને તે પછી, અને છેલ્લે, એટલી જ નિર્ભયતાથી રાજાને. કણ્ણગીની આ ત્રણે ઉક્તિઓ સાંભળવા જેવી છે. મૂળ તમિળમાંથી એનો સુંદર અંગ્રેજી અનુવાદ પ્રો. એ. એલ. બૅથમે આમ કર્યો છે :

'Chaste women of Madurai.
Listen to me !
Today my sorrow cannot be matched.
Things that should never happenend
have befallen me.
How can I bear this injusutice ?
All the folks of the rich city of
Madurai her and were moved by
her grief and affliciton.
'Our King's straight sceptre is bent !
What can this mean ?'

કણ્ણગીનો પોકાર અને પ્રજાજનોનો પ્રતિભાવ આલેખ્યા પછી કવિ ઇલાન્ગો અડિગલ કણ્ણગીના કેટલાક સવાલો દરેક યુગના અને દરેક સ્થળના શ્રોતાઓને સંભળાવે છે :

'Are there women here ? Are there
Women
Who could bear such wrong
done to their wedded lord ?
Are there women here ? Are there
such women ?

અને પછી કણ્ણગી મદુરૈના સજ્જનોને પૂછે છે.

Are there good men here ? Are there
Good men
Who cherish their children and guard
them with care ?
Are there men here ? Are there such
men ?

છેલ્લે રાજમહાલયના તોતિંગ દરવાજા પાસે એ સ્ત્રી પહોંચે છે :

Then came a cry from the gate:
Ho, Gatekeeper ! Ho,
Gatekeeper !
Ho, Gatekeeper of the King
Who has lost his wisdom,
Whose evil heart has swerved
from justice !!
Tell the King that a woman
With an anklet,
An anklet from a pair
of tinkling anklets,
A woman who has lost her husband,
Is waiting at the gate.''

– કોઈ પરાશ્રયી લેખક કે સંસ્થાના હાથમાં ન હોય એવું પૂરેપૂરું પોતાના અધિકારનું નૂપુર લઈને ઊભેલી આ 'a woman/With an anklet,/An anklet from a pair/Of tinkling anklets', એટલે કે 'કોઈ બાઈ, ઝણકતાં બે ઝાંઝરમાંનું એક લઈને આવેલી એક સ્ત્રી' ભારતીય સાહિત્યમાં જ નહીં જગતસાહિત્યમાં વિરલ અને વીરલી છે. મહાશ્વેતા દેવીની કોઈ દ્રૌપદી કે દગાખોર ઠાકોરની ડેલીએ જીવલેણ ધરણાં દેતી ચારણ ટોળીની કોઈ કાળાં મલીર ઓઢેલી ચારણિયાણી આઈ આ કણગીની પડખે ઊભી શોભે.

### ઘ

જીવન, વાસ્તવ અને સમાજ અને સાહિત્ય એટલે શું, એની સમજણ જાતે કેળવવામાં જે આળસ કે ભીરુતા દાખવે, એ પ્રજા અને એનું સાહિત્ય પોતાની સ્વતંત્રતા અને એથી પોતાની સર્જકતા ગુમાવી બેસે છે.

એપિસ્ટેમોલૉજી કહેતાં જ્ઞાનમીમાંસા અને સેમિઓટિક્સ કહેતાં સંકેતવિચાર, બંને ક્ષેત્રે નિરંતર સક્રિયતા, એ જ સ્વતંત્રતા અને સર્જકતાના રક્ષણ અને જગતની શરતો છે.

જીવન, વાસ્તવ અને સમાજ નિર્જીવ વસ્તુઓ નથી, સજીવ સંરચનાઓ છે, જે સતત બદલાતી રહે છે એટલે એમને વિશેની કોઈ પણ સમજણ (એને વાદ, દર્શન, ફિલસૂફી કે થિયરીનું નામ આપો તોયે) અંતિમપણે સાચી નથી હોતી. એટલે સાહિત્યનો સમાજ, વાસ્તવ, જીવન સાથે અનુબંધ રચવાની કોઈ અગાઉથી નક્કી કરાયેલી રીત, કોઈ ઇતર સત્તા (આર્થિક, ધાર્મિક કે રાજકીય સત્તા), ગુપ્ત કે પ્રગટપણે, સાહિત્યના લખનાર કે વાંચનાર પર લાદે નહીં, એ સાહિત્ય માટે જ નહીં, સમાજ માટે યે અને સર્વ સત્તાઓ માટે પણ ઉપકારક અને આવશ્યક છે. સમાજને એના 'કંફર્ટ ઝોન'માં કેદ કરી, એની ઠરીઠામ થઈ પરાશ્રયે રહી પડવાની વૃત્તિને પોષવાનું કામ પણ સાહિત્યનું નથી. આ ચાર કામ ન કરવાના ચાર વ્રતો પાળનાર સંયમી જન પાસે સાહિત્ય લેખન કે વાચન કરવા માટે જરૂરી એવી ઊર્જાનો સંચય થાય.

પોતાનું મૂળ કામ કરવાનો અવકાશ જાતે રચવા માટે કોઈ પણ પ્રજાની સાહિત્યશક્તિએ ચાર સ્પષ્ટતાઓ પોતાની જાત સાથે કરવી પડે : પહેલી સ્પષ્ટતા, સાહિત્યનું કામ સમકાલીન સમાજની શરતે સમાજાભિમુખ થવાનું નથી. બીજી, સમકાલીન રાજ્યસત્તાની વિચારસરણીની આજ્ઞા મુજબ વાસ્તવાવિભુખ થવાનું કામ પણ એનું નથી. ત્રીજી, પ્રચલિત આર્થિક પરિબળોના ઇશારા સમજીને બજારમાં વેચાય એવી છાપીને લોકો સુધી પહોંચવાનું કામ પણ એનું નથી. અને છેલ્લી સ્પષ્ટતા, સમાજને એના 'કંફર્ટ ઝોન'માં કેદ કરી, એની ઠરીઠામ થઈ પરાશ્રયે રહી પડવાની વૃત્તિને પોષવાનું કામ પણ સાહિત્યનું નથી. આ ચાર કામ ન કરવાના ચાર વ્રતો પાળનાર સંયમીજન પાસે સાહિત્ય લેખન ને વાચન કરવા માટે જરૂરી એવી ઊર્જાનો સંયમ થાય.

એકવીસમી સદીની તાસીર બરાબર સમજીને રચાતી ભારતીય સાહિત્યવિચાર અનુકંપા, અભય, ઇક્ષણા અને આનંદન એ ચાર અંગેની સક્રિયતાની જાળવણીને અગ્રતાક્રમ આપવાનું પસંદ કરી શકે.

### ङ

સરહપાએ સંચિત જ્ઞાનરાશિની પાર જઈને નવેસરથી પ્રાપ્ત કરાતી નિરક્ષરતાની વાત માંડી. એમણે બધા અક્ષરો ઘોળી ઘોળીને ઓગાળી નાખવાનું કામ કરવા આઠમી સદીમાં સહુને સૂચવ્યું. (આધુનિક ગ્રીક કવિ કેવેફીયે કહે છે કે બાર્બેરિયન્સ વર અ કાઈન્ડ ઑફ સોલ્યુશન.) પણ એકવીસમી સદી વતી સહુને એક વાત કહેવાજોગી લાગે છે. બધા અક્ષર ભલે ઓગાળી નાખીએ, બસ એક અક્ષર એમનો એમ રહેવા દઈએ : 'ઙ'

કેમકે 'ઙ' કોઈનો નહીં. એ એકલાઅટૂલા અક્ષરનો કોઈ અર્થ ભલે ન સંભવે, પણ એને એમનો એમ રહેવા દઈએ તો ક્યારેક કદાચ એક નવી બારાખડી, નવા સમયની સર્જકતાની ભાષા, એની આસપાસ રચાવા લાગશે. ગ્રીક મહાકવિ હોમર કહે છે તેમ, દરિયાથી દૂર-સુદૂરની ભોયમાં ખોડાયેલું ઓડિસ્યુસનું હલેસું, દરિયાદેવની આશા મુજબ, કદાચ ક્યારેક એ આઘે આઘેના રહેવાસીઓનો નાતો દરિયા સાથે જોડે. નવા નવા અનુબંધોની, નવેસરથી જોડાતા જૂના અનુબંધોની એક નવી સંકેતનલીલા કદાચ રચાવા લાગે અને આપણું ગુજરાતી સાહિત્ય સુવાંગ પોતાની હોય એવી એક આવતીકાલ આખી પ્રજા માટે ઉપજાવી લે.

વૈયક્તિક ચેતના અને સામૂહિક ચેતના એવા આયાતી ભેદોની પેલે પાર જઈ, 'અકમ્' અને 'પુરમ્'-ના તાણાવાણાથી વણાયેલું આપણી કાવ્યબાનીનું વસ્ત્ર જેટલું મજબૂત તેટલું સુંદર બને. અનુભૂતિ અને અભિવ્યક્તિની અણસમજુ આનુપૂર્વી પર આધારિત ભ્રાંતિ આપણા સમાજવિચાર અને સાહિત્યવિચાર, બંનેને કલુષિત ન કરે. પ્રબળ દલિત ચેતના, આદિવાસી જીવનનું કઠોર વાસ્તવ, નારીની સ્વતંત્ર અને સર્વોપયોગી સત્તા, અન્યથા અક્ષમ દેહને અનેક રીતે સક્ષમ બનાવી પોતાની સર્જતાને અભિવ્યક્ત કરતી બળકટ ચેતના - આ સર્વનો સમજણભર્યો સ્વીકાર અને સમાવેશ કરતી એક અભિનવ સાહિત્યમીમાંસા ગુજરાતી ભાષામાં રચાય. એ માટેની આપણી સહુની મથામણમાં આ કોઈનો નહીં એટલે બધાનો એવો ઙ ખપ લાગે.

એવા કોઈકની એકલતા જેમાં આલેખાઈ છે એવી મહાનવલ ગુલાગ આર્કીપાલેગોના લેખક એલેકઝાન્ડર સોલ્ઝેન્યિત્સિનના વ્યાખ્યાન, 'વન વર્ડ ઑફ ટ્રુથ'ના આ શબ્દોને આપણા આજ અને આવતી કાલના સંદર્ભે છેલ્લે સાંભળીએ :

Just as a puzzled savage who has picked up a strange cast-up from the ocean, something unearthed from the sands, or an obscure object fallen down from the sky, intricate in curves, it gleams first dully and then with a bright thurst of light, just as he tyrns it this way and that, turns it over, trying to discover what to do with it, trying to discover some mundane function within his own grasp, never dreaming its higher function, So are we, holding Art in our hands, confidently consider ourselves to be its masters; boldly we direct it, we renew, reform and manifest it; we sell it for money, use it to please those in power; turn to it for one moment for amusement - right down to popular song and night clubs, and at another - grabbing the nearest weapon, cork or cudgel - for the passing needs of politics and for narrow-minded social ends. But art is not defiled by our efforts, neighter does it therby depart from its true nature, but on each occasion and in each application it gives to us a part of its secret inner light.

- સાઇબેરિયાવાસ દરમિયાન સામ્યવાદી સોવિયેટ યુનિયનમાં અને દેશવટા પછી મૂડીવાદી પશ્ચિમ યુરોપમાં, એકેમાં જે કોઈનો નહોતો અને તોયે દુનિયાભરના દુર્લક્ષિતો અને પીડિતોનો જે હંમેશાં હતો, એવો સોલ્ઝેન્યિત્સિન કહે છે એમ બધા દુરુપયોગોની ઉપરવટ જઈને કવિતા, સાહિત્ય, કલામાત્રનું આ 'સિક્રેટ ઇનર લાઇટ', અંતઃ ગોપિત અજવાળું સહુ સાથે આપણને જોડતા માર્ગોને, ક્યારેક સૂર્ય જેમ, ક્યારેક ચંદ્ર જેમ, ક્યારેક વીજળીના ઝબકારા જેમ આલોકિત કરતું રહેશે. અને એ અજવાળામાં, એ માર્ગે, સર્વસ્તાઓ, રાજ્ય-ધર્મ-અર્થ-સમાજ સહુની સત્તાઓ સાહિત્ય સાથેની સંવાદિતામાં, સૌંદર્યલોકમાં સમુદિત થતી દેખાશે.

આપણે આંખો ખુલ્લી રાખીએ.

(સિકંદરાબાદમાં તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર, ૨૦૧૭ દરમિયાન યોજાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૯મા અધિવેશનમાં રજૂ કરવામાં આવેલ પ્રમુખીય વક્તવ્ય)

**સિતાંશુ યશશ્ચંદ્ર**
૩૦૨, બી, શ્રવણ રેસિડેન્સી, કોસ્મિક એન્કલેવ,
સમા, વડોદરા - ૩૯૦૦૨૪

# ભારતનો અંધકારયુગ

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

ભારત ઉપર મુસલમાનો, મોગલો વગેરેએ ચઢાઈ કરી અને જીત્યા. મુસલમાનો આપણું બધું ઘણું લૂંટીને લઈ ગયા. મોગલો ભારતમાં રાજા તરીકે રહ્યા. કોઈ સારા, કોઈ ઘાતકી રાજા તરીકે જાણીતા બન્યા, પણ તેમણે ભારતને તેમની ભૂમિ બનાવી અને તેમના વંશજનો આજે પણ ભારતમાં સામાન્ય નાગરિકની જેમ જીવે છે.

મોગલ સમયની સમૃદ્ધિ જોઈને વેપાર અર્થે બ્રિટિશરો આવ્યા. શરૂઆતમાં અને અહીંથી ભારત છોડીને ગયા ત્યાં સુધી તેમનો ધ્યેય વેપારનો જ રહ્યો છે. લુચ્ચા વેપારી તરીકે ભારતમાં રહ્યા. અહીંથી જેટલું બને તેટલું બધું લઈ ગયા. આપણે તેમની સાથે હરીફાઈ ન કરીએ તે માટે આપણા ધંધાઓનો સંપૂર્ણ નાશ કરવા પ્રયત્ન કર્યો. વેપારીમાંથી રાજા બન્યા. તેમના રાજાઓ વંશપરંપરાગત ન હતા. બ્રિટન તેમના પ્રતિનિધિઓને આપણા રાજાઓ તરીકે મોકલતું. અને આ રાજાઓના આપણે ગુલામો !! મોટો વેરો નાખીને અને અંદર અંદર આપણા ભાગલાઓ પાડીને કલ્પનામાં ન આવે તેટલાં વર્ષ લગભગ બસો વર્ષ આપણા ઉપર રાજ કર્યું. આ રાજાઓનો આશય જ્યાં સુધી રાજ કરાય ત્યાં સુધી રાજ કરવાનો અને તેમના મૂળ વતનને જેટલો લાભ કરી શકાય તેટલો કરી આપવાનો હતો. અને આમાં તેમને ખૂબ જ મોટી સફળતા મળી છે. તેમની મોટી સફળતા એ આપણી લાચારી આ બંનેનો સરવાળો સરખો જ રહે. આથી તેમની મોટામાં મોટી સફળતા એ આપણી મોટોમાં મોટી લાચારી.

આ લેખનો આશય આપણા ઉપર બ્રિટિશરોએ કેવી રીતે રાજ્ય કર્યું તે તરફ બધાનું ધ્યાન દોરીને ઇતિહાસ યાદ કરાવવાનો છે અને આપણને બ્રિટિશરોની ગુલામીમાંથી છોડાવનાર આપણા વડવાઓના બલિદાનને યાદ કરાવવાનો છે.

1947માં બ્રિટિશરો ભારતને જે રીતે છોડીને ગયા તે તેમની માનસિક સ્થિતિ દર્શાવે છે. બોલવા ચાલવામાં ઘણી મીઠાશ લાગે, પણ તેમને ભારતની પ્રજા ઉપર રાજ્ય કરતાં ફાવે તે માટે ભારતની પ્રજાના હિંદુ અને મુસલમાન એમ બે ભાગ પાડ્યા. અને ભારતના બે ભાગ પાડવામાં તેમની શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કર્યો. ભારતના બે ભાગલાઓ થતાં ભારતમાં રહેનારા મુસલમાનો અને પાકિસ્તાનમાં રહેનારા હિન્દુઓની જે કરુણ હાલત થઈ તે તો તેઓ જાણે !! એક દેશમાંથી બીજા દેશમાં જતા રસ્તામાં ઘણાં કુટુંબોની કતલ થઈ તે તો દુનિયાના ઇતિહાસમાં કરુણમાં કરુણ હોનારત છે. આના માટે કોણ જવાબદાર ?

**મોગલો**

1615માં જહાંગીરની કોર્ટમાં સૌથી પહેલા બ્રિટનના એલચી સર થોમસ રોએ તેમના ઓળખપત્રો રજૂ કર્યા ત્યારે મોગલરાજ્ય કાબૂલથી શરૂ કરીને પૂર્વમાં બંગાળ, કાશ્મીરથી શરૂ કરીએ તો નીચે કર્ણાટક સુધી પ્રસરેલું હતું. લગભગ દોઢ સદી પછી 1739માં નાદીર શાહે દિલ્હી લૂંટ્યું ત્યારે દિલ્હીના ખજાનામાંથી તે જમાનાના 50 કરોડ રૂપિયાની કિંમતનાં સોનું, ચાંદી અને ઝવેરાત લૂંટીને લઈ ગયેલો. તે સમયના રાજાની મોર ડિઝાઇનની રાજગાદી અને રાજ્યનો ખજાનો લઈ ગયેલો. આઠ અઠવાડિયા સુધી દિલ્હી સળગતું રહેલું અને 50,000 મડદાંઓ રસ્તા ઉપર પડ્યાં હતાં. એવું કહેવાય છે કે નાદીર શાહ પરસિઆ (Persia) પાછો ફર્યો ત્યારે એટલું બધું લૂંટીને લાવેલો કે ત્રણ વર્ષ સુધી કોઈ પણ જાતનો વેરો તેણે પ્રજા પાસેથી લીધેલો નહિ. આ પછી મોગલોની સત્તા નબળી પડતી ગઈ અને મોગલોના સૂબાઓ અને વિરોધીઓ મજબૂત બનતા ગયા.

મોગલોના સમયમાં ભારત દુનિયાની સંપત્તિનો 23

ટકા ભાગ હતો જ્યારે આખું યુરોપ દુનિયાની સંપત્તિનો 27 ટકા ભાગ હતો. ઔરંગજેબના સમયમાં ફક્ત વેરાની જ આવક રૂ. 10 કરોડ પાઉન્ડની હતી, જ્યારે બ્રિટિશરો ભારત છોડીને તેમના દેશમાં પાછા ફર્યા ત્યારે ભારત દુનિયાની સંપત્તિનો ભાગ ફક્ત ત્રણ ટકાથી થોડોક જ વધારે હતો. સરળ કારણ : ભારતનો વહીવટ ફક્ત બ્રિટનના લાભ માટે જ થતો.

અહીં જે બધી માહિતી આપેલી છે તે શશી થરૂરના પુસ્તક **'An Era of Darkness'**માંથી લીધેલી છે. ખરેખર શશી થરૂરનાં પુસ્તકોનું વાચન કરવા જેવું છે. આ લેખનો આશય પણ ગુજરાતી વાચકોને શશી થરૂરના પુસ્તકોથી વાકેફ કરવાનો પણ છે.

1600માં રાણી ઇલિઝાબેથ Iના રૉયલ ચાર્ટરથી રેશમ, મસાલા અને રોજિંદા ઉપયોગની વસ્તુઓના ભારત સાથેના વેપાર માટે ઇસ્ટ ઇન્ડિયા કંપની (East India Company) સ્થપાયેલી. ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ વેપારના વધારા માટે ભારતના જાણીતા દરિયાકાંઠાઓનાં શહેરોમાં ફેક્ટરીઓ પણ બાંધેલી. કલકત્તા, મુંબઈ અને મદ્રાસ જેવાં આ શહેરો છે. જાણે કે આ બધાં નામો બદલાઈ ગયાં છે. આ બધાના રક્ષણ માટે ઇસ્ટ ઇન્ડિયા કંપની સૈનિકો પણ રાખતી.

નાદીર શાહની લૂંટ પછી મોગલોના હાથમાંથી સત્તા સરીને તેમના સૂબાઓના હાથમાં ગઈ. તે સમયે બંગાળનો વહીવટ નવાબ સિરાજ - ઉદ્ - દૌલા (Siraj - ud - Daula)ના હાથમાં હતો. ઇસ્ટ ઇન્ડિયા કંપનીના રૉબર્ટ ક્લાઈવની સરદારી નીચે પહેલું પ્લાસીનું યુદ્ધ (Plassey) થયું. નવાબના લશ્કરી સૂબા મિર જાફર ફરી જવાના કારણે અને યુદ્ધ માટેનાં સારાં સાધનોના કારણે ક્લાઈવની જીત થઈ. આ જીતતાં ક્લાઈવે મિર જાફરને (Mir Jafar) ગાદીએ બેસાડ્યો. આ પેટે મિર જાફરે ક્લાઈવને રાજ્યની તિજોરીમાંથી 25 લાખ પાઉન્ડ આપ્યા. જોકે ક્લાઈવે આ પૈસા ઇસ્ટ ઇન્ડિયા કંપનીની તિજોરીમાં જમા કરાવ્યા. ક્લાઈવ બ્રિટન પાછા ગયા. ક્લાઈવ પછીનાએ મિર જાફરને ગાદીએથી ઉતારીને મિર કાસમને ગાદીએ બેસાડ્યો. મિર કાસમે તિજોરીમાંથી આ પેટે પૈસા આપ્યા. જેટલા પૈસા મિર કાસમે આપેલા તેનાથી અઢી ગણા પૈસા મિર જાફરે આપ્યા. આથી ત્રણ વર્ષ પછી મિર કાસમને ગાદીએથી ઉઠાડીને મિર જાફરને ગાદીએ બેસાડ્યા. બે વર્ષ પછી નજીમ - ઉદ્ - દૌલા જોડેથી પૈસા લઈને નજીમ - ઉદ્ - દૌલાને ગાદીએ બેસાડ્યા. લાંચ લેવી અને ફોડવા તે તો સામાન્ય વાત હતી. આને કઈ જાતનો સમય કહેવો ?

ઑગસ્ટ 1765માં જુવાન અને નબળા પડેલા મોગલ રાજા શાહઆલમ IIને દબડાવીને બંગાળ, બિહાર અને ઓરિસ્સાના રેવેન્યુના અધિકારીઓની જગ્યાએ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના રેવેન્યુ અધિકારીઓ ગોઠવવાનો હુકમ કઢાવ્યો. વેપાર કરતી પેઢી હવે પોતાનું લશ્કર રાખતી અને મહેસૂલ ઉઘરાવતી બની ગઈ. ભારત હવે કાયમને માટે બદલાઈ ગયું.

ક્લાઈવની પ્લાસીની લડાઈ પછીનાં સો વર્ષ બાદ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું 2,60,000નું લશ્કર હતું અને બ્રિટિશ સરકારનો અને પાર્લામેન્ટનો મોટો ટેકો હતો. ઘણા બધા પાર્લામેન્ટના સભ્યો પાસે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના શેરો હતા. આના કારણે ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો મોટા ભાગના ભારત ઉપર કાબૂ હતો. સ્વતંત્ર રાજ્યોને જીતી લીધાં હતાં. મોટા ભાગના ગવર્નર જનરલોની નિમણૂક લંડનથી થતી. આ બધા ગવર્નર જનરલોનું કામ દેશનો વેપાર બ્રિટનના લાભ માટે જોવાનો, વેરો ભેગો કરવાનો અને ભારતીય લોકોની બધી જ જાતની જિંદગી ઉપર હુકમ કરવાનો હતો.

1803માં કંપનીએ દિલ્હી ઉપર ચડાઈ કરી ત્યારે ઘરડા અને ડરી ગયેલા મોગલ રાજા ટૂંટિયુ વાળીને બેઠા હતા. 1847માં લૉર્ડ ડેલહાઉસીએ 2,50,000 ચોરસ માઈલના વિસ્તારની ભારતીય રાજાઓની જમીન તેમના રાજ્ય સાથે જોડી દીધી, બ્રિટિશ સરકારે લશ્કરી અને નૌકાસૈન્યને ટેકો આપીને ઇસ્ટ ઇન્ડિયા કંપનીને ઘણી જ મદદ કરી. તદ્ઉપરાંત બૅંક ઑફ ઇંગ્લૅન્ડમાંથી જરૂરી લોનો અપાવી.

### Indian Civil Service (ICS)

ક્લાઈવના સમયમાં ઇસ્ટ ઇન્ડિયા કંપની તેમને ફાવે તેમ કરતી અને નવાબના હાથમાં કોઈ ભારે સત્તા ન હતી. નવાબ શોભાના ગાંઠિયા જેવા હતા. જ્યારે વારન હેસ્ટિન્ગ્સ (Warran Hastings) ગવર્નર બનીને આવ્યા ત્યારે તેમણે આ બધો ઢાંગ છોડી દઈને નવાબને ઉથલાવીને બધી જ સત્તા ઇસ્ટ ઇન્ડિયા કંપનીના હાથમાં લઈ લીધી. આ બધું સરખી રીતે ચલાવવા માટે યોગ્ય

માણસોની જરૂરિયાત ઊભી થઈ. 1785માં કૉર્નવાલિસે (Cornwallis) ઇસ્ટ ઇન્ડિયા કંપનીના માણસોમાંથી ધંધાકીય રીતે વહીવટને જોનારા માણસોની કાયમી ટીમ ઊભી કરી કે જે કંપનીના માટે દેશનો કારભાર ચલાવે. આ કાયમી ટીમની જગ્યાઓ બ્રિટિશરો માટે જ રાખી. દરેક જિલ્લાના ચાર્જમાં આ ટીમના બ્રિટિશરોને મૂક્યા. તેમનું કામ જમીન મહેસૂલ એકઠું કરવાનું હોઈને તેમને 'કલેક્ટર (એકઠું કરનાર)' તરીકે ઓળખવામાં આવતા. આ કલેક્ટરનું કામ મેજિસ્ટ્રેટનું પણ હતું. આ રીતે બ્રિટિશરો સરકાર ચલાવતા.

આ કાયમી ટીમ માટે શરૂઆતમાં બ્રિટનમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના મોટા અમલદારો તેમના ઓળખીતા યુવાન માણસોને રજૂ કરતા. 1806 પછી લંડન નજીક આવેલી હેઈલીબરી કૉલેજમાં (Haileybury college) આ યુવાનોને કેળવણી આપતા. 1833 પછી સ્પર્ધાત્મક પરીક્ષા (Competitive Examination) દાખલ થઈ છતાંય ઇસ્ટ ઇન્ડિયા કંપનીના મોટા માથાઓના નીમેલા માણસો માટે સરળ હતું. 1853 પછી બ્રિટનનો કોઈ પણ ગોરો માણસ આ પરીક્ષાઓનાં પરિણામો ઉપરથી (Indian Civil Service) ઇન્ડિયન સિવિલ સર્વિસ માટે પસંદગી પામતો. આ નોકરીના પગારો ઘણા ઊંચા હતા અને ભારતમાં રાજકીય સત્તા (Political Power) વાપરી શકાતી જેની બ્રિટનમાં શક્યતા જ ન હતી. આથી ઇન્ડિયન સિવિલ સર્વિસની માગ ઘણી હતી.

આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ભારતને લગતી કોઈ પણ વાત આવતી ન હતી. ભારત તરફની કોઈ પણ પ્રકારની લાગણીની પણ વાત ન હતી. આ પરીક્ષાઓ એવી હતી કે જેથી પરીક્ષકો અંગ્રેજ સદ્‌ગ્રહસ્થ શોધી શકે કે જે વિદ્વાન પણ હોય.

1860 પછી ભારતીયોને પણ ICSની પરીક્ષા આપવા દેતા - દુનિયાના અધિકારીઓમાં ICSના અધિકારીઓના પગારો વધારેમાં વધારે હતા. લાંબી રજાઓ અને ઊંચાં પેન્શનો પણ આ અધિકારીઓને મળતાં. ઘણા અધિકારીઓ તેમની આવક પણ વાપરી શકતા ન હતા.

બ્રિટિશ ગોરાં કુટુંબો પેઢીઓની પેઢીઓ ભારતમાં નોકરીએ રહ્યાં છે, પણ ભારત તેમનું વતન છે તે ગણીને રહ્યાં નથી. તેમનાં બાળકોને ભણવા માટે બ્રિટન મોકલતા. ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ગોરાઓ દેશીઓથી દૂર રહેતા. તેમનું અને તેમના માણસોનું અગત્યનું કામ લંડનમાં રહેલા કંપનીના ડિરેક્ટરોને વહેલામાં વહેલા અને વધારેમાં વધારે પૈસા મોકલવાનું હતું. આ ગોરાઓની જિંદગી જીવવાની રીત જેના ઉપર રાજ કરતા હતા તેમની જીવવાની રીતથી તદ્દન જુદી હતી. બ્રિટિશરોએ તેમની જાતને રાજ કરનાર જ્ઞાતિના સ્થાપિત કર્યા હતા. આથી તેઓ ભારતીય જોડે જમ્યા પણ નથી અને લગ્ન પણ ભારતીય જોડે કર્યાં નથી. તેઓ તેમના બંગલાઓમાં ગોરાઓના વિસ્તારમાં રહેતા જે વિસ્તાર 'કેન્ટોન્ટમેન્ટ અથવા સિવિલ લેન્સ' તરીકે ઓળખાતો. અને તેમની ક્લબોમાં ભારતીય પ્રજા માટે પ્રવેશની મનાઈ હતી. ગોરાઓનાં બાળકો ભારતીય બાળકો સાથે ભણવાને બદલે બ્રિટનની પબ્લિક સ્કૂલમાં ભણવા મોકલવામાં આવતાં, અરે ! ગોરાઓનાં કપડાં, પુસ્તકો વગેરે બ્રિટનથી આવતાં. નોકરીનાં વર્ષો પૂરાં થતાં તેમના વતન બ્રિટનમાં નિવૃત્તિનો સમય ગાળતા. ઇન્ડિયન સિવિલ સર્વિસ એવો આગ્રહ રાખતી કે ICSમાં જોડાયેલા ત્રીસ વર્ષ સુધી કુંવારા રહે. આવા પુરુષોને શોધતી બ્રિટનમાંથી આવતી સ્ત્રીઓ ભારતીય સમાજને ધિક્કારતી. ICSમાં જોડાયેલા અધિકારીઓ 25 વર્ષની નોકરી પછી નિવૃત્ત થઈને બ્રિટનમાં પાછા આવતા. સામાન્ય રીતે એશિયા માઈનૉર અથવા ધી એંગ્લો ઇન્ડિયન ક્વાર્ટર તરીકે જાણીતા ભાગમાં નિવૃત્તિ ગાળતા. આ ભાગનાં મકાનો ભવ્ય હતા.

ભારતીય લોકો ICSની પરીક્ષા ન આપે તે માટે અંગ્રેજોએ દરેક પગલે ભારે કુચક્રો શરૂ કર્યાં. આખરે જ્યારે ભારતીય લોકો ICSમાં જોડાયા ત્યારે શરૂઆતમાં તો ગોરા લોકોનો બિલકુલ સહકાર મળેલો નહિ. તે સમયનું ગોરાઓનું વિચારવાનું ફિલ્ડીંગ-હૉલ (Fielding-Hall)ના લખવા પ્રમાણે, ''ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, ભારતીય નથી, તે ઇંગ્લિશ છે. તે ઇંગ્લિશ રહે તે આવશ્યક છે અને તે ભારતમાં હોઈને જરૂરી બને છે... ઇંગ્લૅન્ડે તેની જાતે ભારતની જવાબદારી સ્વીકારી છે અને આ કારણે તેમાંથી પાછા હઠી ન શકે કે જવાબદારી વહેંચી શકે. સરકારે તેની રીતે કામ કરવું જોઈએ અને તે ઇંગ્લિશ રીતે. કોઈ પણ ભારતીય તે કઈ રીતે તે કહી ન શકે.'' ફિલ્ડીગ-હૉલ ICSમાં જોડાયેલા.

શરૂઆતમાં ICS થયેલા ભારતીયો માટે ખૂબ જ અઘરું હતું. શરૂઆત ચેટ્ટીએ કરેલી. ચેટ્ટી ઑક્સફર્ડમાંથી ગ્રેજ્યુએટ થયેલા અને સિવિલ સર્વિસની પરીક્ષામાં આગળના નંબરોમાં પાસ થયેલા. તેમની નિમણૂક ભારતના કોઈ જિલ્લામાં કરી, જ્યારે તે ક્લબમાં જાય છે ત્યારે ત્યાં હાજર રહેલા ગોરા અધિકારીઓએ તેમને ક્લબમાં પેસવા ન દીધા. મોટા ભાગનાં કામો ક્લબમાં થતા હોઈને આ મોટો ફટકો ગણાય. આખરે ગોરાઓની આ જાતની વર્તણૂકથી થાકીને ચેટ્ટીએ પોતાની જાતને બંદૂકની ગોળી મારીને તેમની જિંદગીનો અંત આણ્યો. એવો જ કિસ્સો રવીન્દ્રનાથ ટાગોરના મોટા ભાઈ સત્યેનાથ ટાગોરનો છે. 1886માં ICS થયેલા. તેમને પણ ચેટ્ટીના જેવો જ અનુભવ થયેલો. ભારતીય હોઈને જરાયે અગત્યનું કામ સોંપવામાં ન આવ્યું. તેજસ્વી બહુભાષી, ઊર્મિકાવ્યો લખનાર અને સમાજસુધારક હોવા છતાંય મહારાષ્ટ્ર રાજ્ય સતારામાં સામાન્ય ન્યાયાધીશ તરીકે નિવૃત્ત થયા.

પગારમાં પણ મોટો ફેર. બ્રિટનના 8000 ઑફિસરો કુલ (પાઉન્ડ) £ 13,930,554 કમાતા જ્યારે 130,000 ભારતીયો કુલ્લે £ 3,284,163 કમાતા. સરકારના દરેક ખાતા ઉપર ગોરા લોકોનો જ કાબૂ રહેતો. આ ગોરાઓ જ્યારે ભારતમાં હોય ત્યારે ભારતના પૈસા, અનુભવ અને ડહાપણ મળતાં. જ્યારે આ ગોરાઓ નિવૃત્ત થાય ત્યારે પૈસા, અનુભવ અને ડહાપણ તેમની સાથે બ્રિટનમાં લઈ જાય. આથી ભારત પૈસા, અનુભવ અને ડહાપણ ખોતું, ગરીબ બનતું ગયું.

ગોરા લોકોનો ફક્ત સિવિલ સર્વિસમાં જ વંશવાદ ન હતો, બધે જ હતો. જેમ-જેમ ગોરાઓની સત્તા વધતી ગઈ તેમ-તેમ ગોરાઓ વધારે નફ્ફટ બનતા ગયા. જ્યારે આ જ ગોરાઓ સત્તાધિષ્ઠિત જગ્યાએ ન હતા ત્યારે ભારતનો ધર્મ, પોશાક અને ખાવાનું અપનાવતા.

### બ્રિટનની ઔદ્યોગિક ક્રાન્તિ

બ્રિટનની ઔદ્યોગિક ક્રાન્તિ ભારતના કાચા માલમાંથી પાકો માલ બનાવતા ઉદ્યોગના નાશ ઉપર રચાયેલી હતી. ભારતના કાપડ ઉદ્યોગનો નાશ કરીને ભારતનું રૂ બ્રિટનમાં લઈ જઈને કાપડ બનાવીને ભારત અને દુનિયામાં વેચતા. બંગાળના હાથવણાટના કારીગરો દુનિયાનું પ્રખ્યાત કાપડ જે મલમલ (ફાઈન મઝલિન) તરીકે ઓળખાય છે તે વણતા અને તેની નિકાસ યુરોપ, ઇજિપ્ત, તૂર્કસ્તાન, જાવા, ચીન, જાપાન વગેરે જગ્યાએ થતી. બંગાળ 1750માં 1 કરોડ અને 60 લાખ તે સમયના રૂપિયાનું કાપડ દર વર્ષે નિકાસ કરતું. તદ્ઉપરાંત 65 લાખ રૂપિયાનું રેશમ પણ બંગાળ નિકાસ કરતું. જ્યાં સુધી બ્રિટિશરો ફક્ત વેપારી હતા ત્યાં સુધી બંગાળ દર વર્ષે વધારે ને વધારે કાપડ અને રેશમ નિકાસ કરતું ગયું. જ્યારે બ્રિટિશરો રાજ ચલાવનાર બન્યા ત્યારથી બંગાળ માટે બધું બદલાઈ ગયું. રાજ ચલાવનાર તરીકે બ્રિટિશરો ક્રૂર હતા. બ્રિટનમાં નિકાસ થયેલા કાપડની કિંમત પાઉન્ડમાં ચૂકવવાને બદલે બંગાળમાંથી આવતી જમીન મહેસૂલમાંથી ચૂકવાતી, તેમની પાસે સત્તા હોવાથી બીજા દેશોમાં થતી નિકાસ બંધ કરાવી દીધી. ઇસ્ટ ઇન્ડિયા કંપની એકલી જ ખરીદનાર હોઈને ખૂબ સસ્તા ભાવે કાપડ ખરીદતી.

બ્રિટનમાં જેમ જેમ કાપડ બનાવવાનું વધ્યું, તેમ-તેમ બ્રિટનના વેપારીઓને ભારતથી આવતું કાપડ તેની નજરમાં આવતું થયું. ભારતથી આવતું કાપડ સસ્તું હોઈને બ્રિટનના વેપારીઓ તેમની સાથે હરીફાઈ કરી શકે તેમ ન હતા આથી બ્રિટનના વેપારીઓને બંગાળમાં કાપડ બનાવતું જ બંધ કરાવવું હતું. ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સૈનિકોએ જ્યાં આ કાપડ બનતું હતું ત્યાં જઈને કાપડ બનાવવાની લૂમોનો કચ્ચરઘાણ કરી નાખ્યો અને કાપડ વણનારના અંગૂઠા કચરી કાઢ્યા જેથી ફરીથી કાપડ વણી ન શકે. આ નજરે જોનારા સાક્ષીઓ હતા.

આ સિવાય તેમની પાસે સત્તા હતી આનો ઉપયોગ કરીને બ્રિટનમાં આવતા કાપડ ઉપર 70થી 80 ટકા વેરો લેવાનું નક્કી કર્યું. આની સામે ગુલામ ભારત શું કરી શકે ? દુનિયાનો 25 ટકા કાપડનો વેપાર ભારતમાંથી થતો. આનો સંપૂર્ણ નાશ બ્રિટિશરોએ કર્યો, આની અસર ખૂબ જ ભારે થઈ, બંગાળના ઢાકામાં મલમલ ભરપટે તૈયાર થતું ત્યારે ઢાકાની વસ્તી લાખોમાં હતી જે 1820માં ઘટીને 50,000 થયેલી.

1830માં બ્રિટન ભારતમાં 6 કરોડ યાર્ડ કાપડ નિકાસ કરતું જ્યારે 1858માં 96 કરોડ અને 80 લાખ યાર્ડ કાપડ ભારતમાં નિકાસ કરતું. ભારતના કાપડના ધંધાનો બ્રિટિશરોએ સત્તાથી નાશ કર્યો. આની અસર ભારે થઈ. આ કારીગરો ક્યાં જાય ? લગભગ મોટો ભાગ

ગામડાંઓમાં પાછો ગયો અને ખેતીવાડીમાં જોડાયો, વધારે પડતા માણસો ખેતીવાડીમાં જોડાતાં, ગામડાંઓમાં ખેતમજૂરોના પગારો ઘટ્યા. ગામડાંઓની ગરીબાઈ બ્રિટિશરોની રમતના કારણે ઊભી થઈ.

આ બધું જોતા બન્કિમ ચંદ્ર ચેટરજીએ અંગ્રેજો માટે લખેલું કે, ''જે દ્રવ્યલોભ ઉપર કાબૂ ન રાખી શકે'' અને જેમની ભાષાના મહત્ત્વના શબ્દોમાં ''સદાચાર શબ્દ અદૃશ્ય થયો છે.''

**કાયદાની બ્રિટિશ રાજ્યની પદ્ધતિ**

ગોરાઓએ પોતાના દેશના કાયદાઓ પોતે જીતેલા પ્રદેશોના માણસો ઉપર કોઈ પણ જાતની સલાહમસલત વગર ઠોકી બેસાડેલા. સામાન્ય રીતે આ કાયદાઓ ગોરાઓ, ચુનંદા લોકો અને પુરુષોની તરફેણમાં હતા. જાતિ પ્રમાણે ભેદભાવ રાખવો તે કાયદેસર ગણાતું. ઘણી ક્લબો ગોરાઓ માટે જ હતી. ઘણી હોટેલોમાં, 'Indians and dogs are not allowed (ભારતીય અને કૂતરાઓએ દાખલ ન થવું).''

બ્રિટિશ ભારતમાં ન્યાય આરોપીની ચામડીના રંગ ઉપર વધારે પડતો રાખતો. ગોરાએ ભારતીય નાગરિકના વિરુદ્ધ કંઈ અપરાધ કર્યો હોય તો ઓછામાં ઓછી સજા થતી. કોઈ ગોરાએ તેમના ત્યાં કામ કરતા ભારતીય નોકરને બંદૂકની ગોળીથી મારી નાખ્યો હોય તો તે ગોરાને છ મહિનાની જેલની સજા અને સો રૂપિયા દંડ થાય. ભારતીયે ગોરી સ્ત્રી ઉપર બળાત્કાર કર્યો છે તેમ સાબિત થાય તો તે ભારતીયને વીસ વર્ષની સખત જેલની સજા થાય. ગોરાના હાથે કોઈ ભારતીયનું મૃત્યુ થાય તો તે અકસ્માત જ હોય જ્યારે ભારતીયના હાથે કોઈ ગોરાનું મૃત્યુ થાય તો તે મોતની સજાને પાત્ર ગુનો ગણાય.

ગોરા ન્યાયાધીશોએ ભારતીયે અને યુરોપીયને કરેલા એકસરખા ગુના માટે ભાગ્યે જ એક સરખી સજા કરી હોય. એવું મનાય છે કે કલકત્તામાં એકસરખા ગુના માટે ભારતીયને યુરોપિયન કરતાં દસ ગણી સજા થાય. બ્રિટિશરોના કાયદાઓનો આશય ભારત ઉપર બ્રિટિશ લોકો કાયમના માટે રાજ કરે તેવો હોઈને તે પ્રમાણેના કાયદાઓ તેમને બનાવેલા. સાથે સાથે મોટા ભાગના સામ્રાજ્યવાદીઓનો આશય ભારતમાં તેમની કારકિર્દી સારી રહે અને પૈસા કમાવાય તેવો હતો. બ્રિટિશ રાજનીતિની ટીકા દબાવવા માટે 1870માં રાજદ્રોહનો કાયદો પસાર કરેલો. ઇન્ડિયન પીનલ કોડના વિભાગ 124Aની નીચે કોઈ પણ વ્યક્તિ શબ્દો, નિશાનીઓ કે દેખી શકાય તેવા ચિત્રથી સરકારની વિરુદ્ધ અસંતોષ દર્શાવે તો રાજદ્રોહનો ગુનાનો આરોપ મૂકી શકાય અને જિંદગીભર સખત જેલની સજાના પાત્ર બને છે.

**દુકાળો (Famines)**

પશ્ચિમના દેશોની પ્રગતિ અને જીવન જીવવાની રીત નજરે ચઢે તેવી છે. આથી બ્રિટિશ લોકોના રાજમાં દુકાળ પડે અને માણસો, પશુઓ ભૂખમરાથી મૃત્યુ પામે તે જલદીથી માનવામાં આવે તેમ નથી. છતાંયે એ હકીકત છે કે બ્રિટિશરોના વહીવટ દરમિયાન આપણે ત્રણ કરોડથી સાડા ત્રણ કરોડ માનવીઓ ભૂખમરાથી ખોયા તે હકીકત છે. આવું બનવાનું કારણ બ્રિટિશરોની તદ્દન બે કાળજી અને આ બેકાળજીનું ખરું કારણ : આપણી તેમને જરાયે પડી ન હતી. આપણને એમનાથી ઘણા હલકા ગણતા હતા.

જ્યારે તેમને પૂછવામાં આવતું ત્યારે દુકાળમાં વચ્ચે પડીને માણસો અને પ્રાણીઓને બચાવવા ન જવાનાં નીચેનાં કારણો આપતાં :

(1) માર્કેટમાં (અનાજના ભાવ) જે કંઈ બનતું હોય તેમાં વચ્ચે ન પડવું.

(2) માલ્થુસિઅનના (Malthusian) નિયમ પ્રમાણે કુદરત વધારે પડતી વસ્તીનો નાશ કરીને વસ્તીને યોગ્ય સપાટીએ રાખે છે.

(3) આર્થિક દૂરદર્શિતા. જે પૈસા બજેટમાં ન હોય તે ન જ વપરાય. 1943ના બંગાળના દુકાળમાં 40 લાખ બંગાળીઓનું ભૂખમરાથી નિધન થયેલું. તે સમયે બ્રિટનના વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલે જાણી જોઈને ભારતના ભૂખમરાવાળા ભાગને અનાજ આપવાને બદલે બ્રિટિશ લશ્કરને અને યુરોપના ગ્રીસના ભંડારોમાં મોકલી આપેલું. જ્યારે એ નફ્ફટને પૂછવામાં આવ્યું ત્યારે તેનો જવાબ, ''અદ્દભુખ્યા બંગાળીનો ભૂખમરો મજબૂત ગ્રીક કરતાં ઓછો ગંભીર છે. દુકાળ એમની ભૂલોના કારણે છે. સસલાની જેમ સંતાનો પેદા કરે છે.'' જ્યારે માનવ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા ઑફિસરે વિસ્ટન ચર્ચિલને તેમના નિર્ણયના કારણે જે મોટી કરુણતા ઊભી થઈ તે વિશે પૂછ્યું ત્યારે એ બદમાશનો જવાબ, ''હજુ ગાંધી કેમ મર્યો નથી ?''

બ્રિટિશ રાજ દરમિયાનના દુકાળોની યાદી દુઃખી કરે તેવી છે : બંગાળનો મોટો દુકાળ (1770), મદ્રાસ (1782-83), દિલ્હી અને દિલ્હીની આસપાસનો ભાગનો ચાલીસા (Chalisa) દુકાળ (1783-84), હૈદરાબાદની આસપાસનો દોજી બારા દુકાળ (Doji Bare) (1791-92), આગ્રા દુકાળ (1837-38), ઓરિસ્સા દુકાળ (1866), બિહાર દુકાળ (1873-74), દક્ષિણ ભારતીય દુકાળ (1876-77), ભારત દેશનો દુકાળ (1896-1900), મુંબઈ દુકાળ (1905-06) અને બંગાળનો દુકાળ (1943-44)

**ભારતીય રેલવે (Indian Railway)**

ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ તેમને ઉપયોગી થાય એટલા માટે રેલવેનો વિચાર કરેલો. 1843માં ગવર્નર જનરલ લૉર્ડ હાર્ડિન્ગે (Lord Hardinge) રેલવે બાંધવા માટે દલીલ કરી. દસ વર્ષ પછી તેમના પછીના ગવર્નર જનરલ લૉર્ડ ડેલહાઉસે બ્રિટનમાં બનેલા રેલવે એન્જિનો, રેલવે પાટાઓ અને ડબ્બાઓનું ભારત મોટું માર્કેટ બને. ભારતના ખેતીવાડીના પાકોની હેરફેર કરવામાં રેલવેની જરૂરિયાત જોઈ. મજૂરો, લશ્કર વગેરેની હેરફેર સરળતાથી થઈ શકે તે માટે રેલવે બાંધવાનું નક્કી કર્યું. આ બધા માટે પૈસા ક્યાંથી લાવવા ? તે સમયે વ્યાજના દરો 2 ટકાથી વધારે નહિ હોય, પણ સરકારે 5 ટકા વ્યાજ આપવાનું નક્કી કર્યું. આટલું બધું વ્યાજ કોણ આપે ? ભારતની પ્રજા. બ્રિટિશરોને વ્યાજ અને શેરોના કારણે કંપનીઓને બાંધવા માટે ભરપેટ પૈસા મળતા હોઈને જરાયે કરકસરની જરૂરિયાત ન રહી. 1850થી 1860 સુધી એક માઈલ રેલવે લાઇન બાંધવાનું ખર્ચ (પાઉન્ડ) £ 18,000 થતું જ્યારે અમેરિકામાં ફક્ત પાઉન્ડ £ 2000 થતું. આ બધો નફો બ્રિટિશરો તેમના વતન લઈ ગયા.

કોલસો, લોખંડ, રૂ વગેરેને બંદરે લઈ જઈ વહાણો દ્વારા બ્રિટન લઈ જવાનો ખ્યાલ હતો. આ બધાને બંદરે લઈ જવા રેલવે બાંધી હતી. બ્રિટનમાં આ બધાને ફેક્ટરીઓમાં લઈ જઈ અવનવું બનાવીને દેશ-પરદેશમાં વેચવાનો ખ્યાલ હતો. આ બધાનાં કારણે રેલવેમાં લઈ જવાની કિંમત વધારે રાખતા નહિ. માણસોની અવરજવર પણ રેલવેથી થઈ શકે. આ માટે એમણે ત્રીજા વર્ગના (III Class)ના ડબ્બાઓ રાખેલા જેમાં લાકડાની બેન્ચો રાખેલી. આનો ઉપયોગ ખૂબ જ થતો હોઈને રેલવેને નફો રહેતો. પહેલી રેલવેની લાઇન 1853માં શરૂ થઈ.

આમાં પણ ગોરાઓ અને ભારતીય વચ્ચે ભેદ પાડેલો. શરૂઆતમાં ગોરાઓ માટે જુદા ડબ્બા રાખેલા, પણ આર્થિક રીતે ખૂબ જ મોંઘું પડતું હોઈને ગોરાઓના જુદા ડબ્બા કાઢી નાખ્યા. શરૂઆતમાં કોઈ પણ ભારતીયને રેલવેની નોકરીમાં ન રાખતા. રેલવે બૉર્ડના ડિરેક્ટરથી માંડીને ટિકિટ વેચનાર કારકુન સુધીની બધી નોકરીઓ ગોરાઓ માટે હતી અને તેમના પગારો યુરોપિયનોના ધોરણે આપવા પડતા. જ્યારે ફક્ત ગોરાઓની નીતિમાં સુધારો થયો ત્યારે ગોરાઓના બદલે 'ગોરાઓ જેવા' શોધવા માંડ્યા. 'ગોરાઓ જેવા' કેટલા મળે ? મા કે બાપ ગોરો હોય ત્યારે બને. આથી આને બદલે શીખો અને પારસીઓને રેલવેની નોકરીમાં રાખવા માંડ્યા. આખરે આર્થિક કારણોસર 1870થી ના છૂટકે ભારતીયોને રેલવેમાં નોકરીએ રાખવા માંડ્યા. બ્રિટનમાં ગુણવત્તા પ્રમાણે નોકરીમાં ઉપરના પદે ચઢાવવામાં આવતા. જેમ કે નાના રેલવે સ્ટેશનના સ્ટેશનમાસ્તરને મોટા રેલવે સ્ટેશનના સ્ટેશનમાસ્તર બનાવતા. જ્યારે ભારતમાં એમ કરવામાં આવે તો ગોરાઓ માટેની જગ્યા ભારતીયોને આપવી પડે. આથી નોકરીમાં ઉપલા પદે જવા માટે ભારતીયોને ભારે તકલીફ પડતી.

1872માં ભારતની રેલવે માટે ધી રૉયલ ઇન્ડિયન એન્જિનિયરિંગ કૉલેજ, લંડનની નજીક કૂપર હિલમાં (Copper's Hill) શરૂ કરી. આ કૉલેજમાં પણ ઓછામાં ઓછા ભારતીય હોય તે તેમને ગમતું. 1886માં રેલવેના (Public works Deparment) પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટમાં 1015 એન્જિનિયરોમાં ફક્ત 86 જ ભારતીયો હતા !! 1862માં ટ્રેનોને દુરસ્ત માટે બંગાળમાં જમાલપુર અને રાજસ્થાનમાં અજમેરમાં રેલવેએ વર્કશોપ સ્થાપેલી. તેમાં જે ભારતીયો કામ કરતા. તેમણે 1878માં રેલવેનું એન્જિન બનાવ્યું જે સારું અને સસ્તું હતું. બ્રિટનના ધંધાઓને તકલીફ ન પડે તે માટે 1912માં પાર્લામેન્ટમાં કાયદો પાસ કરેલો કે જેથી ભારતની વર્કશોપ રેલવેનાં એન્જિનો ન બનાવે. ભારતે બ્રિટનમાં બનાવેલા રેલવેનાં એન્જિનોના દસ ટકા ભાગ 14,400 બ્રિટનમાંથી ખરીદેલા અને બાકીનાં 3000 કૅનેડા, યુ. એસ. એ. અને જર્મનીથી ખરીદેલાં.

જ્યાં જરૂરિયાત હોય તે જગ્યાએ બ્રિટિશરોએ નવી રેલવે લાઇન નાખી નથી. તદ્‌ઉપરાંત પહેલા વિશ્વયુદ્ધમાં

ભારતીય રેલવેના પાટાઓ કાઢીને બ્રિટનના મિત્રરાજ્યોમાં લડાઈ જીતવા માટે મોકલી આપેલા.

**ક્રૂરતા**

બ્રિટિશરો વિનયી, વિવેકી ખરા પણ ધારે ત્યારે તેમના નિયમોને માનવતાના ભોગે વળગ્યા રહે. કોઈ કોઈ વખત જે રીતે બ્રિટિશરો વર્ત્યા છે તે સમયના તેમના વર્તન માટે ક્રૂર શબ્દ પણ પ્રમાણમાં ખૂબ જ નાનો લાગે. 1806માં કંપનીએ સિપાઈઓનો પહેરવેશ બદલ્યો. આ પહેરવેશ હિન્દુઓ અને મુસલમાન સિપાઈઓને અપમાનકારક લાગ્યો. આના કારણે સિપાઈઓએ બંડ પોકાર્યું. બ્રિટિશરોએ આ બંડને નિર્દય ઘાતકીપણે દાબી દીધું. 300 બંડખોરોને એક સાથે બાંધીને દીવાલની સામે ઊભા રાખીને ત્રીસ મીટર દૂરથી બંદૂકની ગોળીથી વીંધી નાખ્યા. આ સિપાઈઓને તેમની બાજુ રજૂ કરવાની તક પણ ન આપી અને જે બાકી રહ્યા તેમના ઉપર મિલિટરી કૉર્ટમાં કેસ કરીને (કૉર્ટ માર્શલ) કૉર્ટના ચુકાદા પ્રમાણે તોપના મોઢે છ બંડખોરોને વારાફરતી બાંધીને ફૂંકી માર્યા, બીજા પાંચ જણને ફાયરિંગ સ્કવૉટે ગોળીઓથી વીંધી નાખ્યા, આઠ જણને ફાંસી દીધી અને પાંચ જણને કાળા પાણીની સજા કરી.

1857ના બળવા વખતે પણ સખતમાં સખત ક્રૂરતા વાપરેલી. હજારો બળવાખોરોને તોપના મોઢે બાંધીને તોપ ફોડતા જેથી તેમના નાનામાં નાના ટુકડાઓ થાય. જાહેરમાં વધસ્થંભ ઉપર ઘણાને ફાંસી દીધેલી. સ્ત્રીઓ અને બાળકોની કતલ કરેલી. લાખેક માણસોએ જીવ ખોયેલા. અલ્હાબાદ અને કાનપુરના જનરલ જેઈમ્સ જ્યાર્જ સ્મિથ નીલ (General James George Smith Neill) અને ઝાંસીના સર હુજ રોઝ (Sir Hugh Rose) લોહી તરસ્યા હતા. સર હુજ રોઝે 5000 નિર્દોષ સ્ત્રીઓ અને બાળકોની કતલ કરાવેલી.

જ્યારે દિલ્હી ફરીથી બ્રિટિશરોએ લીધું, ત્યારે બ્રિટિશરોમાં દયા વગરની ક્રૂરતા હતી. 'દરેકને ગોળીથી મારી નાખવાનો ઑર્ડર' આપવામાં આવેલો. મસ્જિદમાં આશરા માટે ગયેલા લોકોને બહાર ખેંચી લાવીને બંદૂકની ગોળીથી વીંધી નાખેલા, મોગલ રાજા બહાદુરશાહ શાંતિપૂર્વક તેમના કુટુંબ સાથે બ્રિટિશ લશ્કરને શરણે થયા. રાજા બહાદુરશાહના સોળ પુત્રોમાંથી ઘણાના ઉપર કાયદા મુજબ કામ ચલાવીને ફાંસીએ લટકાવી દીધા. બાકીનાનું ઝવેરાત કઢાવીને, હાથ કાપીને ગોળીઓથી વીંધી નાખ્યા. આખા કુટુંબનો નાશ કર્યો.

આ જ પદ્ધતિ વીસમી સદીમાં પણ ચાલુ રાખેલી. કૉંગ્રેસે શરૂ કરેલી 'ભારત છોડો (Quit India)'ની ચળવળ બંધ કરાવવા પાશવી જોર વાપરેલું. સત્યાગ્રહી બહેનો ઉપર પોલીસોએ બળાત્કાર કરેલા જેથી બહેનો ડરી જાય. સત્યાગ્રહીઓને જેલમાં પૂરેલા. અને આ કેદીઓને બરફની પાટ ઉપર નગ્ન સુવડાવતા અને જ્યારે બેભાન થાય ત્યારે છોડતા. મારા ઘણા સંબંધીઓએ જેલોમાં માર ખાધો છે.

આથી વધારે બ્રિટિશરોની ક્રૂરતા જાણવી હોય તો જલિઆનૂવાલા (Jallianwala bagh) બાગમાં બનેલું તે જોઈએ. વિશ્વયુદ્ધ Iમાં ભારતે માણસે અને પૈસાનો બહુ મોટો ભોગ આપેલો. આથી ભારતીયોએ માની લીધેલું કે ભારત સ્વરાજની શરૂઆત કરે તે માટેના પગલાંની શરૂઆત બ્રિટિશ સરકાર કરશે. આના બદલે સજા કરતો રોલેટનો કાયદો ભારતની પ્રજાને આપ્યો. પંજાબમાં આનો વિરોધ દર્શાવવા માર્ચ 30 અને એપ્રિલ 6ના રોજ હડતાલ પાડવામાં આવેલી. અને આ શાંતિપૂર્વક, ગાંધીજીના નિયમ પ્રમાણે બનેલું. આ સભાઓમાં ભાષણ કરનાર ડૉ. સૈફુદ્દિન કિચલુ (Saifuddin kitchlew) અને ડૉ. સત્યપાલ (Satyapal)ની એપ્રિલ 9ના રોજ બ્રિટિશ સરકારે ધરપકડ કરી. ધરપકડના સમાચાર સાંભળીને અમૃતસરની પ્રજા આની સામે વિરોધ દર્શાવવા પોલીસ સ્ટેશને પહોંચી. અહીંયાં મોટું ટોળું ભેગું થયું અને પોલીસો ઉપર પથ્થરો ફેંક્યા અને પોલીસોએ ગોળીબાર કર્યા અને તેમાં દસ જણ માર્યા ગયા. આથી ટોળું વધારે વીફર્યું, બ્રિટિશ સામ્રાજ્યની વસ્તુઓને નુકસાન કર્યું અને આમાં પાંચ ગોરાઓ પણ માર્યા ગયા. આને શાંત પાડવા બ્રિટિશ સરકારે એપ્રિલ 11ના રોજ 600 સૈનિકો અમૃતસર મોકલી આપ્યા અને બીજા દિવસે તેમના નાયક બ્રિગેડિયર જનરલ રીગિનાલ્ડ ડાયર (Reginald Dyer) એ આવીને અને કબજો સંભાળી લીધો. ઘણા બધા નિયમો જાહેર કરી દીધા. બધુ શાંત હોવા છતાંય તેમણે ઘણાને જેલ ભેગા કરી દીધા અને ત્રણ જણથી વધારે જણના ભેગા થવા ઉપર પ્રતિબંધ મૂકી દીધો.

આજુબાજુના વિસ્તારોમાં અમૃતસરમાં શું બની રહ્યું છે તેની ખબર નથી. આથી બૈસાખિના (Baisakhi)

તહેવારના નિમિત્તે જલિઆન્‌વાલા બાગમાં આ તહેવાર ઊજવવા દસ હજારથી પંદર હજાર માણસો ભેગા થાય છે. આ બાગને ચારે બાજુએ દીવાલો છે અને અંદરથી બહાર જવા અને બહારથી અંદર આવવા પાંચ સાંકડા દરવાજાઓ છે. જેવી ડાયરને આ ટોળાની ખબર પડી તેવો જ ત્યાંથી મશીનગન સાથે સૈનિકોને લઈને જલિઆન્‌વાલા બાગે આવી પહોંચ્યા અને એક દરવાજા આગળ તેમની લશ્કરી ગાડી ઊભી રાખી. કોઈ પણ જાતની તપાસ કર્યા વગર અને કોઈ પણ જાતની જલિઆન્‌વાલા બાગ ખાલી કરવાની ચેતવણી આપ્યા વગર તેમના સૈનિકોને ગોળીબાર કરવાનો હુકમ કર્યો. શાંત અને અહિંસક ટોળું હતું. એવા સાંકડા દરવાજામાંથી બધા કઈ રીતે બહાર જઈ શકે ? ચીસો પાડતા ટોળા ઉપર ડાયરે ગોળીબાર કરવાનો હુકમ કર્યો. દારૂખાનું પતે ત્યાં સુધી સૈનિકોએ 150 યાર્ડ દૂરથી લાઇટ મશીન ગનથી ગોળીઓ છોડે રાખી. તેમણે 1650 ગોળી છોડી અને આના કારણે 379 માણસો માર્યા ગયા અને 1137 માણસો ઘવાયા. જ્યારે આ પૂરું થયું ત્યારે લોહીના ખાબોચિયામાં મરેલા અને ઘવાયેલા ઘણા માણસો પડ્યા હતા. આ ફક્ત દસ જ મિનિટ ગોળીબાર ચાલેલો. ડાયરે સૈનિકોને ઘવાયેલાઓને કોઈ પણ જાતની મદદ કરવાની મના કરેલી; આટલું જ નહિ પણ અમૃતસરમાં ચોવીસ કલાક માણસોને ઘર બહાર નીકળવાની મના કરેલી જેથી સગાંસંબંધીઓ કે મિત્રો ઘવાયેલાઓને પાણી પણ ન આપે.

આ સમાચાર છ મહિના સુધી બહાર આવવા ન દીધા. જ્યારે આ સમાચાર બહાર આવ્યા ત્યારે ઘણા બધા ઊંચા-નીચા થયેલા. આના માટે હન્ટર કમિશનની (Hunter Commission) નિમણૂક કરવામાં આવી. જેના રિપોર્ટના કારણે ડાયરને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા. અને હાઉસ ઑફ કૉમન્સે ઠપકો આપ્યો, જ્યારે હાઉસ ઑફ લૉર્ડ્સે (Lords) ડાયરને નિર્દોષ ઠેરવ્યા અને પેન્શન સાથે નિવૃત્ત થવા દીધા. ડાયરે હન્ટર કમિશનને જે કહ્યું તેમાં તેમને આવું કરવા માટે જરાયે અફસોસ થતો હોય તેવું ન લાગ્યું. ઉપરથી બહાદુરીનું કામ કર્યું હોય તેવું લાગ્યું. ભારતમાં રહેનારા બ્રિટિશરોને પણ ડાયરે કરેલું કામ બહાદુરીનું લાગ્યું તે અફસોસની વાત છે. ડાયરને માન આપવા માટે તેમણે (પાઉન્ડ) £ 26,317 ભેગા કર્યા અને ઝવેરાતથી જડેલી તલવાર અને આ પૈસા ડાયરને આપીને જાહેરમાં સન્માન કર્યું !!

ક્લાઈવથી શરૂ કરીને માઉન્ટબેટનના (Mount batten) અંત સુધીનો ભાગ જોઈએ તો પ્રજા અને રાજા વચ્ચેના સંબંધો કેવા હતા ? રાજા પ્રજાનો ભાગ હતો ? રાજા અને પ્રજા વચ્ચેનો સંબંધ માલિક અને ગુલામ જેવો હતો. બ્રિટિશ લોકો તેમની જાતને ભારતીય કરતાં ઘણા ઊંચા ગણતા હતા. જરાયે નજીકનો સંબંધ ન હતો. રાજા તેમની જાતને પ્રજાનો ભાગ ગણતા જ ન હતા.

પ્રજા સુખી થાય તે માટેની યોજનાઓ ખરી ? જરાયે નહિ. ઉપરથી પ્રજાની પાસેથી વધારેમાં વધારે વેરો લઈને બ્રિટન ભેગો કરતા. તેમણે શિક્ષણની જરાયે ચિંતા કરી નથી. દુકાળ ન પડે તેનો પણ વિચાર કર્યો નથી.

બે વસ્તુઓ અણધારી રીતે ભારતને ઉપયોગી થઈ છે : રેલવે અને અંગ્રેજી ભાષા. આ બંનેની શરૂઆત અંગ્રેજોએ તેમના સ્વાર્થ માટે કરેલી.

દુકાળ, કાયદાઓમાં મોટો ભેદ અને ક્રૂરતા : આ ત્રણેના દાખલાઓ ઉપરથી ભારત ઉપર અંગ્રેજોનું રાજ જુલમી રાજ હતું. શા માટે આશ્ચર્ય થાય ? અરે તેમના જ ગૃહ પ્રધાન (Home Minister) સર વિલિયમ હિક્સે (Sir William Hicks) 1928માં જણાવ્યું કે, 'આપણે ભારત બ્રિટનના માલના નિકાસ માટે જીત્યું. આપણે ભારત તલવારથી જીત્યું અને આપણે તલવારથી ભારતને પકડી રાખીએ છીએ. હું એવો દંભી નથી કે કહું અમે ભારતીયો માટે ભારત પકડી રાખીએ છીએ. અમે એક હાથમાં ગજ (Yardstick) અને બીજા હાથમાં તલવાર લઈને ગયા, અને પાછળથી તેમને લાચાર સ્થિતિમાં પકડી રાખીએ છીએ દરમિયાન તેમના ગળામાં ડૂચો ખોસીએ છીએ.'

આ લેખ નીચેના પુસ્તકના આધારે લખાયો છે.

Tharoor, Shashi, An Era of Darkness, The British Empire in India; Aleph Book Company, New Delhi, 2016.

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**
**સ્વરાજ, નરસિંહજી મંદિર પાસે, ઉવારસદ રોડ**
**મુ. પો. શેરથા, તા. જિ. ગાંધીનગર, 382323**
**મો. 9428019042**

# ગ્રંથસૌરભ

**'રચનાને રસ્તે : ૧૦૧ કાવ્ય-આસ્વાદો'** રાધેશ્યામ શર્મા. અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૧૬, ૩૧૨ પૃ., મૂલ્ય : રૂ. ૩૦૦

કવિતાના હાર્દ-સૌંદર્યને પામવા તો એનું કવન-ભાવન-આસ્વાદન કરાય. એનું વિશ્લેષણ કરાય તો ચૂંથાઈ જાય. કવિતાને પામવા–માણવા તો સાચા 'ભાવક' બનવું પડે. એની પ્રતીતિ પ્રસ્તુત આસ્વાદ-ગ્રંથમાં સર્વત્ર થાય છે.

'રાધે-શ્યામ' તો છે માધુર્યભક્તિથી રસાયેલું દૈવી યુગલ. ભક્તિશાસ્ત્ર તો માધુર્ય-ભક્તિને 'મધુર-રસ'ની સંજ્ઞા આપે છે. રાધા 'રસેશ્વરી' છે, તો શ્યામ 'રસેશ્વર' છે. કહેવાયું છે – **रसो वै सः ।** આપણા કવીશ્વર રાધેશ્યામ પણ 'રસ'થી રસાઈને, જૂના-નવા ૧૦૦ જેટલા કવિઓનાં ભાત-ભાતનાં, છાંદસ-અછાંદસ કાવ્યોનો 'રસાસ્વાદ' કરાવે છે. ભાવકશ્રી રાધેશ્યામજીએ 'આસ્વાદ' શબ્દ પ્રયોજ્યો છે.

કાવ્યમાં પ્રયુક્ત તત્ત્વોના સંયોજનથી જે 'રસાયન' રચાય છે, રાજશેખરના શબ્દોમાં જે 'પાક' નિષ્પન્ન થાય છે, એમાંથી જે ધ્વનિત થાય તે કાવ્યાત્મા રસ. એનાથી કાવ્ય બને : **'रसात्मकं वाक्यं काव्यम्'** । આવી રસાત્મકતાની અનુભૂતિ કરવી-કરાવવી તે 'આસ્વાદ.' આવો આસ્વાદ કરાવવા રસાસ્વાદક-ભાવક બનવું પડે, નહિ કે કેવળ શુષ્ક કાવ્યશાસ્ત્રી ! તેથી જ, પ્રસ્તુત ગ્રંથમાં રાધેશ્યામજીનું રસાસ્વાદક ભાવકનું પ્રધાન રૂપ અને કાવ્યશાસ્ત્રી (વિવેચક)નું ગૌણ રૂપ પ્રગટ્યું છે. 'શિલ્પાકૃતિ'નું કલાત્મક સૌંદર્ય, 'ફૂલવાડી'ની સુગંધ, 'રસોઈ'નો સ્વાદ, 'મધપૂડા'નું મધુ અને 'કાવ્ય'ની રસાત્મકતા – આ પાંચેયનો સમન્વિત આસ્વાદ કરાવતા પ્રસ્તુત 'અમૃતકુંભ'માંથી સાંપ્રત સમયને અનુરૂપ અને ઉપાદેય કેટલાંક અમૃતબિંદુઓનું આપણે આચમન કરીએ.

અનિલ જોષીના કાવ્ય 'રંગભેદ'માં પ્રવર્તમાન વર્ણ-રંગ-ધર્મ-પ્રદેશાદિની ભેદદષ્ટિ વરસાદના માધ્યમથી વ્યંજિત થઈ છે : 'કાળો વર્સાદ મારા દેશમાં નથી કે નથી પીળો વર્સાદ મારા દેશમાં.' રાધેશ્યામ કવિતાનું નવનીત તારવે છે : ''વર્ણવિભેદ, રંગભિન્નતા આધુનિક કે અનુ-આધુનિક જેવા નિકટના સમયની નવીન નિષ્પત્તિ નથી. સદીઓથી હાડચામશોણિતમા વણાયેલી-વીંટળાયેલી વિરેચન નહિ પામેલી એક ભેદગ્રંથિ છે. વળી કાળાકાળા કરસનજીને લીલાછમ બાલમુકુંદ બનાવી બહાર કાઢવાનું કવિકર્મ મધુર છે'' : 'પાંદડાની જાળીએથી લીલાછમ બાલમુકુંદ નીકળી ગયા !'

ઉમાશંકર જોષીના 'વિશ્વમાનવી' કાવ્યના આસ્વાદને અપાયેલ શીર્ષક ''વિશ્વ-ચેતના સાથે સાયુજ્ય સાધતી કાવ્ય-આકૃતિ'' તો આખી કવિતાના હાર્દને સૂત્રમાં ગૂંથી દે છે. ઉશનસ્‌ની કૃતિ 'સાતમો કોઠો'ની નાયિકા મજૂરણ-બાઈની અન્યાય સામેના આક્રોશની વિષાદોક્તિઓ છે :

**'કોણ દુઃશાસને ભરી સભામાં અમારું છેલ્લુંય**
**લજ્જાવસ્ત્ર અંગ ઉપરથી ઉતારી લીધું છે ?**
**હું મારા પેટમાં એક અભિમન્યુને ઉછેરું છું'**

– આ મજૂરનારીમાં રાધેશ્યામજીને ''દ્રૌપદી-ઉત્તરાનો વિરલ સંગમ'' પ્રતીત થાય છે. ''આમ જોવા જઈએ તો 'રોટી-કપડા-મકાન'ની અસામાન્ય અ-સમાન વહેંચણીની સામ્યવાદપક્ષી સમસ્યા કૃતિમાં પ્રસ્તુત થઈ લેખાય.''

ગુણવંત શાહની 'અગિયારથી પાંચ'નો કેન્દ્રવર્તી વિષય છે : કાગળોના કબ્રસ્તાન જેવી નિર્જીવ ઑફિસ. એમાં પાંચ વાગે શબપેટીઓ ધડાધડ બંધ થાય છે. કાવ્યની અંતિમ પંક્તિ છે : 'ઑફિસે ઘણા માણસો આવે છે. એક વાર કોચમીન અલી ડોસો પણ આવે છે – મરિયમનાં દસ્તાવેજી કાગળિયાં લેવા' રાધેશ્યામની અનુભૂતિ છે : ''કોચમીન અલી ડોસાનું આગમન નિર્દેશીને કવિશ્રી ગુણવંતે કૃતિને નિરૂપણસામર્થ્યથી કરુણ અને કરુણાસૂચક પરિમાણ બક્ષ્યું છે.'' ચંદ્રકાન્ત

ટોપીવાળાના કાવ્ય 'પ્રાર્થના'ને કવિ રાધેશ્યામ પથ્થરોમાં પ્રાણપ્રતિષ્ઠા કરતી વિશિષ્ટ કૃતિ રૂપે વધાવે છે : ''ચાર પથ્થરો એકઠા થઈ પોતે જે સલામત સ્થિતિમાં (ચણાયેલા) હતા એ સૌ મુસ્લિમ-હિન્દુ-ખ્રિસ્તી – હિન્દુમુસ્લિમ મિશ્ર ટોળાંઓએ ધર્મસ્થાનોમાં તોડફોડ કરી છૂટા પાડી નાખ્યા એની દારુણ કથની પરસ્પર કહે છે. ત્યાં તો, કુદરતકૃત વાવાઝોડું આવે છે એટલે ચારે પથ્થરિયાં પાત્રોને નિકટ આવવાની ફરજ પડે છે. 'આફતમાં સૌ એક'ના ન્યાયે પથ્થરમાં કુશળ કર્તાએ પ્રાણપ્રતિષ્ઠા કરી છે !'' મંદિર-મસ્જિદના નામે થતા સાંપ્રત ઝઘડાઓનો ધ્વનિ કૃતિમાં સંભળાય છે. પથ્થરોની તો અંતે આર્તનાદભરી પ્રાર્થના છે : 'જોઈએ તો કોઈ ચક્રવાતમાં અમને દળી નાખજો, પણ અમને કોઈ ઝનૂની ટોળાંઓને હાથ ન ચઢવા દેશો.'

અક્રમ વિજ્ઞાની-ધર્મમર્મજ્ઞ શ્રી રાધેશ્યામની દૃષ્ટિએ નીરવ પટેલની કૃતિ 'દલિત દધીચિ' તો રુધિરના ભડકાથી ભડકેલી રુદ્ર ચેતના છે. મૂળ પુરાણકથામાં દધીચિ, અસુરોની સામે સમર્પિત અસ્થિ થઈ વજરૂપે દેવ બ્રાહ્મણો ઋષિઓની વહારે ધાયેલા. જ્યારે અહીં તો આખો સરંજામ ગંગાજળની ઝારીને અભડાવવાનો આદેશ છે ! જુઓ કલમધારી સર્જક દધીચિનો આ કલ્પનાવૈભવ :

**હવે મારી કલમના કકડા કરી કાઢો –**
**એ ભેરુસંગ સારસીની જેમ**
**સતત આક્રંદ કર્યા કરે છે.**

નિમ્ન દલિત વર્ણની અવર્ણિત વેદનાને અહીં ગરિમાયુક્ત વાચા સાંપડી છે. નીરવ પટેલ અભિનંદનને પાત્ર છે કેમ કે એમણે જાતિદ્વેષના તેજાબનું કવિતામાં કેથાર્સિસ સાધવાનું મસમોટું સાહસ-દુઃખ વેઠી લીધું છે !''

રઘુવીર ચૌધરીના 'પંખી'માં તો રાધેશ્યામજી કાવ્યનાયક અને પંખીના 'સંકુલ સંબંધના કપૂર'ની ભાવાનુભૂતિ કરે છે. તેઓ નોંધે છે : ''શીર્ષકથી આરંભી છેક છેલ્લી પંક્તિ સુધી કાવ્યનાયકના એક અજાણ્યા પંખી સાથેનો વિશિષ્ટ ભાવાત્મક સંબંધ અછાંદસ લયમાં પ્રવર્ત્યો છે.''

રમેશ પારેખની 'હરિને જડી' કવિતા તો રાધેશ્યામની રસાનુભૂતિમાં 'શૃંગાર-સૂત્રમાં ભક્તિ-કાવ્યની કડી' છે. કૃતિની પહેલી પંક્તિ છે : 'જડી, જડી, હું જડી હરિને માઝમરાતે જડી.' આસ્વાદકશ્રી નોંધે છે : ''જાણે હરિ જ પ્રેમિકા ગોતવા રઢિયાળી 'માઝમરાતે' નીકળ્યા હોય એવો ઈશારો છે. લાગલી લીટીમાં અદ્વૈત સમાગમની પ્રસ્તાવના સમી કડી પ્રગટી છે : 'મંદિર માથે ધજા ચડે એમ હુંયે ઢોલિયે ચડી !' ઢોલિયાને મંદિરની મહત્તા અને શિખર પર ધજાનો ફરફાટ કેટલો સરસ રીતિએ ઝબકી ગયો.''

વર્ષાદાસના 'લોહીનો રંગ લાલ' કાવ્યમાં સાંપ્રત-કાલીન નામ - રૂપ - રંગ - પ્રદેશની ભેદદૃષ્ટિ વ્યંજિત થાય છે. કાવ્યની કેટલીક પંક્તિઓ છે : 'લોહીનો રંગ લાલ, પછી તે વાઘનું હોય કે વાંદરાનું / કયું ભારત અને કયું પાકિસ્તાન !' રાધેશ્યામ શર્માજી કવિતાને 'વિભાજનવૃત્તિ પર પુણ્યપ્રકોપ' રૂપે આસ્વાદે છે. કૃતિને આવકારે છે : ''ઝઘડાખોર મનુષ્યજાતિએ જાતે પાડેલી વિભાજનરેખાને ભૂંસવાનો સ્વાભાવિક ઉત્તાપ આવકાર્ય છે.''

સિતાંશુ યશશ્ચંદ્રની કૃતિ 'ફરી પાછું વૃક્ષ'માં ''પર્યાવરણની સમસ્યાને છંછેડ્યા વિના વૃક્ષની મનુજ વિકૃતિ તેમ જ વ્યાકૃતિ (વિ-આકૃતિ)ને હળવેક રહી ભાષાબદ્ધ કરનાર સર્જક સિતાંશુને પ્રણામ'' કરે છે, રાધેશ્યામ.

સુજ્ઞ, સજગ, તટસ્થ અને નીરક્ષીર વિવેકી આસ્વાદક-ભાવકશ્રીએ જે તે કાવ્યના આસ્વાદને તારવેલા નવનીત સ્વરૂપ સૂત્રાત્મક શીર્ષકથી મઢ્યો છે. સર્વકાવ્ય વિદ્યાવિશારદ, અધ્યાત્મસુરભિત વ્યક્તિત્વ નિષ્પન્ન કરનાર અને અનેક પુરસ્કારોથી વિભૂષિત રાધેશ્યામજીનો કાવ્યાસ્વાદનો આદર્શ છે : કાવ્ય તો 'આત્માનું ગહન સ્ફુરણ' હોઈ, તેને કેવળ 'કળા' કરતાં 'ચૈતન્યસભર સંઘટના' લેખવાની મનોવૃત્તિ, કાવ્યનું કેવળ અર્થઘટન નહિ, પર્ણ મર્મઘટન તરફ જવાનો પુરુષાર્થ. વિવિધ સામયિકોમાં પ્રગટ થયેલ કાવ્ય-આસ્વાદોના પ્રસ્તુત સંચય-ગ્રંથમાં આ આદર્શ ચરિતાર્થ થયો છે. ગુજરાતી વિવેચન-સાહિત્યમાં દુર્લભ એવા આ આસ્વાદ-ગ્રંથને તો સૌ કોઈ વધાવે.

**પ્રો. ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ**
**(રાષ્ટ્રપતિ સમ્માનિત)**
**ફોન : ૦૨૭૬૨-૨૪૩૮૬૩**

**આપણી મોંઘેરી ધરોહર : શ્રી પ્ર. ચુ. વૈદ્યનું જીવનચરિત્ર** / અરુણ એમ. વૈદ્ય. અમદાવાદ : વિશ્વકોશ ટ્રસ્ટ; વિક્રેતાઃ ગૂર્જર, ૨૦૧૬. vii, ૨૧૫ પૃ.; ૪ આર્ટ પ્લેટસ. કિં. રૂ. ૨૦૦.૦૦ ISBN : ૯૭૮-૯૩-૮૩૯૭૫-૪૨-૪.

'ગણિત અને ભૌતિકશાત્રની સરહદ પર આવેલ સાપેક્ષવાદના જૂજ મહાવિદ્વાનોમાંના એક' એવા ગણિત - ભૌતિકશાત્રી, કેળવણીવિદ્, ગાંધીજીવનદર્શનથી અનુપ્રાણિત, બહુશ્રુત અને બહુઆયામી વ્યક્તિત્વથી સંપન્ન અને 'ગુજરાતી વિશ્વકોશ' પ્રવૃત્તિનું પ્રેરણાસિંચન કરનાર 'પ્રેરણાપુરુષ' ડૉ. પ્ર. ચુ. વૈદ્યસાહેબ (પ્રહ્‌લાદરાય ચુનીલાલ વૈદ્ય, ૧૯૧૮ - ૨૦૧૦)નું ચરિત્ર આપણને ગણિતશાત્રના એક અન્ય મેધાવી પ્રોફેસર કે જેઓ આપણા ચરિત્રનાયક વૈદ્યસાહેબની જીવનશૈલી તેમજ શૈક્ષણિક અને વ્યવસાયિક કારકિર્દીના આદિથી અંતકાળપર્યંતના અંતરંગ દ્રષ્ટા રહ્યા છે એવા પુત્રવત્ ભત્રીજા ડૉ. અરુણ વૈદ્ય પાસેથી મળે છે, જે એક સુખદ સંયોગ છે, જેના પરિણામસ્વરૂપે આધિકારિક ચરિત્ર સુલભ થવાની સાથે આપણને એક નહીં પણ બે પ્રખર ગણિતજ્ઞોનાં ચરિત્રો મળ્યાં છે. અલબત્ત લેખક અરુણ વૈદ્યનું ચરિત્ર ચરિત્રનાયકના જીવન સાથે વણાઈ ગયેલી ઘટનાઓના ભાગ તરીકે અને પ્રસંગોપાત્તની ઘટનાઓનાં વર્ણનો સ્વરૂપમાં પરોક્ષ રીતે તેમજ ક્વચિત્ પ્રત્યક્ષ રીતે (પૃ. ૧૭૫-૧૭૭) મળે છે. આમ થવા પાછળનું મૂળભૂત કારણ એ કે લેખકનું લાલન-પાલન વૈદ્યસાહેબની છત્રછાયામાં જ થયું હતું, જે લેખકના શબ્દોમાં જોઈએ : 'હું ઘોડિયામાં પડ્યો પડ્યો રડતો હોઉં ત્યારે (કવિહૃદયી) વૈદ્યસાહેબ મેઘાણીરચિત શિવાજીનું હાલરડુંમાં ફેરફાર કરીને ગાય, 'અરુણિયાને નીંદરું ના'વે, કાકો બચુભાઈ ઝુલાવે.' આ ઉપરાંત બંનેના અધ્યયન - અધ્યાપન - સંશોધનનું રસક્ષેત્ર ગણિત પણ એક સમાન.

અહીં વૈદ્યસાહેબના જીવનનાં પ્રમુખ સ્થિત્યંતરો-નોંધપાત્ર વળાંકો, ઘટનાઓ બહુઆયામી પાસાંઓ (ઉદા. તરીકે સંશોધક, અધ્યાપક, કુશળ પ્રશાસક, વત્સલ પિતા વગેરે)ને ધ્યાને લઈ કાળક્રમાનુસાર ચરિત્રાલેખન કરવામાં આવ્યું છે અને તે પણ સામાન્ય જિજ્ઞાસુઓને નજરસમક્ષ રાખીને. પ્રથમ ૬ પ્રકરણો પૂર્વજો, જન્મ, શૈશવ, ભાવનગર અને મુંબઈમાં શિક્ષણ અને લગ્ન સુધીની ઘટનાઓ માટે ત્યારબાદનાં ૬થી ૧૮ સુધીનાં પ્રકરણોમાં રાજકોટ, સુરત, વિદ્યાનગર, અમદાવાદ અને વિસનગરની કૉલેજોમાં અધ્યાપક તરીકે આપેલી સેવાઓ અને આ દરમ્યાન માત્ર ૨૪-૨૫ વર્ષની વયે ખ-ભૌતિક ક્ષેત્રે 'Vaidya Metric'ની શોધ કરી એક દિગ્ગજ સંશોધક તરીકે ખ્યાતિ મેળવવી, તાતા ઈન્સ્ટિટ્યૂટમાં ડૉ. હોમી ભાભા સાથે મુલાકાત તથા પીએચ.ડી.ની ડિગ્રી મેળવવા સંબંધીની વિગતો આવરી લેવામાં આવી છે. આ પછી ગુજરાત યુનિવર્સિટીમાં ગણિતશાત્રના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે આપેલી સેવાઓ ૫ પ્રકરણોમાં વર્ણિત કરવામાં આવી છે. ત્યારબાદ એક એક પ્રકરણ અનુક્રમે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષ અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકેની કામગીરી સંદર્ભે અને અંતિમ ત્રણ પ્રકરણો કે જેમાં તેમના આયુષ્યનાં છેલ્લાં ત્રણેક વર્ષમાં તેમનાં ધર્મપત્ની શ્રીમતી વિદ્યાબહેનનું અવસાન, શ્રવણશક્તિ ગુમાવી ચૂકેલ અને શૂન્યમનસ્ક સ્થિતિમાં એકાકી જીવન પસાર કરી રહેલા વૈદ્યસાહેબ અને તેમના અવસાનની ઘટનાઓનું આલેખન કરવામાં આવ્યું છે તે તો કઠોર હૃદયના માનવીની આંખો ભીની કરી મૂકે તેવું છે.

વૈદ્યસાહેબના ચરિત્રચિત્રણની સાથે સાથે લેખકે અહીં તત્કાલીન સમયમાં પ્રચલિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણની તાસીર, શિક્ષણપદ્ધતિ, ભાવનગર અને મુંબઈની શિક્ષણ સંસ્થાઓ, વિશ્વયુદ્ધો અને વીસમી સદીની વિકરાળ મહામંદીની અસર, ૧૯૪૨ની ચળવળ, મહાગુજરાત, આંદોલન, તત્કાલીન કુટુંબવ્યવસ્થા અને નાગરીનાતના રીતિરિવાજ વગેરેની ઝાંખી કરાવી છે. ખાસ ધ્યાનપાત્ર બાબત એ કે અહીં વૈદ્યસાહેબના ગુરુજનો પૈકી ભાવનગરની મિડલ સ્કૂલના અંબાશંકર મહેતા, મુંબઈની રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસના ગણિતના પ્રોફેસરો કે. આર. ગુંજીકર (જ-? - ૧૯૯૦) તથા એન. આર. ત્રિવેદી (જ-? - ૧૯૯૦) અને બનારસ હિન્દુ યુનિવર્સિટીના પ્રો.વી.વી.નારલિકરનાં સુગ્રથિત રેખાચિત્રોની સાથે સાથે ગુજરાત અને ભારતમાં ગણિતશિક્ષણની સ્થિતિ, વૈશ્વિકસ્તરે ગણિતશિક્ષણના ૪૦૦ વર્ષના ઇતિહાસની અને કલનગણિતની શોધ સંદર્ભે ઇંગ્લેંડ અને બાકીના યુરોપના દેશો વચ્ચેના ઊંડા વાદવિવાદની ગણિતમાં રસ ધરાવતા તથા શિક્ષણ સાથે નાતો ધરાવતા સૌ કોઈને મજા પડી જાય તેવું ભાથું બંધાવી આપ્યું છે. આ ઉપરાંત વૈદ્યસાહેબ પોતાની કારકિર્દી દરમ્યાન પ્રસંગોપાત્ત જેમના વિશેષ સંપર્કમાં આવી પ્રભાવિત થયા હોય ઉદા. તરીકે ગણિતજ્ઞ પ્રિ. એન. એમ. શાહ (૧૮૯૪- ?), પ્રાચ્યવિદ્યાવિદ્ ડોલરરાય માંકડ, ધીરુભાઈ ઠાકર, વિજયરાય વૈદ્ય, ડૉ. હોમી ભાભા

અને TIFR, ગણિતના પ્રો. એચ. એન. રાવળ, પ્રો. દર્શનસિંઘ બસન અને ડૉ. ઈઝહાર હુસૈન, ૧૯૨૩ની આસપાસ ભાવનગરમાં પ્રવેશીને અખાડો ચલાવતા સ્વામીરાવ અર્થાત્ ક્રાંતિકારી પૃથ્વીસિંહ આઝાદ કે જે બ્રિટિશ જેલમાંથી નાસી છૂટેલા, પુરુષાર્થની પ્રતિમા સમાન દૃષ્ટિસંપન્ન કુલપતિ ઈશ્વરભાઈ પટેલ, પોતાના મોટાભાઈ મધુસૂદન વૈદ્ય વગેરેની સવિશેષતઃ વિદ્યાકીય પ્રવૃત્તિઓ સહિતના પરિચયો તેના વાચકને સંતૃપ્તિ અપાવે તેવા બળૂકા છે. આ સાથે જ વૈદ્યસાહેબની જનમભોમકાથી શરૂ કરી જે જે ગામો અને નગરો સાથે તેમનો નાતો બંધાયો હતો તેવાં સ્થળો ઉદા. તરીકે જામનગર, જૂનાગઢ, શાહપુર, ભાવનગર, મુંબઈ, મુજપુર (તા. સમી), બનારસ, રાજકોટ, વલ્લભવિદ્યાનગર, સુરત, વિસનગર, અમેરિકા વગેરેની ઐતિહાસિક, ભૌગોલિક અને સાંસ્કૃતિક અને શૈક્ષણિક વિગતો ઉજાગર કરી આપતાં સંતર્પક વર્ણનો પણ દૃષ્ટિસંપન્ન છે. આમ, અહીં લેખકે વૈદ્યસાહેબના સમગ્ર કાર્યકાળનું એક સુરેખ ચિત્ર ઉપસાવી આપ્યું છે, જેમાં લેખકનાં અધ્યયન-સંશોધનનિષ્ઠા, ગણિત સમ ચોકસાઈ, રસરુચિ અને કેળવાયેલ સૂઝ-સમજનાં દર્શન થાય છે. અમેરિકાના પ્રાસંગિક પરિચયમાં અમેરિકનો અને આપણી માનસિકતા સંદર્ભે લેખકની માર્મિક ટકોર 'કર્મનો સિદ્ધાંત કૃષ્ણભગવાને આપણને સમજાવ્યો હશે પણ એ સમજ્યા છે તો અમેરિકનોમાં લેખકનું અનુભવજન્ય તટસ્થ મૂલ્યાંકન ધ્યાનાર્હ બની રહે છે.

ગુજરાત યુનિવર્સિટીમાં ગણિત વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકેના કાર્યકાળ અને પ્રાયઃ જીવનના અંતિમકાળ સુધી ગુજરાતમાં ગણિતશિક્ષણની કાયાપલટ કરવામાં તેમણે આપેલા યોગદાન ઉદા. તરીકે અનુસ્નાતકથી માધ્યમિક કક્ષાઓ સુધી ગણિતનો નવો અભ્યાસક્રમ તજજ્ઞો પાસે તૈયાર કરાવડાવી તબક્કાવાર અમલીકૃત કરાવવો, અભ્યાસક્રમમાં નવું ગણિત-આધુનિક ગણિતનો પ્રવેશ, 'અમદાવાદ ગણિત મંડળ' અને 'ગુજરાત ગણિત મંડળ'ની સ્થાપના અને તેના માધ્યમથી 'સુગણિતમ્' સામયિક શરૂ કરવું અને તેના તંત્રી તરીકે સેવાઓ આપવી, વિવિધસ્તરના અધ્યાપકો / શિક્ષકો માટે ગ્રીષ્મશાળાઓનું આયોજન, 'સુગણિતમ્'ના માધ્યમથી માધ્યમિક શાળાઓના શિક્ષકોને નવા ગણિતનું અધ્યાપન શીખવવું, 'ઇન્ડિયન મૅથેમૅટિકલ સોસાયટી'નું અધિવેશન બોલાવવું વગેરે બાબતોનું સાધાર નિરૂપણ કરવામાં આવ્યું છે. આ સાથે ગુજરાત લોક સેવા આયોગના અધ્યક્ષ (૧૯૭૧-૧૯૭૭), સંઘલોક સેવા આયોગ (નવી દિલ્હી)ના સભ્ય અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે પારદર્શી વહીવટની સાથે સાદગીની મિસાલ સમ આપેલ ઉદાહરણસ્વરૂપ સેવાઓની અને તેને પૂરક ઘટનાઓ સાથે નોંધ લેવામાં આવી છે. એક પિતા તરીકે અમેરિકામાં અભ્યાસ કરતી પોતાની પુત્રી સ્મિતાને પ્રતિ સપ્તાહ પોતાના કુટુંબના સમાચારના બદલે વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલા વૈવિધ્યસભર સમાચારો ઉદા. તરીકે સંગીત, નૃત્ય, રમતગમત, શિક્ષણ, રાજકારણ વગેરેના સમાચારો સંદર્ભે પોતાનાં માર્મિક અવલોકનો વિશે પત્રો લખતા જે સમયાન્તરે 'પસ્તીનાં પાનાં', અમેરિકા નિવાસ દરમિયાન અમેરિકન જીવનશૈલી, શિક્ષણ વગેરે વિશે પોતાની પુત્રીઓને લખેલા પત્રો 'અમેરિકા અને આપણે' અને આ જ રીતે ઇંગ્લૅન્ડ - આયર્લૅન્ડની મુલાકાત ટાણેના પત્રો 'ઇંગ્લેન્ડ અને આયરલેન્ડ' શીર્ષક હેઠળ ગ્રંથસ્વરૂપે પ્રકાશિત થયેલા છે, જેમાં પુત્રીવત્સલ કેળવણીવિદ્ પિતાનાં દર્શન લેખકે કરાવ્યાં છે, જે હરકોઈ પિતા માટે પ્રેરણાસ્વરૂપ બની રહે છે.

વૈદ્યસાહેબની પ્રતિભા અને વ્યવસાયિક પ્રતિબદ્ધતા ઉજાગર કરવા ઉપરાંત લેખકે એક નાગરિક તરીકે તેમનાં રહેણી-કરણી, આચાર-વિચાર, અન્યની વાત સાંભળવી અને વજૂદ હોય તો તેનો સ્વીકાર કરવો, એક કેવળણીવિદ્ પિતા અને શિષ્ય વત્સલ ગુરુ, જીવનદર્શન, આરોગ્ય, રાજકારણ, અખાડા પ્રવૃત્તિ, રમતગમત સાપેક્ષવાદનો સિદ્ધાંત સમજાવવા માટે ગુજરાતી ભાષામાં વ્યાખ્યાનો આપી માતૃભાષાની મહતી સેવા, હિંદીભાષા પ્રચારનું કાર્ય વગેરે પાસાંઓ વિશે વાત કરવાનું મુનાસિબ માનીને એક અખંડ ચરિત્રનું સર્જન કર્યું છે, જે તેના વાચકને પ્રેરણાદાયી બની રહે તેવું છે. પોતાના અધ્યયન - અધ્યાપન - સંશોધનમાં રસક્ષેત્રના સાહિત્યમાં વિશેષ વાચનપ્રીતિ ધરાવવા ઉપરાંત તેઓશ્રી 'સંસ્કૃતિ', 'કુમાર' જેવાં શિષ્ટ સામયિકો, અગ્રણી વર્તમાનપત્રો વગેરેના વાંચનની સાથે સાથે પ્રવાસ દરમ્યાન અગાથા ક્રિસ્ટી, પીટર ચેની વગેરે લેખકોની હળવી નવલકથાઓના વાચનમાં પણ પ્રીતિ ધરાવતા અને પોતાના ગ્રંથસંગ્રહમાં પણ રાખતા હતા તેની વિગતો કાળજીથી અહીં નોંધવામાં આવી છે. ગાંધીજીવનદર્શન તેમના આચાર-વિચારનો એક અંતરંગ હિસ્સો હોવાની

સાથે સાથે પૃથ્વીસિંહ આઝાદ સાથેના સંપર્કથી સામ્યવાદી વિચારસરણીથી પણ તેઓ પ્રભાવિત હતા. લેખકે વૈદ્યસાહેબની વિચારસરણીમાં સમયાન્તરે થતાં પરિવર્તનોનું અવલોકન કરતાં નોંધેલ શબ્દો 'વૈદ્ય સાહેબને અમેરિકા, ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ જવાનું બન્યું પછી જ તેઓ કદાચ સામ્યવાદની પકડમાંથી સંપૂર્ણ મુક્ત થયા. મૂડીવાદ પર લોકશાહીનું અને યોગ્ય રીતે ઘડાયેલા બંધારણનું બંધન આવે તો તે લોકોમાં ખૂબ આબાદી લાવી શકે છે એમ તેમને સમજાયું'. વૈદ્યસાહેબ ધર્મનાં વિધિવિધાનો કે આચરણોમાં અને ઈશ્વર દર્શનમાં ખાસ શ્રદ્ધા ધરાવતા ન હતા, પરંતુ કર્મકાંડમાં શ્રદ્ધા હતી કે ન હતી તે વિશે લેખક પોતાનું મંતવ્ય નોંધવામાં અવઢવ અનુભવે છે. લેખકે અધ્યાપકો માટે અનુકરણીય અને પ્રેરણાદાયી એવી વૈદ્યસાહેબની આગવી ખાસિયત - નિવૃત્તિ બાદ પણ સ્વાસ્થ્ય સારું રહ્યું ત્યાં સુધી પ્રતિદિન ગણિતવિભાગની મુલાકાત લઈ અધ્યયન- સંશોધન પાછળ સમય આપવાનું ચાલુ રાખવું - ઉજાગર કરી આપી છે. એક મૂઠી ઊંચેરા પ્રતિભાસંપન્ન વ્યકિતના આચરણમાંથી પરિશુદ્ધ થયેલી આ બધી વાતો વ્યકિત-સમાજ - રાષ્ટ્રઘડતરમાં ખૂબ - ઉપકારક હોઈ તેનું અહીં નિરૂપણ લેખકની દૂરંદેશિતાપૂર્ણ શિક્ષણદષ્ટિનું પરિચાયક બની રહે છે. આ બધી બાબતો લેખક વૈદ્યસાહેબના વ્યક્તિત્વથી કેટલા બધા ઓતપ્રોત બની રહ્યા છે તેની પ્રતીતિકારક બની રહે છે.

લેખકે વૈદ્ય સાહેબની સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓની નોંધ લેવાની સાથે સાથે તેમની કેટલીક મર્યાદાઓ પણ અહીં તારવી આપી છે. ઉદા. તરીકે લેખકે નોંધ્યું છે કે 'તેમને મસાણીસાહેબ વિશે કેટલાક પૂર્વગ્રહો હતા એટલે મારી દલીલની સામે કોઈ દલીલ ન હોવા છતાં એ તેને સંપૂર્ણ સ્વીકારી શક્યા નહિ. તે બુદ્ધિજીવી હતા અને ખૂબ વિચાર કરીને અભિપ્રાયો પર પહોંચતા છતાં તેમના કેટલાક આગ્રહો એવા હતા જે પૂર્વગ્રહોની હદ સુધી પહોંચી જતા. ગણિતમાં અનંતીના ખ્યાલ વિશેનો તેમનો આગ્રહ આ પ્રકારનો હતો એમ હું માનું છું. ગણિતની બહાર પણ તેમના કેટલાક પૂર્વગ્રહો હતા. દાખલા તરીકે અર્થકારણમાં સામ્યવાદી વ્યવસ્થા શ્રેષ્ઠ હતી એમ તે આગ્રહપૂર્વક માનતા, એ જ પ્રમાણે શિક્ષણનું માધ્યમ ગુજરાતી જ હોવું જોઈએ તે માટેનો આગ્રહ તીવ્ર હતો.' આ ઉપરાંત બાલ્યવયમાં જ માતા-પિતાનાં અવસાનના આઘાતથી રખડુ પ્રકૃતિ અને તમાકુની લતના શિકાર થઈ જવું અને આ અધોગતિથી ચોંકી જતાં તેને તિલાંજલી આપવાની વાતો પણ નોંધી છે.

પ્રસ્તુત ચરિત્રનું વાચન કરતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે લેખકનો મહદ્ અંશે ઉદ્દેશ ચરિત્રનાયકના બહુશ્રુત અને બહુઆયામી વ્યક્તિત્વનો વિવિધ રસક્ષેત્રોના જિજ્ઞાસુઓને સર્વગ્રાહી પરિચય કરાવવાનો રહ્યો છે, જેમાં લેખક શતપ્રતિશત સફળ રહ્યા છે. આમ છતાં ગુજરાત અને દેશ માટે ગર્વરૂપ ઘટના સમાન વ્યક્તિત્વના ચરિત્રનું આલેખન ગુજરાતીમાં કરવામાં આવતું હોય ત્યારે ચરિત્રનાયકે ગણિતશાત્ર અને ભૌતિકશાત્રમાં આપેલ અસાધારણ પ્રદાનને મૂલવતું એક અર્થસભર પ્રકરણ અહીં અપેક્ષિત બની રહે છે. વધુમાં, તેમનાં બહુમૂલ્ય સંશોધનો વિશે વિશ્વના વૈજ્ઞાનિકો તરફથી પ્રાપ્ત પ્રતિભાવોની સારગ્રાહી નોંધ ઉપરાંત પસંદગીના પ્રતિભાવો તથા વૈદ્ય સાહેબના સંશોધનલેખો, સાક્ષાત્કાર, વિડિયો ફિલ્મ્સ વગેરેની શાત્રીય સૂચિ પ્રસ્તુત વિષયમાં રસ ધરાવતા તજજ્ઞો / સંશોધકો માટે વિશેષ ઉપકારક નીવડત, જેનો અહીં અભાવ જોવા મળે છે. જોકે ગ્રંથાન્તેની 'સૂચિ', વૈદ્યસાહેબનાં પુસ્તકો તથા તેમના વિશેનાં પુસ્તકોની યાદી અને વૈદ્યસાહેબ વિશેના માહિતીસ્રોતોનો ઋણસ્વીકાર સાથે ઉલ્લેખ ધ્યાનાર્હ બની રહે છે.

ઉલ્લેખનીય છે કે યોગાનુયોગ આ ચરિત્ર વૈદ્યસાહેબની જન્મશતાબ્દીના વર્ષમાં તૈયાર થયું હોઈ સમગ્ર ગુજરાતની તેમના પ્રતિ અનન્ય આસ્થા અને શ્રદ્ધા-ભક્તિના પ્રતીક તરીકે હૃદયસ્થભાવે તેમને અપાયેલ નિવાપાંજલિ બની રહ્યું છે. કથ્ય અને કથનની દૃષ્ટિએ પણ આ ચરિત્ર-ચિત્રણ ધ્યાનાર્હ બની રહે છે. લેખકનું ગણિત ઉપરનું પ્રભુત્વ જગજાહેર છે, પરંતુ તેની સાથે સાથે ભાષા પ્રભુત્વ અને ભાવાભિવ્યક્તિ પણ સમાન ગતિએ અહીં તાદશ્ય થાય છે, જે શ્લાઘનીય બની રહે છે. આવા સત્વશીલ ચરિત્રચિત્રણ માટે લેખક અને પ્રકાશન-સંસ્થા 'વિશ્વકોશ ટ્રસ્ટ' વિશેષ અભિનંદનનાં અધિકારી બની રહે છે. આપણી વિવિધસ્તરની શૈક્ષણિક સંસ્થાઓ અને સાર્વજનિક ગ્રંથાલયોમાં આ પુસ્તક પહોંચે અને વંચાય તે હેતુ ગ્રંથપાલો અને શિક્ષકો આચાર્યોની સક્રિયતા અપેક્ષિત બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આઈ.એ.એસ મુખ્ય પરીક્ષા

● ઑક્ટોબર-નવેમ્બર, ૨૦૧૭માં UPSC દ્વારા લેવાયેલ Civil Service Exam, વર્ગ-૧ની મુખ્ય પરીક્ષામાં મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર, ગાંધીનગરના ૧૩ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે જેમાં : ૧. દેવેન કેશવાલા, ૨. શૂન્ય પટેલ, ૩. મિલન સોલંકી, ૪. અક્ષય ઝરે, ૫. મોહિત પંચાલ, ૬. રિયાઝ સરવૈયા, ૭. સંદીપ વર્મા, ૮. ખુશ્બૂ સુથાર, ૯. અબા આરબ, ૧૦. મિતુલ રાઠોડ, ૧૧. અશોક રાઠોડ, ૧૨. દક્ષા પારેખ અને ૧૩. મનોજ બરહાટનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે આ ૧૩ વિદ્યાર્થીઓ પૈકી દેવેન કેશવાલાએ પબ્લિક એડમિનિસ્ટ્રેશન, અબા આરબે ઇતિહાસ અને બાકીના વિદ્યાર્થીઓએ ગુજરાતી વૈકલ્પિક વિષય તરીકે પસંદ કર્યો હતો. હવે, મૌખિક ઇન્ટરવ્યૂ દિલ્હીમાં લેવામાં આવશે. ઉલ્લેખનીય કે ભારતભરમાંથી અંદાજિત ૧૩૩૦૦ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી, જેમાંથી અંદાજિત ૨૫૬૦ વિદ્યાર્થીઓ સફળ થયા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે સ્પીપામાંથી અંદાજિત ૨૫ અને સમગ્ર ગુજરાતમાંથી ૪૪ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

### ઇન્ટર્નશિપ સજ્જતા

●ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, ગાંધીનગરના તાલીમાર્થીઓ ઇન્ટર્નશિપ વિશે વધુ સજ્જ થાય તે હેતુથી ડૉ. ટી.એસ. જોશીના તજજ્ઞ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. જોશીએ ઇન્ટર્નશિપ શા માટે હોવી જોઈએ ? પ્રાયોગિક કાર્યનું મહત્ત્વ, શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ, પ્રવૃત્તિલક્ષી શિક્ષણ તથા વિવિધ પ્રકારની કાર્યકુશળતાનું મહત્ત્વ, અભ્યાસ માટેનું વાતાવરણ વગેરે વિશેની માહિતી ઊંડાણપૂર્વક આપી હતી. આ કાર્યક્રમમાં ડૉ. સંજય ગુપ્તા, ડૉ. જિજ્ઞાસાબેન જોશી, તેમજ અધ્યાપકો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમના પ્રારંભમાં ડૉ. દેવાંગ મહેતાએ મહેમાનશ્રીનો પરિચય કરાવ્યો હતો, જ્યારે ડૉ. કુસુમબેન યાદવે આભારવિધિ કરી હતી.

### એન.એસ.એસ.

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ, ગાંધીનગરના એન.એસ.એસ. યુનિટ દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહકારથી થેલેસેમિયા ચેક-અપ કેમ્પનું આયોજન તા. ૪/૧/૧૮ ના રોજ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે પ્રતિ વર્ષ પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સદર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે ૩૩૭ જેટલા વિદ્યાર્થીઓની થેલેસેમિયા તપાસ કરવામાં આવી હતી. તા. ૧૩/૧/૧૮ ના રોજ પક્ષી બચાવો અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ઉત્તરાયણ પર્વના દિવસે આકાશમાં ઉડતાં પક્ષીઓ પતંગની ઘાતક દોરીથી ગંભીર રીતે ઘાયલ થઈ મોતને ભેટતાં હોય છે, તેથી સ્વયંસેવકોએ વિવિધ વર્ગખંડોમાં જઈને વિદ્યાર્થીઓને ચાઈના દોરીનો ઉપયોગ ન કરવા તથા સવારે અને રાત્રે બે કલાક પતંગ ન ચગાવવા અનુરોધ કર્યો હતો, તેમજ પોતાની આસપાસના વિદ્યાર્થીઓ / નાગરિકોને આ બાબતથી જાગૃત કરે તેવી અપીલ કરી હતી. તા. ૨૮ જાન્યુઆરીના રોજ પોલિયો નાબુદી માટે હાથ ધરાયેલ રસીકરણ કાર્યક્રમમાં સ્વયંસેવકોએ ગાંધીનગરથી શરૂ કરી ગોજારીયા અને વિજાપુર સુધીના વિસ્તારમાં ૧૫૦૦ થી વધુ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવી ઉત્કૃષ્ટ કામગીરી કરી આ બધી સરાહનીય પ્રવૃત્તિઓનું આયોજન એન.એસ.એસ. કોઓર્ડિનેટર ડૉ. રણછોડ રથવીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## ગૌરવપૂર્ણ સિદ્ધિ

● ઉમા આર્ટસ ઍન્ડ નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરને યુ.જી.સી.ના એકમ NAAC દ્વારા મળેલ 'એ' ગ્રેડ સતત જાળવી રાખવા માટે તથા શિક્ષણ, સમાજ અને રાષ્ટ્રીય ક્ષેત્રે ઉત્તમોત્તમ પ્રદાન કરવા અંગે ગ્રાન્ટ ઈન એઈડ-નોન ટેકૂનિકલ કૉલેજ કેટેગરીમાં તા. ૨ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ તરફથી, ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે અવૉર્ડ તથા માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાના હસ્તે પ્રમાણપત્ર કૉલેજનાં આચાર્યા ડૉ. અમૃતાબહેન પટેલને એનાયત કરવામાં આવ્યાં. ઉલ્લેખનીય છે કે સમગ્ર ગુજરાતની ગ્રાન્ટ ઈન એઈડ નોન ટેકૂનિકલ કૉલેજોમાં આ અવૉર્ડ એક માત્ર આ કૉલેજને જ એનાયત કરવામાં આવ્યો છે. આ બહુમાન માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન માનનીય શ્રી વલ્લભભાઈ પટેલ તથા સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા કૉલેજ પરિવારને અભિનંદન પાઠવવામાં આવ્યાં.

## જીવન વિદ્યા પરિચય શિબિર

● વિશ્વવિદ્યાલય દ્વારા જીવન વિદ્યા પરિચય શિબિરનું આયોજન એલ.ડી.આર.પી. એન્ડ આઈ.ટી.આર.માં તા. ૨૩-૨૮ જાન્યુઆરી દરમિયાન કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્દ્‌ઘાટન યુનિવર્સિટીનાં ડાયરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં આ વિશિષ્ટ પ્રકારના શિબિરના મહત્ત્વ વિશે વાત કરી હતી. શિબિરના પ્રબોધક સુરેશ પટેલ દ્વારા રોજબરોજ ઉત્સાહપૂર્વક કેવી રીતે જીવી શકાય તેની સમજણ પોતાની જાતે જ ઊભી કરવાની તક, સમાજમાં માનવનું સ્થાન અને શી ભૂમિકા, માનવ સંવાદિતાપૂર્વક કેવી રીતે જીવી શકે - પરિવાર સાથે, સમાજ સાથે અને સમગ્ર અસ્તિત્વ સાથે - તેની સમજ કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે જીવનવિદ્યા અભ્યાસક્રમ આઈ.આઈ.ટી. દિલ્હી, કાનપુર, હૈદરાબાદ અને પંજાબ ટેકૂનિકલ યુનિવર્સિટીમાં ભણાવવામાં આવે છે. ગુજરાતમાં પ્રથમવાર આ વિશ્વવિદ્યાલય દ્વારા આ પ્રકારના શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનું આયોજન અને સંચાલન ડૉ. ધર્મેન્દ્ર પટેલ વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું.

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ, ગાંધીનગરમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન તા.૨૧ જાન્યુઆરીના રોજ સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટ, કુડાસણ ખાતે યોજવામાં આવતાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. પ્રારંભમાં આચાર્યા ર્ડા. વિજ્ઞા ઓઝાએ સ્વાગત પ્રવચન કરી સૌ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રથવીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આ સંમેલનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને એક મંચ ઉપર લાવી અને પારસ્પરિક સંવાદ સ્થાપવાનો છે. ડૉ. ધર્મેન્દ્ર પટેલે શિક્ષણ ક્ષેત્રે સર્વ વિદ્યાલયના યોગદાનની વાત કરી હતી અને મંડળ દ્વારા એક વર્ષ પછી યોજાનાર હીરક મહોત્સવમાં જોડાવા અને સંસ્થાને મદદરૂપ નીવડવા આહ્વાન કર્યું હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાનાં સંસ્મરણો તાજાં કરી કોલેજ અંગે પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા અને કોલેજની શૈક્ષણિક પ્રવૃત્તિઓને બિરદાવી હતી. વધુમાં આ પ્રસંગે સમાજમાં વિવિધ ક્ષેત્રે સ્થાયી થયેલા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## રક્તદાન શિબિર

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના સદ્‌ગત ચેરમેન શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબની ૮૯મી જન્મજયંતી નિમિત્તે તા. ૧ ફેબ્રુઆરીના રોજ કડી અને ગાંધીનગરનાં સર્વ વિદ્યાલયનાં પરિસરોમાં રેડક્રોસ સોસાયટી (અમદાવાદ)ના સહયોગથી રક્તદાન શિબિર યોજવામાં આવી હતી. જેમાં સર્વ વિદ્યાલય કેમ્પસના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ ૧૩૭૩ (૫૩૯ કડી કેમ્પસ અને ૮૩૪ ગાંધીનગર કેમ્પસ) બૉટલ બ્લડ એકત્રિત કરી રેડક્રોસમાં જમા કરાવી હતી. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૨થી સળંગ પ્રતિ વર્ષ પૂ. માણેકલાલ સાહેબની જન્મ જયંતીએ યોજાતી રક્તદાન શિબિરોમાં કુલ ૬૦૩૬ બૉટલોનું રકતદાન કરવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રીય કાર્યશિબિર

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન દ્વારા તા. ૧૯-૨૦ જાન્યુઆરી દરમ્યાન 'Emerging E-Application for Teachers' વિષય પર રાષ્ટ્રીય કાર્યશિબિર યોજવામાં આવ્યો. પ્રારંભમાં ડૉ. નેહાબેન જહા દ્વારા

મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ ડૉ. સંજયભાઈ ગુપ્તાએ કાર્યશિબિર વિશે જાણકારી આપી હતી. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત વિશ્વ વિદ્યાલયનાં ડાયરેક્ટર ડૉ. ગાર્ગીબેન રાજપરાએ એડવાન્સ ટેકનોલોજી અને ડિજિટલ શિક્ષણ વિશે વાત કરી હતી. તજજ્ઞ ટ્રેનર શ્રી જયેશભાઈએ સ્માર્ટબોર્ડની ઉપયોગિતા અને શિક્ષણમાં તેના ફાયદાઓ અને વિવિધ કાર્યો, ડૉ. અભિજિતસિંહ જાડેજાએ હેલ્ધી કમ્પ્યૂટીંગ અને ડૉ. શ્યામ ચાવડાએ શિક્ષણમાં બ્લોગની ઉપયોગિતા વિશે વિસ્તારથી સમજાવ્યું હતું. આ કાર્યશિબિરમાં રાજસ્થાન, ઔરંગાબાદ, પૂના, દિલ્હી, મહારાષ્ટ્ર, અને ગુજરાતની વિવિધ કૉલેજોમાંથી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશિબિરના સંયોજક ડૉ. હરિકૃષ્ણ પટેલ હતા.

### લેખ લખવાની કળા

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે તા. ૮ જાન્યુઆરીના રોજ લેખ લખવાની કળા ઉપર વ્યાખ્યાન અને સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ જાણીતા નાટ્યકાર અને કટારલેખક શ્રી કુંતલ નિમાવતનો પરિચય આપ્યો હતો. તજજ્ઞશ્રીએ લેખ એટલે શું ? લેખની લાક્ષણિકતાઓ, તેના પ્રકારો વગેરે અને લેખ કઈ રીતે લખી શકાય તેના વિશે ઊંડાણપૂર્વક સમજાવ્યું હતું. ત્યારબાદ વિવિધ શાળા / કૉલેજોમાંથી ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓએ જુદા જુદા લેખો લખ્યા હતા. આ કાર્યક્રમમાં એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનનાં એચ.ઓ.ડી. ડૉ. જિજ્ઞાસાબેન જોષી ઉપસ્થિત રહ્યાં હતાં.

### વિચારગોષ્ઠિ

● તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ વિશ્વગ્રામ પ્રેરિત 'વિચાર વર્તુળ' અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંયુકત ઉપક્રમે એસ. કે. પટેલ એમબીએ કૉલેજ, ગાંધીનગરમાં શ્રી દીપક તેરૈયાના સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે મારું, અમારું અને આપણું.... સાંપ્રત સમસ્યાઓ અને આપણી સામાજિક નિસબત' વિષય પર વ્યક્તિ પરિવર્તનથી સમાજ પરિવર્તનની ખૂબ જ અસરકારક રજૂઆત કરી હતી. ત્યારબાદ પ્રશ્નોત્તરી દરમિયાન અસરકારક સંવાદ આકાર પામ્યો હતો. આ કાર્યક્રમના સંયોજક તરીકે વિશ્વવિદ્યાલયના પરીક્ષા અધિકારી શ્રી સંજય સોનીએ સેવાઓ આપી હતી.

### શિક્ષણશાસ્ત્ર કાર્યશિબિર

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં માઈંડ મેપીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિષય નિષ્ણાત તરીકે ડૉ. રેણુ શેઠે વિવિધ વિષયોમાં માઈંડ મેપીંગ પદ્ધતિનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિશે સમજાવ્યું હતું.

### શૈક્ષણિક મુલાકાત

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજ તેમજ વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનની કૉલેજોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તા. ૩૦/૧૨/૧૭ના રોજ સાયન્સ સિટિની મુલાકાત લઈ ૨૫મા નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ ફેરમાં વિવિધ મોડેલોનું નિરીક્ષણ કરવા ઉપરાંત હોલ ઑફ સ્પેસ એન્ડ સાયન્સ, જુદા જુદા વૈજ્ઞાનિકો વિશેની માહિતી, ચિલ્ડ્રન એક્ટિવિટિ સેન્ટર, અણુ ઊર્જા, પ્રદર્શન ખંડ, લાઈફ સાયન્સ પાર્કમાં વિવિધ જીવોની જીવન શૈલી વગેરે વિશે માહિતી મેળવી હતી. આ ઉપરાંત તા.૨/૧/૨૦૧૮ના રોજ ગાંધીનગરમાં ઇન્ફલિબનેટની મુલાકાત લઈ શોધગંગા, ઈ-શોધ સિંધુ અને વિદ્યા મિત્ર વેબસાઈટની તથા ઈ-કન્ટેન્ટ, ઈ-બુક્સ, ડિજિટલ લાઇબ્રેરી ઑફ ઇન્ડિયા વગેરે વિશેની માહિતી મેળવી હતી. આ ઉપરાંત ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની મુલાકાત દરમિયાન સાયબર સિક્યુરિટિ, નેરો એનાલિસિસ, પોલોગ્રાફી, ઈ.ઈ.જી. લેબ, બ્રેઈન ફંકસનિંગ થિયરી, ન્યુરો ફીડબેક લેબ, બેલેસ્ટીક ટેસ્ટિંગ લેબ અને સાયબર ડિફેન્સ સેન્ટર વગેરે વિશે માહિતી મેળવી હતી.

### શ્રેષ્ઠ સંશોધન લેખ

● ભાભા નેશનલ રિસર્ચ એકેડેમી (યુનિટ ઑફ રામન સાયન્સ એન્ડ ટેકનોલોજી ફાઉન્ડેશન) દ્વારા ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ઈનોવેટિવ પ્રેક્ટિસ ઈન એજ્યુકેશન ઉપર મધ્યપ્રદેશની ધ એમરલ્ડ હાઈટ્સ ઇન્ટરનેશનલ સ્કૂલ, ઇન્દોરમાં તા. ૨૧-૨૨ ડિસેમ્બર દરમિયાન યોજાયેલ કોન્ફરન્સમાં આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજના એચ.ઓ.ડી. ડૉ.

કુસુમબેન યાદવે Leveraging the quality of education through technology rich innovative learning environment વિષય પર પેપર રજૂ કર્યું હતું, જેને બેસ્ટ રિસર્ચ પેપર તરીકેનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. અભિનંદન.

### સર્વ નેતૃત્વ-૩૨

● યુવા વિદ્યાર્થીઓનાં જીવનઘડતર અને ચારિત્ર્ય નિર્માણ હેતુ કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા 'સર્વ નેતૃત્વ-૩૨'મી તાલીમ શિબિર સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગઈ, જેમાં ગાંધીનગર અને કડી કેમ્પસની ૧૩ કૉલેજોના ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મોટિવેશનલ ટ્રેનર અને યોગાચાર્ય શ્રી જે. સી. પટેલે શિક્ષણ, કૌશલ્ય, સ્વાસ્થ્ય અને સંસ્કારની થીમ આધારિત વિવિધ વિષયો જેમકે ઈમોશનલ મૅનેજમેન્ટ, રિલેશનશિપ મૅનેજમેન્ટ, હેલ્થ મૅનેજમેન્ટ, ઇન્ટર પર્સોનલ સ્કીલ, સ્ટ્રેસ મૅનેજમેન્ટ, ટાઈમ મૅનેજમેન્ટ, માઈન્ડ પાવર વગેરે વિશે નેતૃત્વની તાલીમ આપી હતી. આ ઉપરાંત આમંત્રિત વક્તા Muscular Dystrophyથી પીડિત શ્રીમતી નિષ્ઠાબેન ઠાકરે યુથ એમ્પાવરમેન્ટ વિશે વાત કરી હતી. પૂર્વ તાલીમાર્થી રોનક કડિયા અને મનન પટેલ દ્વારા 'હેલ્ધી કેમ્પસ' અને 'રાઈટ ટૂ ફૂડ' પ્રોજેક્ટની રજૂઆત કરીને માનવ કલ્યાણના ભગીરથ કાર્યમાં જોડાવા આહ્વાન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન પૂર્વ તાલીમાર્થી સૂરજ મુંજાણીને 'આઈ કેન' પ્રોજેક્ટ પર ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મેમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. તાલીમના છેલ્લા દિવસે તાલીમાર્થીઓને મંથન અપંગ કન્યા સેવા સંકુલની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. સમાપન સમારંભમાં વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ડ શ્રી વલ્લભભાઈ પટેલે સેવાના મહત્ત્વ વિશે ઉદ્‌બોધન કરી શિબિરાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. શિબિરનું સંચાલન અને આયોજન ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને શ્રી હિતેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

● તા. ૨૫થી ૨૯ જાન્યુઆરી, ૨૦૧૮ દરમિયાન ૩૪મો સર્વ નેતૃત્વ નિવાસી તાલીમ શિબિરનું આયોજન સર્વ વિદ્યાલય, કડીના પરિસરમાં કરવામાં આવ્યું હતું, જેમાં ૧૫ કૉલેજોના ૬૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં ટ્રેનર તરીકે શ્રી દીપકભાઈ તેરૈયા અને શ્રી ઉમાબહેન તેરૈયાએ ગેમ્સ, શોર્ટ ફિલ્મ્સ, ગ્રૂપ વર્ક અને સ્ટ્રકચરલ પ્રશ્નાવલી દ્વારા નેતૃત્વનાં વિવિધ પાસાંઓને સાંકળી લઈને તાલીમ આપી હતી. તેમણે તાલીમાર્થીઓને આત્મનિરીક્ષણ કરી સ્વમૂલ્યાંકન દ્વારા પોતાની શક્તિને ઓળખી તેનો યોગ્ય ઉપયોગ કરવા, જીવનમાં માબાપનું યોગદાન, સામાજિક પ્રશ્નો અને તેનું નિરાકરણ, વિશ્વબંધુત્વનો ભાવ જગાડી કોમવાદ, જ્ઞાતિવાદ વગેરેથી ઉપર ઊઠવા, અને છેલ્લે જીવનમાં સફળ થવા પોતાના હૃદયને સાંભળી પુરુષાર્થ દ્વારા આગળ વધવા સમજણ પાડી હતી. શ્રી નિષ્ઠાબેન ઠાકર અને યોગાચાર્ય શ્રી જે. સી. પટેલે પોતાના જીવનસંઘર્ષની સાથેસાથે શિક્ષણ, સ્વાસ્થ્ય, સંસ્કાર અને દેશપ્રેમની વાતો કરી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. પ્રિ. ડૉ. કપિલ ત્રિવેદીએ શરીર અને મનને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા જીવનમાં યોગ, ધ્યાન અને કસરતનું મહત્ત્વ સમજાવ્યું હતું. તાલીમના છેલ્લા દિવસે શિબિરાર્થીઓને ચુંવાળ ગ્રામ વિકાસ ટ્રસ્ટ, બહુચરાજીની મુલાકાત કરાવી હતી. સમાપન સમારંભમાં વિશ્વવિદ્યાલયના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલે પ્રેરક ઉદ્‌બોધન કરી તાલીમાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. શિબિરનું સંચાલન ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું.

### સ્વામી વિવેકાનંદ જયંતી

● કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા તા. ૧૨ જાન્યુઆરીના રોજ આયોજિત સ્વામી વિવેકાનંદ જયંતી (રાષ્ટ્રીય યુવા દિવસ)ની ઉજવણીમાં ૨૫૦થી અધિક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્વાગત પ્રવચન કરતાં ડૉ. ધર્મેન્દ્ર પટેલે આજના યુવાનોને સફળ જીવન માટે વિવેકાનંદના પાંચ સિદ્ધાંતો, 'આત્મશ્રદ્ધા, આત્મજ્ઞાન, આત્મનિર્ભરતા, આત્મસંયમ અને આત્મત્યાગ'ને અનુસરવા જણાવ્યું હતું. આમંત્રિત વક્તા (અધ્યક્ષ, રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્ર ગાંધીનગર) શ્રી રજનીભાઈ ભટ્ટે 'આરોગ્ય સાધના, જ્ઞાન સાધના અને ધ્યાન સાધના' વિશે વિગતે સમજાવ્યું હતું. વધુમાં, તેમણે યુવાનોને જ્ઞાતિ - જાતિના ભેદભાવથી ઉપર ઊઠીને રાષ્ટ્ર-નિર્માણમાં સહભાગી થવાનો સંકલ્પ લેવડાવ્યો હતો.

## શાળા વિભાગ

### ઇન્દ્રોડા પાર્ક તથા ગૌશાળા

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગરનાં કન્યા છાત્રાલયોની ૮૨૩ વિદ્યાર્થિનીઓને તા. ૩૧/૧૨/૧૭ના રોજ ઇન્દ્રોડા પાર્કની મુલાકાતે લઈ જઈને તેમને ડાયનાસોરની ઉત્ક્રાંતિ દર્શાવતું પ્રદર્શન, સર્પગૃહ, પ્રાણીસંગ્રહાલય, હરણઉદ્યાન, ચિડિયાઘર, વ્હેલમાછલીનું હાડપિંજર વગેરેનું અવલોકન કરાવ્યું હતું. ત્યારબાદ વિવિધ રમતો, રાસગરબા વગેરેનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તા. ૭/૧/૧૮ના રોજ ૩૬૦ વિદ્યાર્થિનીઓને કડીમાં સ્થિત ગૌશાળાની અને કડી કેમ્પસની મુલાકાતે લઈ જવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓએ ઓડિટોરિયમ, સ્પોર્ટ્સ હૉલ, ટોય હાઉસ, ભાવકુંજ સ્કૂલ વિવિધ કૉલેજો તેમજ ગર્લ્સ, બોયઝ હૉસ્ટેલનું અવલોકન કર્યું હતું. ત્યારબાદ ગૌશાળાની મુલાકાત દરમ્યાન હોર્સ રાઈડિંગ, રાઇફલ શુટિંગ, ઇન્ડોર ગેમ્સ, આઉટડોર ગેમ્સ તથા મ્યુઝિક સિસ્ટમ દ્વારા વિદ્યાર્થિનીઓએ આનંદ માણ્યો હતો.

### ઊર્જા સંરક્ષણ જાગૃતિ

● ગુજરાત સરકારના ક્લાયમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી તથા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં 'ઊર્જા સંરક્ષણ જાગૃતિ' કાર્યક્રમનું આયોજન તા. ૧૭ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં ઊર્જાનું મહત્ત્વ, પરંપરાગત અને બિન પરંપરાગત ઊર્જાસ્રોત તેમજ વીજળી અને ઊર્જાના સ્રોતની બચત અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી વિદ્યાર્થીઓને સમજૂતી આપવામાં આવી હતી. આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા ઊર્જા અંગે તૈયાર કરવામાં આવેલી કામગીરી ઉપરની એક ફિલ્મ પણ દર્શાવવામાં આવી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઊર્જા અંગે કેટલી સમજ કેળવી તે અંગે 'ઊર્જા કવીઝ'નું આયોજન કરીને વિજેતા વિદ્યાર્થીઓને ઇનામો આપવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના ડૉ. અનિલભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

● એસ.જી.એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ તા.૧૧/૧૨/૧૭ના રોજ પોતાના પરિચિત તેમજ આસપાસનાં ઘરોમાં વીજળી બચાવવાનો સંદેશ ફેલાવવા પ્રયાસ કરતાં કુલ ૧૪૪૪૬ ઘરોના લોકોએ એક કલાક વીજળી વપરાશ બંધ કર્યો હતો. આ પ્રયત્ન થકી કુલ ૪૩૩૩.૮ યુનિટની બચત થઈ હતી. આ સાથે શાળામાં પણ એક કલાક વીજળીનાં ઉપકરણો બંધ રાખી વીજળીની બચત કરવામાં આવી હતી.

### એડવેન્ચર ઝોન

● તા. ૧/૧/૧૮ના રોજ ગાંધીનગર સ્થિત કડી કેમ્પસમાં ધોરણ ૧થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સ્વાસ્થ્ય અને તંદુરસ્તી જળવાઈ રહે તે માટે એડવેન્ચર ઝોન ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો. જેમાં જીકજેક, લોડરબ્રીજ, બર્માબ્રીજ, સ્કાયટનલ, નેટ ટ્રાવેલિંગ, હેન્ગીંગ બામ્બુ, કેબલ ટ્રાવેલિંગ, એકસટાઈપબ્રીજ, ટાયરબ્રીજ, ટાયરવોલ, ટાયર સ્ટેમ્સ, કમાન્ડો ટનલ, રોપ કલેમ્બીંગ, સ્ટ્રોંગ બેલેન્સ, હેગીંગ બાર જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે સાધનો મુકવામાં આવ્યા છે, જેનું ઉદઘાટન મોખાસણ નિવાસી દાતાશ્રી ચંદુભાઈ અને શ્રી બાબુભાઈ પટેલે કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ અને ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

### કલાપ્રદર્શન

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં બાળકો અને કલા શિક્ષકોનાં સંયુકત પ્રયાસથી તા. ૨૯/૧૨/૧૭ના રોજ કાપડ ઉપર ચિત્રકળા, રંગોળી અને હસ્તકલા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલે પ્રદર્શન ખુલ્લું મૂકી બાળકલાકારોને પ્રોત્સાહન પૂરું પાડી તેમના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

### ક્રિએટિવ ઝોન

● તા. ૧/૧/૧૮ના રોજ ક્રિએટિવ ઝોન, ગાંધીનગર પરિસરમાં બાલમંદિરનાં નાનાં ભૂલકાંઓ માટે સુવિધાજન્ય ટોયટ્રેનનું ઉદ્‌ઘાટન મોખાસણ નિવાસી દાતાશ્રી ચંદુભાઈ અને શ્રી બાબુભાઈ પટેલે કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ અને ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ટ્રેનમાં બાળકોએ જાતે જ ટિકિટ લઈને ટેનમાં મુસાફરી કરવાનો

અનુભવ કર્યો. ટ્રેનને ફુગ્ગાઓ તથા ફૂલોથી શણગારીને મ્યુઝિક સાથે ચલાવવામાં આવી હતી. આ ટ્રેન બાલમંદિર તથા ધોરણ ૧ અને ૨નાં બાળકોને કેમ્પસ પરિસરમાં બેસાડીને આનંદ કરાવશે. મંડળ સંચાલિત શાળાઓ સિવાયનાં બાળકોને શનિવાર અને રવિવારના દિવસોમાં સાંજે ૭:૦૦ થી ૯:૦૦ કલાક દરમ્યાન પરિસરના ગેટ નંબર-૧ થી ગેટ નંબર -૮ સુધી ફેરવવામાં આવશે.

### ગણિત દિવસ

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૨/૧૨/૧૭ના રોજ ગણિત દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ધોરણ-૮ના વિદ્યાર્થીઓને જુદા જુદા ગણિતશાત્રીઓ વિશે માહિતી આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ભારતના મહાન ગણિતશાત્રી શ્રીનિવાસ રામાનુજન (૨૨ ડિસેમ્બર, ૧૮૮૭ - ૨૬ એપ્રિલ, ૧૯૨૦)ની સ્મૃતિમાં ગણિત દિવસ આયોજિત કરવામાં આવે છે. આ પ્રસંગે બ્રહ્મગુપ્ત (૪૭૬-૫૫૦), ડી. ડી. કોસંબી (૧૯૦૭-૧૯૬૬), રાધાનાથ સિકંદર (૧૮૧૩-૧૯૦૪) અને શ્રીનિવાસ રામાનુજના જીવન, શિક્ષણ, કારકિર્દી અને ગણિતશાત્રમાં તેમના પ્રદાન વિશે માહિતી શાળાના સુપરવાઈઝર શ્રી અશોકભાઈ પટેલ દ્વારા આપવામાં આવી હતી.

### ગણિત પ્રદર્શન

● તા. ૨૭/૧૧/૧૭ના રોજ ક્રિએટિવ ઝોન, ગાંધીનગરમાં ગણિત પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું, જેમાં ગણિતના સિદ્ધાંતોને પ્રાયોગિક રીતે સમજાવી શકાય તે માટે જુદા-જુદા મોડલો, પ્રોજેકટ, બેનરો તેમજ પઝલો દ્વારા રજૂ કરવામાં આવતાં સંસ્થાની તમામ પ્રાથમિક શાળાઓના સાયન્સ શિક્ષકો તેમજ બી.એડ.ના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી.

### ગણિત મંત્ર-૨૦૧૮

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા 'મેથ મંત્રા ૨૦૧૮' નામક વાર્ષિક ગાણિતિક કિવઝ સ્પર્ધાનું હાઈટેક પ્રોગ્રામ સ્વરૂપે આયોજન શેઠ ખીમજી વિસરામ સંસ્કાર ભવનમાં તા. ૩ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ કરવામાં આવતાં ૧૪ શાળાઓના ૧૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેનું કલ્પનાકરણ (Conceptualization) વૈદિક મેથ વિભાગનાં શ્રીમતી પરિધિ ત્રિવેદી-પરીખ દ્વારા કરવામાં આવ્યું હતું. આ અન્વયે ધો-૬થી ૯ના વિદ્યાર્થીઓ માટે અલગ અલગ ક્રમમાં ગણિત-વિષયક અલગ અલગ પ્રકારના સરળથી અઘરા પ્રશ્નોની સુનિયોજિત ગૂંથણી કરવામાં આવી હતી, જેમાં ધો-૬, ૭, અને ૮ માં એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, ગાંધીનગર અને ધો-૯ માં વિવિધલક્ષી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીની ટીમો પ્રથમ ક્રમે અને દ્વિતીય ક્રમે ધો-૬માં શિવહરિ ઇંગ્લિશ મીડિયમ (કડી), ધો-૭ માં જે. બી. પ્રાથમિક શાળા, ધો-૮માં શિવહરિ ઇંગ્લિશ મીડિયમ (કડી) અને ધો-૯ માં દશુભાઈ એ. પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ (કડી)ની ટીમો વિજેતા થઈ હતી. આ અન્વયે દરેક ટીમના ટેબલ પર તેમ જ આ જ પ્રશ્નો મોટા સ્ક્રીન ઉપર પ્રેક્ષકો માટે પણ પ્રદર્શિત કરવામાં આવતા હતા. ક્વિઝના આયોજન માટે મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ તરફથી ભારે પ્રોત્સાહન સાંપડયું હતું. તેમણે કડી પરિસર કાર્યાલયમાંથી વિદ્યાર્થીઓને ઓન લાઈન થઈને લાઈવ સ્ક્રીન પર સંબોધન કર્યું હતું, તેમજ સમગ્ર કાર્યક્રમ પણ નિહાળ્યો હતો. હાઈ-ટેક આયોજન એમ.સી.એ. વિભાગના વડા ડૉ. એસ. એમ. શાહ અને તેમની ટીમના સહકારથી શકય બન્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ, અને પ્રિ. અજય ગોરે સ્થાન શોભાવ્યું હતું, તેમજ મંડળ સંચાલિત વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકો વગેરેની ઉપસ્થિતિ પ્રોત્સાહક રહી હતી. કાર્યક્રમના આયોજક અને ક્વિઝ-માસ્ટર તરીકે શ્રીમતી પરિધિ ત્રિવેદી-પરીખે સેવાઓ આપી હતી.

### ગણિત સ્પર્ધા

● તા. ૩૦/૧૨/૨૦૧૭ના રોજ ચેન્નઈ ખાતે યોજાયેલ અલોહા મેથ્સ સ્પર્ધામાં એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી દરજી મેઘવ એસ. (ધો.૭/ડી) રાષ્ટ્રીય સ્તરે બીજો નંબર પ્રાપ્ત કરીને વિજેતા થયો.

### ગીતા પ્રવચન

● તા. ૧૮/૧૨/૧૭ના રોજ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચમાધ્યમિક શાળા, ગાંધીનગરમાં 'ગીતાજયંતી' નિમિત્તે નિરમા કૉલેજનાં નીતિશાત્રનાં પ્રા. છવિબેનના પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ગીતા એ માત્ર હિંદુ ધર્મનું પુસ્તક

નહિ પરંતુ શ્રેષ્ઠ જીવન જીવવાનાં મૂલ્યો પણ દર્શાવે છે. વિદ્યાર્થિનીઓને અર્જુનની જેમ વિષાદ છોડી વીરતા દાખવીને અધર્મ પર વિજય પ્રાપ્ત કરી જીવનને સફળ બનાવવાની સલાહ આપી હતી. ઉ.મા. વિભાગનાં હંસાબહેને પણ સ્વાધ્યાયની વાત કરી હતી. આચાર્યા સુધાબહેને મહેમાનશ્રી અને ઉપસ્થિત સર્વેનો આભાર માનીને પ્રાર્થના દરમ્યાન રોજ ગીતાના એક શ્લોકનું ગાન કરવા અપીલ કરી હતી.

### ગ્રાહક સુરક્ષાદિન

● તા. ૨૩/૧૨/૧૭ના રોજ શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં ધોરણ ૭ના વિદ્યાર્થીઓ દ્વારા ગ્રાહક સુરક્ષાદિનની ઉજવણી અંતર્ગત 'જાગો ગ્રાહક જાગો' નાટક દ્વારા ગ્રાહકની જાગૃતિ તેમજ તેમના હકકો માટેની રજૂઆત કરવામાં આવી હતી. ગ્રાહકની ફરજ, બિલનું મહત્ત્વ, પેકીંગ તારીખ, વજન, ગુણવત્તાની ચકાસણી, એગમાર્ક હોલમાર્કનું મહત્ત્વ, તથા વેપારી કેવી રીતે છેતરે છે તે ઉદાહરણો દ્વારા નાટકીય ભાષામાં રજૂ કર્યું હતું. આ ઉપરાંત ડિજિટલ માર્કેટમાં ઉદ્‌ભવતા પ્રશ્નો અને વિવિધ પડકારો અંગે બાળકોને સમજૂતી આપવામાં આવી હતી.

### નાતાલ પર્વ

● શ્રીમતી કે. એ. પટેલ શિવ હરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ સ્કૂલ, કડીમાં તા. ૨૩/૧૨/૨૦૧૭ના રોજ નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ નૃત્યો, નાટક વગેરે રજૂ કર્યાં હતાં. ત્યાર બાદ શાન્તાકલોઝ સાથે વિદ્યાર્થીઓ ક્રિસમસનાં ગીતો પર ઝુમ્યા હતા.

● શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, (કડી), ગાંધીનગરની શ્રીમતી આર. એન. પ્રાથમિક શાળા, જે. બી. પ્રાથમિક શાળા અને એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલમાં નાતાલ પર્વની ઉજવણી તા. ૨૩ ડિસેમ્બરના રોજ કરવામાં આવી હતી. આ દિવસ નાનાં બાળકો શાન્તાકલોઝના પોશાકમાં સજ્જ થઈને આવ્યાં હતાં. આ પ્રસંગે નૃત્ય, કાવ્યગાન, વકતૃત્વ સ્પર્ધા, વાર્તાકથન વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

### નાટ્ય પ્રયોગ

● તા. ૬/૧/૧૮ નૈતિક દેસાઈ અભિનિત અને મૌલિકભાઈ દિગ્દર્શિત નાટક 'અનાથોના નાથ મનીનાથ' રજૂ કરવામાં આવ્યું. જેને ગાંધીનગર પરિસરમાં સ્થિત કન્યા છાત્રાલયોની ૮૦૦ થી વધુ વિદ્યાર્થિનીઓએ નિહાળ્યું હતું.

### નેશનલ કિક બોકિસંગ ફેડરેશન

● રાષ્ટ્રીય કિક બોક્સિંગ સ્પર્ધાનું આયોજન પટણા (બિહાર) માં તા. ૨૭ - ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ દરમિયાન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચમાધ્યમિક શાળા, ગાંધીનગરની ધોરણ - ૯/ઈની વિદ્યાર્થિની રાઠોડ નિશા રામજીભાઈએ ભાગ લીધો.

### પ્રજાસત્તાક પર્વ

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીમાં રાષ્ટ્રના ગૌરવ સમા ૬૯મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી તા. ૨૬ જાન્યુઆરીના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલના અધ્યક્ષપદે કરવામાં આવી, તેમજ તેમના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ શિક્ષણની સાથે સાથે સારા નાગરિક બનીને રાષ્ટ્રની સેવામાં સદાય તત્પર રહેવું જોઈએ. સ્વચ્છતા અને વ્યસન મુક્તિ એક દિવસ માટે નહિ પરંતુ દરેકના જીવનમાં જીવનમંત્ર તરીકે વણાઈ જવો જોઈએ. ધ્વજવંદન બાદ વિદ્યાર્થીઓ દ્વારા તિરંગા કલરના ૧૦૦૦ ફુગ્ગા આકાશમાં છોડવામાં આવ્યા હતા. એન.સી.સી. અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા સલામી આપતી પરેડ યોજાઈ હતી. ત્યાર બાદ ભારતીય સંસ્કૃતિ અને સામાજિક સંદેશો આપતા ૨૦ સાંસ્કૃતિક કાર્યક્રમો શાળા / કૉલેજો દ્વારા યોજાયા હતા. આ ઉજવણીમાં ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, સમગ્ર સ્ટાફગણ, સંસ્થાના મંત્રીશ્રીઓ તથા સભ્યશ્રીઓ, વાલીશ્રીઓ વગેરે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને દેશ-વિદેશમાં નિહાળી શકાય તે માટે લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ સિદ્ધિ મેળવનાર શાળા / કૉલેજોના વિદ્યાર્થીઓનું રોકડ અને ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સંસ્થાની પ્રવૃત્તિઓના કોઓર્ડિનેટર ડૉ. ભાવિનભાઈ પંડ્યા અને શ્રી રાજકુમાર વર્મા દ્વારા

કરવામાં આવ્યું હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખા સંચાલિત શાળા-કૉલેજોના સંયુક્ત ઉપક્રમે સેકટર-૨૩ના કડી કેમ્પસમાં આર. જી. પટેલ હાઈસ્કૂલના મેદાનમાં ૬૯મા પ્રજાસત્તાક દિનની ઉજવણીના સમારોહનું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ ના અધ્યક્ષપદે ૨૬ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજના દાતાશ્રી દશરથભાઈ રામદાસ પટેલ મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા, જેમના વરદહસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ડૉ. કનુભાઈ પટેલે સૌને સાચા અને સારા નાગરિક બનવાની પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આજે અત્ર-તત્ર ગંદકી, પાણીનો બગાડ, વૃક્ષછેદન વગેરે જોવા મળે છે જે અટકાવવું જોઈએ. સરહદ ઉપર સિપાહીઓ દ્વારા કરવામાં આવતી કામગીરી એ એક માત્ર દેશભક્તિનું કાર્ય નથી, પરંતુ રાષ્ટ્રહિતના પ્રત્યેક કાર્યમાં દેશભક્તિ સંનિહિત છે. આપણી પ્રાપ્ત ફરજનું નિષ્ઠાપૂર્વક પાલન એ પણ દેશભક્તિ જ છે. આજના દિવસે આપણે પ્રણ લેવું જોઈએ કે હું મારી ફરજ પ્રામાણિકતાથી નિભાવીશ. વધુમાં, તેમણે ઉદાહરણસ્વરૂપે જણાવ્યું કે વિયેટનામની પ્રજાએ અમેરિકા જેવી મહાસત્તા સાથે લાંબો સંઘર્ષ વેઠીને વિજય મેળવ્યો હતો ત્યારે તત્કાલીન રાષ્ટ્રપ્રમુખે પત્રકાર પરિષદમાં પોતાના વિજયનું રહસ્યોદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે અમે આ યુદ્ધની પ્રેરણા ભારતના મહારાણા પ્રતાપ પાસેથી મેળવી હતી. વિયેટનામના વિદેશમંત્રી જ્યારે ભારત-યાત્રાએ આવ્યા હતા ત્યારે તેમણે મહારાણા પ્રતાપના સમાધિ સ્થળની મુલાકાત લઈ ત્યાંથી એક મૂઠી માટી પોતાના દેશમાં લઈ ગયા હતા. કોઈ પત્રકારે આ સંદર્ભે કારણ પૂછ્યું તો વિદેશમંત્રીએ પ્રત્યુત્તરમાં કહ્યું હતું કે આ માટી હું મારા દેશની માટી સાથે ભેળવી દઈશ કે જે અમારો પ્રાણસંચાર કરી સતત પ્રેરણા આપતી રહેશે. આવી ઉદાત્ત ભાવના આપણા સૌમાં હોવી જરૂરી છે. આ પ્રસંગે ગાંધીનગર શાખાના ઉપપ્રમુખ અને વીપીએમપી પોલિટેક્નિક કૉલેજના દાતાશ્રી શ્રી વિષ્ણુભાઈ પી. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મંડળ સંચાલિત ૧૨ જેટલી શાળા / કૉલેજોએ ભાગ લઈ દેશની ભાતીગળ સંસ્કૃતિ, દેશભક્તિ ગીત, પરેડ ડ્રીલ, સ્વચ્છતા સંદેશ જેવાં સમૂહ નૃત્ય ઇત્યાદિ વિશે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતાં. કાર્યક્રમનું સંચાલન શેઠ સી. એમ. હાઈસ્કૂલ અને અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ પરિવારના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વ વિદ્યાલયના કુલસચિવશ્રી, ડીનશ્રીઓ, શાળા / કૉલેજોના પ્રિન્સિપાલશ્રીઓ, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ / વાલીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ચેતનાબેન બુચ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ભારતીય સંસ્કૃતિ

● ગાયત્રી પરિવાર, શાન્તિકુંજ, હરિદ્વાર દ્વારા તા. ૨૩/૧૨/૧૭ના રોજ લેવાયેલ 'ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા'માં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચમાધ્યમિક શાળા, ગાંધીનગરની ધો. ૧૧/જી (વિજ્ઞાનપ્રવાહ)ની વિદ્યાર્થિની કુ. ચોસલા કિંજલ પૂનમભાઈએ પ્રથમ નંબર મેળવી રાજ્ય કક્ષાની પરીક્ષા માટે પસંદગી પામી.

### યોગ શિબિર

● તા. ૧૬થી ૨૨/૧૨/૨૦૧૭ દરમ્યાન યોગ શિબિરનું આયોજન ગાંધીનગર સ્થિત દિવ્યજીવન સંઘ શિવાનંદ આશ્રમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ઋષિકેશથી પધારેલા સ્વામી ધર્મનિષ્ઠાનંદજી, દિવ્યજીવન સંઘ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કિરીટભાઈ પટેલ, મંત્રીશ્રી રમેશભાઈ ભાટિયા, શોભાબેન વગેરેએ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચમાધ્યમિક શાળા, ગાંધીનગરના ધોરણ ૯ અને ૧૧ની ૨૫૦ જેટલી વિદ્યાર્થિનીઓને પ્રાણાયામ, સૂર્યનમસ્કાર, યોગાસન, કપાલભારતી વગેરે આસન - યોગ શીખવાડી તેનું મહત્ત્વ સમજાવ્યું હતું.

### રમતગમત

● ભોપાલ ખાતે રાષ્ટ્રીય કક્ષાની હુપકોન્ડો સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કુલ ૧૭ રાજ્યોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં શ્રીમતી કે. એ. પટેલ શિવ હરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ સ્કૂલ, કડીના લોઢ સંજય, મકસાણા કુમકુમ, ભટ્ટ હેલી તથા સિંઘ પ્રિતેષે

રાષ્ટ્રીય સ્તરે ત્રીજો નંબર પ્રાપ્ત કરી એક સિલ્વર તથા બે બ્રોન્ઝ મેડલ મેળવ્યા.

● એસ. જી. એસ. વી. ઇંગ્લિશ મીડિયમની પ્રાઈમરી સ્કૂલ, ગાંધીનગરનો વાર્ષિક રમતોત્સવ તા. ૩૦/૧૨/૧૭ના રોજ મહાત્મા ગાંધી વિદ્યાલય, સેકટર-૧૬ના મેદાન ખાતે ઊજવવામાં આવ્યો હતો. જેમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા ખેલાડીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ સાથે પ્રમાણપત્ર અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના પ્રારંભે મુખ્ય મહેમાન ગુજરાતની પ્રથમ એથ્લેટિક વિજેતા સોનલ વસોયા, સર્વ વિદ્યાલયના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, શ્રીમતી દીનાબેન, શ્રી દીપાલીબેન અને આચાર્યા શ્રીમતી મિલીબેને દીપ પ્રાગટ્ય કર્યું હતું.

● તા. ૩૦-૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ દિલ્હી ખાતે યોજાયેલ ફૂટબૉલ સ્પર્ધામાં એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થી પરમાર ક્રિશ આર. (ધો-૮/ઈ) એ રાષ્ટ્રીય સ્તરે જુનિયર કેટેગરીમાં ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો. અભિનંદન.

### વાર્ષિકોત્સવ

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગરની સરકારી માધ્યમિક શાળાઓ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, મહાત્મા ગાંધી વિદ્યાલય, અને ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલય (પાલજ)નો દ્વિતીય વાર્ષિકોત્સવ તથા તેજસ્વી તારલાઓને સન્માનવાનો/ ઇનામ વિતરણનો કાર્યક્રમ તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ યોજવામાં આવ્યો હતો. પૂ. છગનભા, પૂ. દાસકાકા, પૂ. દિવાળીબા અને પૂ. માણેકલાલ પટેલ સાહેબની સ્મૃતિમાં અપાતા અવૉર્ડ અને ઇનામથી ઉપરોક્ત શાળાઓના કુલ ૩૫ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. વાર્ષિકોત્સવ નિમિત્તે બેટી બચાવો અભિયાન અને સ્વચ્છ ભારત અભિયાન થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્વાગતગીત-નૃત્ય, નાટક-અભિનય ગીત, મોનો એક્ટિંગ-બ્રેક ડાન્સ વગેરે કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે મંડળના પ્રમુખ શ્રી ડૉ. કનુભાઈ પટેલ, ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, દાતાશ્રીઓ શ્રી ચંદુભાઈ પટેલ, શ્રી વી.પી.પટેલ, શ્રી નટુભાઈ પટેલ તથા કેમ્પસ ડાયરેકટર શ્રી સોમભાઈ પટેલ, અને કો-ઓર્ડિનેટર શ્રીમતી કૌશલ્યાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ શાળાઓના કાર્યક્રમનું સંયોજન અને સંકલન સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેકટર-૭નાં ઇન્ચાર્જ આચાર્ય શ્રીમતી વી. ડી. બુટાણીએ કર્યું હતું.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરનો ઇનામવિતરણ તથા વાર્ષિકોત્સવ સમારંભ તા. ૪/૧/૧૮ના રોજ શેઠ ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવનમાં યોજાઈ ગયો. આ સમારંભમાં અધ્યક્ષશ્રી તરીકે શ્રી અરવિંદભાઈ ટી. પટેલ (પૂ. મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય) તથા મુખ્ય મહેમાનશ્રી તરીકે શ્રી વિજયભાઈ પટેલ (એડિશનલ એસ.પી., ગાંધીનગર જિલ્લો) તથા અતિથિવિશેષ પદે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને માહિતી તથા પ્રસારણ વિભાગનાં નાયબ સેકશન અધિકારીશ્રી ડૉ. માલા કાપડિયા ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત ભગિની સંસ્થાઓના આચાર્યાશ્રીઓ તથા વાલીમિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે પ્રત્યેક ધોરણમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર ૮ વિદ્યાર્થિનીઓ તથા દરેક વર્ગ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર ૨૭ વિદ્યાર્થિનીઓને કુલ રા. ૩૫,૭૧૦/- મેરિટ સ્કોલરશિપ એનાયત કરવામાં આવી, તેમજ રાષ્ટ્રીય તથા રાજ્ય કક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થનારને પણ પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે 'ભાઈ-બહેનના હેત' થીમ આધારિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે અંગ્રેજી નાટક, રક્ષાબંધન, સબસે બડા ડાન્સ, એક મીઠો સંબંધ (નૃત્ય નાટિકા) વગેરે રજૂ કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્યાશ્રી નીરૂબેન પટેલે સ્વાગત પ્રવચનમાં મહેમાનશ્રીઓને આવકાર આપ્યો હતો. અધ્યક્ષશ્રી અરવિંદભાઈ પટેલે વિદ્યાર્થિનીઓના જીવનમાં માતા-પિતાનું મહત્ત્વ સમજાવ્યું હતું. શ્રી વિજયભાઈ પટેલ અને ડૉ. માલાબેને પ્રસંગોચિત ઉદ્‌બોધનો કર્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન મદદનીશ શિક્ષક શ્રી ચંદ્રકાંતભાઈ પટેલે કર્યું હતું.

### વિદ્યાર્થી વિનિમય

● બાળકો અન્ય શાળાના વાતાવરણથી પરિચિત થાય તે હેતુથી એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા, ગાંધીનગર અને શિવહરિ અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, કડીના ૧૦-૧૦ વિદ્યાર્થીઓને અરસપરસની શાળામાં તા. ૨૫ થી ૩૦ જાન્યુઆરીના

સમયગાળા માટે મોકલવામાં આવ્યા હતા. આ દરમ્યાન આ બધા વિદ્યાર્થીઓએ અભ્યાસની સાથે સાથે વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા ઉપરાંત આસપાસનાં સ્થળોની મુલાકાત પણ લીધી હતી.

### શૈક્ષણિક પ્રવાસ

● તા. ૨૭/૧૨/૨૦૧૭ના રોજ શ્રીમતી કે. એ. પટેલ શિવ હરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ સ્કૂલ, કડીના વિદ્યાર્થીઓ માટે કચ્છ પ્રવાસનું આયોજન કરવામાં આવતાં ૧૬૪ વિદ્યાર્થીઓ તથા ૬ શિક્ષકો માંડવી, અંબેધામ, અંજાર, ભુજ તથા સફેદ રણનો પ્રવાસ કર્યો હતો.

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચમાધ્યમિક શાળા, ગાંધીનગરમાં તા. ૫થી ૧૦ જાન્યુઆરીના સમયગાળાનાં ધો-૯થી ૧૨ની વિદ્યાર્થિઓના કચ્છ, ભુજ, અંજાર, માંડવી વગેરે સ્થળોનો બે-બે દિવસોનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ પ્રવાસમાં ભુજમાં સ્થિત પ્રાગમલ મહેલ, આયના મહેલ, મ્યુઝિયમ, વિજય વિલાસ પેલેસ, ભુજડી, રણોત્સવ (સફેદરણ), સ્વામીનારાયણ મંદિર, અંબેધામ મંદિર, માંડવી બીચ વગેરે મુખ્ય આકર્ષણો રહ્યાં હતાં. આ ઉપરાંત કચ્છનું હસ્તકલા, ભરતગૂંથણ, ગૃહઉદ્યોગ, સફેદરણની વિશિષ્ટતા, પ્રવાસન નિગમ દ્વારા વિકસાવેલ દરેક સ્થળોની વિશિષ્ટતા, કચ્છનો આર્થિક વિકાસ વગેરે અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. આ પ્રવાસ ઉપરાંત સાપુતારાના પ્રવાસનું પણ આ સમય દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું.

### સાહિત્યપર્વ

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરની ધોરણ ૫થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે સાહિત્ય પર્વની ઉજવણી નિમિત્તે બાળસાહિત્યકાર નટવર હેડાઉ તથા શ્રી ફિલિપ કલાર્કને આમંત્રિત કરવામાં આવ્યા હતા, જેમણે બાળવાર્તાઓ, બહાદુરીની વાર્તાઓ, બાળગીતો, ઉખાણાં, બાળગરબા વગેરે દ્વારા બાળસાહિત્ય વિશે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું આયોજન મદદનીશ શિક્ષિકા શ્રી ગીતાબેન પટેલ તથા ચેતનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### સ્કાઉટ-ગાઇડ

● ગાંધીનગર જિલ્લાની સ્કાઉટ-ગાઇડ રેલી અભિનવ પ્રાથમિક શાળા, પડુસ્મા તા. માણસામાં તા. ૧૧-૧૨ જાન્યુઆરી, ૨૦૧૮ના દિવસોમાં યોજાઈ હતી, જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચમાધ્યમિક શાળા, ગાંધીનગરની ૧૩ વિદ્યાર્થિનીઓ અને ગાઇડ મંજુલાબેન ચૌધરીએ ભાગ લીધો હતો. આ રેલીમાં સાંસ્કૃતિક અને ટેન્ટ સજાવટમાં પ્રથમ - પ્રથમ નંબર, તેમજ ગાંડોની સ્પર્ધામાં ઝાલા જાનકી પી. (ધો-૯/ડી) તૃતીય નંબરે અને અવલોકન સ્પર્ધામાં મહેરિયા મમતા હિંમતલાલે (ધો-૯/એ) તૃતીય નંબર પ્રાપ્ત કર્યો.

### વ્યસનમુક્તિ નાટક

● તા. ૩૦/૧/૨૦૧૮ રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે શ્રી જે. બી. પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ દાંડી કુટિરની મુલાકાત લઈ ગાંધીજીના જીવન વિશે રસપ્રદ માહિતી મેળવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ વ્યસનમુક્તિ, સત્ય, અહિંસા અને સ્વચ્છતાનાં મૂલ્યોને મહત્ત્વ આપતું શેરી નાટક દાંડી કુટિરમાં રજૂ કરી સમાજમાં વ્યસનમુક્તિનો સંદેશ પહોંચાડ્યો હતો. આ નાટક દાંડી કુટિરમાં ઉપસ્થિત ગાંધીનગરની વિવિધ શાળાઓનાં બાળકોએ તથા અન્ય મુલાકાતીઓએ નિહાળ્યું હતું,

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૮, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૮, સળંગ અંક : ૪૩**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**





સદ્ગત ચેરમેન માણેકલાલ એમ. પટેલસાહેબની પુણ્યતિથિ નિમિત્તે આયોજિત રક્તદાન શિબિરનાં બે દૃશ્યો.





ટ્રોય ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી રહેલા દાતા શ્રી ચંદુભાઈ પટેલ, શ્રી બાબુભાઈ પટેલ વગેરે મહાનુભાવો.



એડવેન્ચર ઝોનનું એક દૃશ્ય.



ગણિત ક્વીઝ સ્પર્ધાનું એક દ્રશ્ય



ગણિત ક્વીઝ સ્પર્ધા પ્રસંગે ઉપસ્થિત પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ વગેરે મહાનુભાવો.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 8, Issue No. 1 January-February 2018**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરનાં પ્રિન્સિપાલ ડૉ. અમૃતા પટેલને યુ.જી.સી. ના એકમ NAAC દ્વારા મળેલ 'A' ગ્રેડ સતત જાળવી રાખવા તથા શિક્ષણ, સમાજ અને રાષ્ટ્રીય ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરવા બદલ અવૉર્ડ એનાયત કરી રહ્યા છે તે પ્રસંગની તસવીર.

